અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

08 MARCH-2026 SUNDAY | Vol. : 17 | Issue : 244 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  રશિયન ઓઈલ ખરીદી પર ભારતને 30 દિવસની છૂટ : કેન્દ્ર પર ભડકેલી કોંગ્રેસે કહ્યું- ક્યાં સુધી ચાલશે અમેરિકી બ્લેકમેલ

4  હનુમાનજી લંકિની ને માથે મુષ્ટિકા પ્રહાર કરીને કયો અને કેવો સત્સંગ કરાવે છે?

6  જાહ્નવી કપૂર ઉઘાડા પગે 3,550 સીડીઓ ચઢી મંદિર પહોંચી : જન્મદિવસે ભગવાન વેંકટેશ્વરના આશીર્વાદ લીધા

7  ઘરેલુ સિલિન્ડરના ભાવમાં 60 રૂપિયાનો વધારો : ઈરાન યુદ્ધથી રાંધણ ગેસની અછતની શક્યતા; સરકારે LPG ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો


### બંનેના એક જ રોલ નંબર, એક યુપી તો બીજી બિહારની; QR સ્કેન કરતા નીકળી ગડબડ

# UPSC રિઝલ્ટમાં મોટો વિવાદ : 301 રેન્ક પર બે 'આકાંક્ષા'નો દાવો

## બિહારની આકાંક્ષા સિંહ રણવીર સેનાના બ્રહ્મેશ્વર સિંહ ઉર્ફે મુખિયાની પૌત્રી છે.

**બિહાર, તા.7**

UPSC સિવિલ સર્વિસ પરીક્ષાના પરિણામ 2025માં એક જ રેન્ક પર બે ઉમેદવારોએ દાવો કર્યો છે. UPSC દ્વારા જાહેર કરાયેલી મેરિટ લિસ્ટમાં AIR 301 પર આકાંક્ષા સિંહ છે, જેમનો રોલ નંબર 0856794 છે. આ પસંદગી પર બિહાર અને યુપીમાંથી 2 અલગ-અલગ વિદ્યાર્થિનીઓએ દાવો કર્યો છે. આ બંને ઉમેદવારોનું નામ આકાંક્ષા સિંહ છે.

**બિહારની આકાંક્ષાના એડમિટ કાર્ડમાં ગડબડ**

આ મામલાની તપાસ માટે બંને ઉમેદવારોના એડમિટ કાર્ડ તપાસ્યા. યુપીના ગાઝીપુરની આકાંક્ષાના ઈન્ટરવ્યુ કોલ લેટર પર નોંધાયેલ રોલ નંબર 0856794 છે. આ એડમિટ કાર્ડ પર દેખાતા QRને સ્કેન કરવા પર પણ આ જ રોલ નંબર દેખાય છે.

જ્યારે બિહારના આરાની આકાંક્ષા સિંહે ભાસ્કરને પોતાનું પ્રિલિમ્સ એડમિટ કાર્ડ ઉપલબ્ધ કરાવ્યું. જોકે, તેના પર પણ રોલ





નંબર 0856794 જ લખેલો દેખાય છે. પરંતુ QR સ્કેન કરવા પર રોલ નંબર 085659 દેખાય છે.

આવી સ્થિતિમાં, કાં તો UPSC દ્વારા એડમિટ કાર્ડ જારી કરવામાં કોઈ ગડબડ થઈ છે, અથવા તો બિહારની આકાંક્ષાના એડમિટ કાર્ડ સાથે ચેડાં કરવામાં આવ્યા છે. આ મામલે હજુ સુધી UPSC તરફથી કોઈ સ્પષ્ટતા આવી નથી.

**યુપીની આકાંક્ષાએ કહ્યું- હવે કોઈ મૂંઝવણ નથી**

યુપીની આકાંક્ષાએ પટના AIIMSમાંથી MBBS, MSનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ UPSCની તૈયારીમાં લાગી ગઈ. આ તેમનો બીજો પ્રયાસ હતો. ઉત્તર પ્રદેશના ગાઝીપુરના રણજીત સિંહની દીકરી આકાંક્ષાએ ભાસ્કરને જણાવ્યું કે તેણે 0856794 રોલ નંબરથી ઓગસ્ટ 2025માં મેન્સ અને 4 ફેબ્રુઆરી 2026ના રોજ ઈન્ટરવ્યુ આપ્યો હતો.

તેમણે કહ્યું- મને સ્પષ્ટ છે કે આ પરિણામ મારું છે, તમે મારા એડમિટ કાર્ડ પર નોંધાયેલા કોડ અથવા રોલ નંબરથી તપાસ કરી શકો છો. UPSCની સાઈટ પર કોઈ શંકા નથી. મીડિયામાં ખોટી માહિતી ફેલાઈ છે. આખો મામલો સ્પષ્ટ થઈ ગયો છે કે આ પરિણામ મારું છે. આરાની રહેવાસી આકાંક્ષાને લાગે છે કે પરિણામ તેનું છે તો સામે આવીને આ વાતનું ખંડન કરે અને પુરાવા સાથે બતાવે. મને ખબર નથી કે આરાની આકાંક્ષાએ કયા આધારે પરિણામ જોયું છે.

મેં આ જ રોલ નંબરથી મેઈન્સ સહિત ત્રણેય ટેસ્ટ આપ્યા છે. મારા પિતા દર વખતે મને પરીક્ષા અપાવે છે. જ્યારે મેં ફોર્મ ભર્યું હતું ત્યારે મને આ રોલ નંબર મળ્યો હતો.

**બિહારની આકાંક્ષા સિંહ રણવીર સેનાના બ્રહ્મેશ્વર સિંહ ઉર્ફે મુખિયાની પૌત્રી છે.**

બિહારની આકાંક્ષા ભોજપુર જિલ્લાના અગિઆંવ પ્રખંડના ખોપીરા ગામની રહેવાસી છે. જોકે, તેમનો પરિવાર આરા શહેરના કતીરા મોહલ્લામાં રહે છે. આકાંક્ષાનું પ્રારંભિક શિક્ષણ આરાની કેથોલિક મિશન સ્કૂલમાંથી થયું. તેમણે વર્ષ 2017માં મેટ્રિકની પરીક્ષા આપી અને 80 ટકા માર્ક્સ મેળવ્યા.

વર્ષ 2019માં ઈન્ટરમીડિયેટ (વિજ્ઞાન)ની પરીક્ષામાં 81 ટકા માર્ક્સ મેળવ્યા. આગળનો અભ્યાસ ચાલુ રાખીને વર્ષ 2022માં અંગ્રેજીમાં ગ્રેજ્યુએશન કર્યું, જેમાં 64 ટકા માર્ક્સ સાથે તે પ્રથમ આવી. વાતચીતમાં આકાંક્ષાએ જણાવ્યું- મારું જીવન ખૂબ જ સાદું રહ્યું છે અને મેં મર્યાદિત સંસાધનો વચ્ચે રહીને સખત મહેનત અને લગનથી આ મુકામ હાંસલ કર્યો છે. મારા પિતા કુમાર ઈન્દુ ભૂષણ સિંહ ખેડૂત છે અને માતા રિંકુ દેવી ગૃહિણી છે.

**બિહારની આકાંક્ષા રણવીર સેનાના બ્રહ્મેશ્વર મુખિયાની પૌત્રી**

આકાંક્ષા સિંહ બિહારના રણવીર સેનાવાળા બ્રહ્મેશ્વર સિંહ ઉર્ફે મુખિયાની પૌત્રી છે. ભોજપુર જિલ્લાના ખોપીરા ગામમાં રામબાલક સિંહના ઘરે 13 માર્ચ 1947ના રોજ જન્મેલા બ્રહ્મેશ્વર સિંહ બિહારમાં જાતિગત લડાઈનો જાણીતો ચહેરો હતા. વર્ષ 1960માં પંચાયતી રાજ આવ્યું ત્યારે તેઓ સર્વસંમતિથી મુખિયા ચૂંટાઈ આવ્યા, 30 વર્ષ સુધી ખોપીરાના મુખિયા રહ્યા. તેમને મુખિયાનું ટાઈટલ મળ્યું, અને તેમની ઓળખ બ્રહ્મેશ્વર મુખિયા બની ગઈ.

# ઈરાનનો અમેરિકાની THAAD ડિફેન્સ સિસ્ટમ પર હુમલો : ₹22,000 કરોડની જોર્ડનવાળી સિસ્ટમ નષ્ટ

**ઈરાન, તા.7**

આજે અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો આઠમો દિવસ છે. ઈરાને છેલ્લા અઠવાડિયામાં સાઉદી અરેબિયા, UAE અને જોર્ડનમાં તહેનાત યુએસ ટર્મિનલ હાઈ અલ્ટીટ્યુડ એરિયા ડિફેન્સ (THAAD) સિસ્ટમને નિશાન બનાવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જોર્ડનના મુવફ્ફાક સાલ્ટી એર બેઝ પર THAAD રડાર સિસ્ટમ હુમલામાં નષ્ટ થઈ છે. આ રડાર THAAD સિસ્ટમનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને દુશ્મન બેલિસ્ટિક મિસાઈલોને શોધવા અને ટ્રેક કરી શકે છે. અમેરિકા પાસે ફક્ત 7-8 THAAD સિસ્ટમ છે, તેથી આ એક મોટું લશ્કરી નુકસાન માનવામાં આવે છે. એક THAAD સિસ્ટમની કિંમત 22,000 કરોડ સુધીની હોય છે.

**ઈરાનનું યુદ્ધ જહાજ ભારતમાં રોકાયું છે**

ઈરાની યુદ્ધ જહાજ, IRIS Lavan, ભારતના કોચી બંદર પર રોકાયું છે. ANIએ સરકારી સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે 28 ફેબ્રુઆરીના રોજ ટેકનિકલ સમસ્યા બાદ ઈરાને ભારત પાસેથી મદદ માંગી હતી.

ભારતે 1 માર્ચના રોજ જહાજને કોચીમાં ડોક કરવાની મંજુરી આપી હતી અને તે 4 માર્ચના રોજ બંદર પર પહોંચ્યું હતું. જહાજના 183 ક્રૂ સભ્યો હાલમાં કોચીમાં ભારતીય નૌકાદળના મથકોમાં રોકાયા છે.

IRIS Lavanએ હાલમાં 15 થી 25 ફેબ્રુઆરી દરમિયાન ભારતમાં આયોજિત ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યૂ (IFR) 2026 અને મિલાન 2026 નૌકાદળ અભ્યાસમાં ભાગ લીધો હતો.

આ દરમિયાન ઈરાનના રાષ્ટ્રપતિએ કહ્યું છે કે તેઓ હવે પડોશી દેશો પર હુમલો નહીં કરે. ઈરાનના રાષ્ટ્રપતિએ



હાલના દિવસોમાં પડોશી દેશો પર થયેલા હુમલાઓ બદલ માફી પણ માંગી છે. તેમણે કહ્યું કે ઈરાન પાડોશી દેશો સાથે તણાવ વધારવા માંગતું નથી અને ભવિષ્યમાં આવા હુમલાઓ ટાળવાનો પ્રયાસ કરશે. તેમણે વધુમાં કહ્યું હતું કે જો પડોશી દેશોની ધરતી પરથી હુમલો કરવામા આવશે તો હુમલાનો જવાબ આપવામાં આવશે. જોકે, આના થોડા સમય પછી, કતારની રાજધાની દોહામાં એક વિસ્ફોટ થયો હતો.

આ દરમિયાન, યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે શનિવારે ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતા કહ્યું કે આજે રાત્રે ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ હુમલાઓનો હેતુ ઈરાનના મિસાઈલ લોન્ચર્સ અને મિસાઈલ બનાવતી ફેક્ટરીઓને નોંધપાત્ર નુકસાન પહોંચાડવાનો છે, આ કાર્યવાહી ઈરાનની મિસાઈલ ક્ષમતાને નોંધપાત્ર રીતે નબળી પાડશે. શુક્રવારે મોડી રાત્રે ઈઝરાયલે તેહરાનના મેહરાબાદ એરપોર્ટ પર હવાઈ હુમલો કર્યો, જેના કારણે આગ અને ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા.

28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી ઈરાને ઈઝરાયલ સહીત મિડલ ઈસ્ટના 13 દેશોને નિશાન બનાવ્યા છે.

આ દરમિયાન દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈરાને મિસાઈલ હુમલો કર્યો છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar24 મુજબ, દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કેટલાક વિમાનો આકાશમાં ચક્કર લગાવી રહ્યા છે, જ્યારે કેટલાકને અન્ય એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

આજે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિસ્ફોટ થયો હતો.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ઈઝરાયલને આશરે $151.8 મિલિયનના શસ્ત્રો અને લશ્કરી સહાયને મંજૂરી આપી છે. વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ઈમરજન્સીના કારણે આ લશ્કરી સાધનો તાત્કાલિક જરૂરી બન્યા હતા. ઈઝરાયેલી મીડિયા આઉટલેટ વિનીત અનુસાર, કટોકટી પેકેજમાં 12,000 BLU-110A/B બોમ્બ, લોજિસ્ટિકલ સહાય અને અન્ય સહાયક સેવાઓનો સમાવેશ થાય છે.

આ દરમિયાન સમાચાર છે કે રશિયા જંગ દરમિયાન ઈરાનને ગુપ્તચર મદદ આપી રહ્યું છે. મોસ્કોએ ઈરાનને મિડલ-ઈસ્ટમાં હાજર અમેરિકી યુદ્ધ જહાજો અને સૈન્ય વિમાનોના લોકેશન સાથે જોડાયેલી માહિતી પૂરી પાડી છે. વોશિંગ્ટન પોસ્ટ દ્વારા ત્રણ અમેરિકી અધિકારીઓના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે રશિયા ઈરાનને એવી ટાર્ગેટિંગ ઈન્ટેલિજન્સ આપી રહ્યું છે.

# કર્ણાટકમાં બાળકોના સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધની તૈયારી : પ્રસ્તાવ- 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના એકાઉન્ટ માટે માતાપિતાની પરવાનગી જરૂરી

**કર્ણાટક, તા.7**

કર્ણાટક સરકારે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે 2026-27ના રાજ્ય બજેટ ભાષણ દરમિયાન તેની જાહેરાત કરી. બજેટ દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે, 'બાળકોમાં મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, જેનાથી તેમના પર નકારાત્મક અસર પડી રહી છે.' જોકે, આ માત્ર નીતિની જાહેરાત છે. તેને લાગુ કરવા માટે રાજ્ય સરકાર નિયમો બનાવશે, જેમાં ઉંમરની તપાસ અને સોશિયલ મીડિયા કંપનીઓ માટે નિયમોનું પાલન કરવાની વ્યવસ્થા નક્કી કરવામાં આવશે.

આ પ્રસ્તાવ દેશના ડેટા સુરક્ષા કાયદા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ 2023 અને પર્સનલ ડેટા પ્રોટેક્શન રૂલ્સ 2025 સાથે પણ જોડાયેલો છે. આ કાયદા અનુસાર કોઈ બાળકના ખાનગી ડેટાનો ઉપયોગ કરતા પહેલા તેના માતા-પિતા અથવા કાનૂની



વાલીની પરવાનગી લેવી જરૂરી છે. સાથે જ એ પણ તપાસ કરવી પડશે કે પરવાનગી આપનાર વ્યક્તિ પુખ્ત છે. આ માટે સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ઓળખ પ્રણાલી અથવા ડિજિટલ લોકર જેવી સેવાઓનો ઉપયોગ કરી શકાય છે.

**સરકાર શાળા-કોલેજોમાં નશા પર રોક લગાવવાનો પ્રયાસ કરશે**

બજેટ ભાષણમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય, વ્યક્તિત્વ અને ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સરકારે શૈક્ષણિક સંસ્થાઓમાં નશાની સમસ્યા રોકવા માટે પણ પગલાં લેવાની વાત કરી છે. આ માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, કડક શિસ્ત લાગુ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓ માટે સહાયતા અને કાઉન્સેલિંગ કેન્દ્રો બનાવવામાં આવશે.

**આંધ્ર પ્રદેશ સરકાર પણ કડકાઈની તૈયારીમાં**

શુક્રવારે આંધ્ર પ્રદેશ વિધાનસભામાં બોલતા CM એન ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે અમને 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાનો સુઝાવ મળ્યો છે. ચોક્કસપણે અમે સુનિશ્ચિત કરીશું કે આગામી 90 દિવસમાં 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સોશિયલ મીડિયાનો એક્સેસ ન મળે. હાલમાં આ અંગે ચર્ચા ચાલી રહી છે કે તે 13 વર્ષ હોય કે 16 વર્ષ, જો બધા આના પર સહમત થશે, તો અમે નક્કી કરીશું.

**DPDP એક્ટની 5 સૌથી મહત્વપૂર્ણ વાતો**

સહમતિ વિના ડેટા લઈ શકાશે નહીં: કોઈપણ કંપની કે એપ તમારો પર્સનલ ડેટા કલેક્ટ કરતા પહેલા સ્પષ્ટપણે જણાવશે કે તેનો શું ઉપયોગ થશે. તમારી પરવાનગી વિના તેઓ આ કરી શકશે નહીં. જો તમે નથી ઈચ્છતા, તો ડેટા શેર ન કરો- આ તમારો અધિકાર છે.

# વ્યાજખોર નિવૃત્ત PSIના ત્રાસથી ગૃહવિભાગના પૂર્વ સેક્શન અધિકારીનો આપઘાત : 10 લાખની સામે દોઢ કરોડની ઉઘરાણી, પુત્રનું અપહરણ કરીને મિલકત પચાવી; બે પેજની સુસાઇડ નોટ મળી

**ગાંધીનગર, તા.07**

પાટનગર ગાંધીનગરમાં વ્યાજખોરીના રાક્ષસે વધુ એક હસતા-ખેલતા પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. ગૃહ વિભાગના નિવૃત સેક્શન ઓફિસર પ્રકાશભાઈ નાયકે અડાલજ કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં નિવૃત પોલીસ સબ ઈન્સ્પેક્ટર શૈલેષ બચુભાઈ નાયક સામે મરવા મજબૂર કરવાનો અને વ્યાજખોરીનો ગંભીર ગુનો સાંતેજ પોલીસ મથકે નોંધાયો છે. મૃતક પાસેથી મળી આવેલી બે પેજની સુસાઇડ નોટમાં ચોંકાવનારા ખુલાસા થયા છે કે, માત્ર 10 લાખ રૂપિયાના ધિરાણ સામે 90 લાખ વસૂલ્યા બાદ પણ વ્યાજખોર નિવૃત PSI દ્વારા વધુ દોઢ કરોડની માંગણી કરી માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. આટલું જ નહીં, વ્યાજખોર નિવૃત્ત પોલીસ અધિકારીએ ગૃહવિભાગના પૂર્વ સેક્શન અધિકારીના પુત્રનું અપહરણ કર્યું હતું અને ધાકધમકી આપી તેમની મિલકત પણ પચાવી




પાડી હતી.

**નિવૃત સેક્શન ઓફિસરે અડાલજ કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી**

ગાંધીનગરના સરગાસણની મેઘ મલ્હાર સોસાયટીમાં રહેતો 32 વર્ષીય જ્વાલિન પ્રકાશભાઈ નાયક સાબરમતી ગેસ લીમીટેડ ખાતે નોકરી કરે છે. જેના પિતા પ્રકાશભાઇ ભગવાનદાસ નાયક આશરે પાંચેક વર્ષ અગાઉ ગુજરાત રાજ્યના ગૃહવિભાગમાં સેક્શન ઓફિસર તરીકે વી.આર.એસ. લઇ નિવૃત થયા હતાં. જેઓએ સેક્ટર 4સી પ્લોટ નંબર 779/1 માં પત્ની રચનાબેન સાથે રહેતા હતા.

**10 લાખ માસિક 10 ટકા વ્યાજે લીધા હતાં**

જ્યારે જ્વાલિન તેની પત્ની બોસ્કી સાથે સરગાસણ રહે છે. જે હાલ CAની પ્રેક્ટીશ કરે છે. આજથી એકાદ વર્ષ શેરબજારમાં રોકાણ કરવા રૂપિયાની જરૂરીયાત હોવાથી જ્વાલિને સમાજના રીટાયર્ડ PSI શૈલેષભાઈ બચુભાઈ નાયક (રહે. પ્લોટ નંબર 576/2, સેક્ટર 5/બી, ગાંધીનગર) પાસેથી રૂ.10 લાખ માસિક 10 ટકા વ્યાજે લીધા હતાં.

**દોઢ કરોડની પઠાણી ઉઘરાણી**

જોકે રુપિયા આપ્યાના વીસેક દિવસમાં જ નિવૃત PSI નાયકે વ્યાજ અને પેનલ્ટીના બહાને પૈસાની કડક ઉઘરાણી શરૂ કરી હતી. જે પેટે આજદીન સુધી જ્વાલિને નિવૃત PSIને ટુકડે ટુકડે 90 લાખ ચૂકવ્યા હતા. તેમ છતાં નિવૃત પીએસઆઈએ હજુ દોઢ કરોડ બાકી નીકળે છે તેમ કહી ધમકાવવાનું શરૂ કરી જ્વાલિનનો પાસપોર્ટ પણ પડાવી લીધો હતો.

**પુત્રનું અપહરણ કરીને મિલકત પચાવી પાડી**

આટલું ઓછું હોય એમ નિવૃત પીએસઆઈ નાયકે જ્વાલિનને ગાડીમાં બેસાડીને સેક્ટર 4માં નોટરી પાસે લઈ જઇ સરગાસણના ફ્લેટનો કબ્જા સાથેના બાનાખત કરાવી લીધો હતો. જેમાં પત્નીની સહી પણ જ્વાલિન પાસે કરાવી હતી. આટલેથી નહીં અટકેલા શૈલેષ નાયકે 28 જાન્યુઆરી 2026 ના રોજ 90 લાખનો ચેક બેંકમાં ભરીને નોટિસ મોકલી આપી હતી.

**પૈસા બાબતે ગર્ભિત ધમકીઓ આપી**

આખરે દિન પ્રતિદિન નિવૃત પીએસઆઇ નાયકનો ત્રાસ વધી જતા જ્વાલીને સઘળી હકીકત પોતાના પિતા પ્રકાશભાઈને કરી હતી. ત્યારે 19 ફેબ્રુઆરીએ શૈલેષ નાયક પ્રકાશભાઈને પોતાની સાથે સેકટર 4 ખાતે લઈ ગયો હતો. અને પૈસા બાબતે ગર્ભિત ધમકીઓ આપી હતી. જેના ચારેક દિવસ પછી 23 ફેબ્રુઆરીએ જ્વાલિન પાટણ ગયો હતો .

**એક્ટીવા અડાલજ કેનાલ પાસેથી મળ્યું**

એ વખતે સાડા ચારેક વાગે તેની પત્નીએ ફોન કરી જાણ કરેલી કે , પપ્પાનું એક્ટીવા અડાલજ કેનાલ પાસેથી મળ્યું છે પણ તેઓ ફોન ઉપાડતા નથી. જેના પગલે જ્વાલિન પરત ગાંધીનગર આવી ગયો હતો. અને તેને જાણવા મળેલું કે, તેના પિતા તેની માતાને સરગાસણ ઉતારીને આવું છું કહી ઘરેથી નીકળી ગયા હતા.

ગૃહ વિભાગના નિવૃત સેક્શન ઓફિસર પ્રકાશભાઈ નાયકે કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી. ગૃહ વિભાગના નિવૃત સેક્શન ઓફિસર પ્રકાશભાઈ નાયકે કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી.




# ગુજરાતમાં AAPનો મોટો દાવ, તમામ સીટો પર ઉમેદવારો ઉતારશે : સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ જામશે, આજે રાત્રે કેજરીવાલ આવશે; કાલે ગાંધીનગરમાં સભા

ગાંધીનગર, તા.07

ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટી (AAP)એ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાની સત્તાવાર ઘોષણા કરી છે. AAP તમામ સીટો પર પોતાના ઉમેદવારો ઉતારશે. તો બીજી તરફ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ બે દિવસ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

આજે રાત્રે લગભગ 8:30 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે અને 8 માર્ચે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે યોજાનારી 'પરિવર્તન લાવો, ખેડૂત બચાવો' યાત્રાના સમાપન પ્રસંગે કેજરીવાલ વિશાળ જનસભાને સંબોધિત કરશે.

**10 માર્ચથી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ: મનોજ સોરઠીયા**

પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, AAP તમામ સીટો પર મજબૂત ઉમેદવારો ઉતારવાની તૈયારીમાં છે અને 10 માર્ચથી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં પાર્ટીના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ તેમજ સમર્થકોને પણ ભાગ લેવાની તક આપવામાં આવશે.

**'20 માર્ચ બાદ તમામ સીટો પર મજબૂત દાવેદારો ઉતારશે'**



મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે, જે લોકો ઉમેદવારી કરવા માગતા હોય તેમને જિલ્લા સ્તરે યોજાનારી સ્ક્રૂટીની પ્રક્રિયામાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે અને AAP રાજ્યમાં એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી રહી છે. 20 માર્ચ બાદ તમામ સીટો પર પાર્ટી પોતાના મજબૂત દાવેદારો ઉતારશે.

**અરવિંદ કેજરીવાલ બે દિવસ ગુજરાત પ્રવાસે**

તો બીજી તરફ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આજે રાત્રે લગભગ 8:30 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. બે દિવસના ગુજરાત પ્રવાસની શરૂઆત કરશે. પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, 8 માર્ચે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે યોજાનારી 'પરિવર્તન લાવો, ખેડૂત બચાવો' યાત્રાના સમાપન પ્રસંગે કેજરીવાલ વિશાળ જનસભાને સંબોધિત કરશે અને ખેડૂતોના મુદ્દે અવાજ ઉઠાવશે.

**9 માર્ચે સુરતમાં ક્ષેત્રીય બૂથ કાર્યકર્તા સંમેલન**

ઈસુદાન ગઢવી અને પ્રવીણ રામની આગેવાનીમાં ચાલી રહેલી આ યાત્રાને ગામે ગામથી ખેડૂતોનું સમર્થન મળ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ જનસભામાં ગુજરાતભરના ખેડૂતો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજરી આપશે તેવી શક્યતા છે. આ ઉપરાંત 9 માર્ચે સુરત ખાતે કેજરીવાલની હાજરીમાં ક્ષેત્રીય બૂથ કાર્યકર્તા સંમેલન પણ યોજાશે, જેમાં અંદાજે 20થી 25 હજાર જેટલા બૂથ લેવલના કાર્યકર્તાઓ ભાગ લેશે.

## રાજકોટ DDOનો તાલુકા વિકાસ અધિકારીને પત્ર, અરજદારોને સરપંચ મહિલા-સદસ્યના બદલે પતિ સાંભળતા હોવાની ફરિયાદો

રાજકોટ, તા.07

ગુજરાત પંચાયત અધિનિયમ-1993માં 2014માં થયેલા સુધારા અન્વયે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે અનામતની ટકાવારી 33%થી વધારીને 50% કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ મહિલાઓનું સશક્તિકરણ અને વહીવટમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. જોકે, રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકની ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા મહિલા સરપંચ અને સદસ્યોના સ્થાને



તેમના પતિ હાજર રહેતા હોવાનું ધ્યાને આવતા રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પરિપત્ર કરવામાં આવ્યો છે કે, હવે પત્નીના બદલે પતિ પંચાયતની સભાની બેઠકમાં હાજર નહીં રહી શકે. તેમના નામે વહિવટી કરતા જણાશે તો તલાટી કમ મંત્રી સામે શિસ્તભંગના પગલા લેવામાં આવશે.રાજકોટ DDO જય ગોસ્વામીએ જણાવ્યું હતું કે, અરજદારો તરફથી ફરિયાદ મળતી હતી કે ગ્રામ્ય કક્ષાએ મહિલા પ્રતિનિધિઓના બદલે તેમના પતિ સાંભળે છે અને તેને કારણે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એક જનરલ પરિપત્ર કરવામાં આવ્યો છે કે પંચાયત કક્ષાએ સરપંચ અને સદસ્ય તરીકે મહિલાઓની નિમણૂક કરવામાં આવી છે તે મહિલાઓ હાજર રહે. હવે પંચાયતની કોઈ સભા કે બેઠકમાં મહિલા પ્રતિનિધિના બદલે તેમના પતિ હાજર રહી નહીં શકે.

## રાજકોટના ઢોંગી બાબા સતીષ ધામીએ 19 લાખની ક્રેટા અને આઇફોન ખરીદ્યો, આરોપી જેલ હવાલે



રાજકોટ, તા.07

રાજકોટના ગુંદાવાડી વિસ્તારમાં રહેતા ઢોંગી બાબા સતીષ ધામીએ અમદાવાદના વેપારીનું દુઃખ દર્દ દૂર કરવા બહાને ઓસ્ટ્રેલિયા રહેતા વેપારી પુત્ર પાસેથી 24 લાખ પડાવી લીધા બાદ જો વધારે રૂપીયા નહીં આપો તો માતાજી કોપાયમાન થશે તેમ ધમકી આપી છેતરપિંડી આચરતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપી સતીષ ધામીની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપીએ છેતરપિંડીના પૈસામાંથી 19 લાખની ક્રેટા, એક લાખનો આઈફોન ખરીદ કર્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ 12.40 લાખનો મુદામાલ કબ્જે કરી તેનું બેંક એકાઉન્ટ સીઝ કર્યું છે. હાલ આરોપીને રિમાન્ડ ન મળતા જેલહવાલે કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર ACP ભાવેશ જાધવએ જણાવ્યું હતું કે, ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જજીસ બંગલા રોડ પર રહેતાં જયંતિલાલ ભુરાજી પરમાર (ઉ.વ.55)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સતીષ રામજી ધામીનું નામ આપતા છેતરપિંડીના ગુના હેઠળ આરોપી ધરપકડ કરવામાં આવી છે. આરોપીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તેને દુઃખ દર્દ દૂર કરવા બહાને ફરિયાદી પાસેથી મેળવેલ 24.23 લાખ રૂપિયામાંથી 19 લાખ રૂપિયાની ક્રેટા કાર ખરીદ કરી હતી અને એક લાખ રૂપિયાનો આઈફોન ખરીદ કર્યો હતો. પોલીસ 12 લાખની ક્રેટા અને 40,000નો મોબાઈલ મળી 12.40 લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીનું બેંક એકાઉન્ટ સીઝ કરવામાં આવ્યું છે.

**સાબરમતી બન્યો અમદાવાદનો નવો રેલવે ગેટવે**

## આધુનિક ડિઝાઇન, ટ્રાફિક મેનેજમેન્ટ ને મુસાફરોની સુવિધા; ઉ.ભારત તરફ જતી ટ્રેનો અહીંથી જ ઊપડે-ઊભી રહે છે

અમદાવાદ, તા.07

અમદાવાદ શહેરનું અને સમગ્ર ગુજરાતનું સૌથી જૂનું, સૌથી મોટું અને સૌથી વધુ મુસાફરોની અવરજવર ધરાવતું કાલુપુર રેલવે સ્ટેશન હાલ રિડેવલપમેન્ટના કામ હેઠળ છે. કાલુપુર સ્ટેશનને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ સાથે આધુનિક બનાવવાના હેતુથી ચાલી રહેલા આ વિકાસકામના પગલે અનેક મહત્ત્વપૂર્ણ ટ્રેનોને અસ્થાયી રીતે સાબરમતી રેલવે સ્ટેશન પરથી ચલાવવામાં આવી રહી છે. ખાસ કરીને દિલ્હી અને ઉત્તર ભારત તરફ જતી મોટા ભાગની ટ્રેનો હવે સાબરમતી રેલવે સ્ટેશન પરથી જ ઊપડે છે અને અહીં જ પહોંચે છે. આ બદલાવ સાથે સાબરમતી રેલવે સ્ટેશનને પણ સંપૂર્ણપણે નવેસરથી વિકસાવવામાં આવ્યું છે. આધુનિક ડિઝાઈન, સારુંએવું ટ્રાફિક મેનેજમેન્ટ અને મુસાફરોની



સુવિધાને ધ્યાનમાં રાખીને અહીં ઘણીબધી નવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ તમામ નવી સુવિધાઓ અને વ્યવસ્થાઓને નજીકથી જાણવા માટે દિવ્ય ભાસ્કરની ટીમ સાબરમતી રેલવે સ્ટેશન પર પહોંચી હતી. સાબરમતી રેલવે સ્ટેશનનો નવો એન્ટ્રી ગેટ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના એન્ટ્રી અને એક્ઝિટ વિસ્તારની બાજુમાં બનાવવામાં આવ્યો છે. અહીં પ્રવેશ કરતાં જ વિશાળ અને પહોળો રોડ જોવા મળે છે, જે એટલો વિશાળ છે કે એકસાથે ચાર વાહનો સરળતાથી પસાર થઈ શકે. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને મુસાફરોને સરળ પ્રવેશ મળી રહે એ માટે આ રોડને આગળ જઈને બે અલગ-અલગ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. આમાં એક રસ્તો ખાનગી વાહન લઈને આવતા મુસાફરો માટે રાખવામાં આવ્યો છે, જ્યારે બીજો રસ્તો ટેક્સી અને ઓટોરિક્ષા માટે રિઝર્વ રાખવામાં આવ્યો છે. રેલવે સ્ટેશનના પ્રવેશદ્વારની બાજુમાં જ ટેક્સી અને ઓટોરિક્ષા માટે પિકઅપ અને ડ્રોપ-ઓફ પોઈન્ટ રાખવામાં આવ્યો છે, જેથી મુસાફરોને ભારે સામાન સાથે લાંબું અંતર ન ચાલવું પડે અને સીધા જ સ્ટેશનમાં પ્રવેશ મળી રહે. સ્ટેશનની અંદર પ્રવેશતાં જ ડાબી બાજુએ ટિકિટ કાઉન્ટર અને આધુનિક એટીવીએમ મશીનો મૂકવામાં આવ્યાં છે, જ્યાં મુસાફરો સરળતાથી ટિકિટ મેળવી શકે છે. જ્યારે જમણી બાજુએ ઉપરના માળે જવા માટે લિફ્ટની સુવિધા ઉપલબ્ધ છે.

## ગાંધીજી ભણ્યા તે 187 વર્ષ જૂની શાળાને નવા રંગરૂપ : મેંગ્લોરી નળીયાની છત ઉનાળામાં ઠંડક આપશે

આણંદ, તા.07

રાજકોટની કોઠારીયા નાકા પાસે આવેલી કિશોરસિંહજી પ્રાથમિક શાળાનું 2.54 કરોડના ખર્ચે રિનોવેશન કરવામાં આવી રહ્યું છે. 187 વર્ષ જૂની આ જ સ્કૂલમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ધોરણ 3 અને 4નો અભ્યાસ કર્યો હતો.આ હેરિટેજ શાળાને હાલ નવા રંગરૂપ આપવામાં આવી રહ્યા છે. અહીં વિદ્યાર્થી મોહનદાસ ગાંધીની ધોરણ 4ની માર્કશીટ સહિતની યાદો સચવાયેલી છે. માર્ચ માસના અંત સુધીમાં આ કામ પણ પૂર્ણ થઈ જશે આ સ્કૂલની



વિશેષતા એ છે કે અહીં મેંગ્લોરી ટાઇલ્સ નળીયાથી છત તૈયાર કરવામાં આવી રહી છે. જેથી વિદ્યાર્થીઓને ઉનાળામાં ઓછી ગરમી અને શિયાળામાં ઠંડી ઓછી લાગશે. કિશોરસિંહજી પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલ શૈલેષભાઈ સોનીએ જણાવ્યું હતુ કે, હાલ આ સ્કૂલનું રિનોવેશન ચાલી રહ્યું હોવાથી અહીંના વિદ્યાર્થીઓ રામનાથપરામાં આવેલી સંત તુલસીદાસ પ્રાથમિક શાળા નંબર 16માં અભ્યાસ કરી રહ્યા છે.

## ગોંડલ ચોકથી કોઠારીયા તરફ જતી પાઈપલાઈનનો વાલ્વ તૂટતાં રસ્તામાં નદી વહી

નડિયાદ, તા.07

રાજકોટ શહેરના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારમાં આવતા 5 વોર્ડમાં પાણીકાપ મુકવામાં આવ્યો છે, તો બીજી તરફ વહેલી સવારથી હજારો લીટર પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. ગોંડલ ચોકથી કોઠારીયા તરફ વિસ્તારમાં જતી પાઈપલાઈનના વાલ્વમાં ભંગાણ થતા હજારો લીટર પાણી રસ્તા પર વેડફાય ગયું છે, જેના કારણે રસ્તા પર પાણી ફરી વળતા ચોમાસાની ઋતુમાં વહેતા વરસાદી પાણી જેવા દશ્યો શિયાળાની ઋતુમાં જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે



કે, આજે રાજકોટના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારના વોર્ડ નંબર 8, 10, 11, 12 અને 13ના 150 જેટલા વિસ્તારોમાં પાણી કાપ મુકવામાં આવ્યો છે. આ પાણી કાપ પાછળ મનપા દ્વારા મવડી (પુનિતનગર) પમ્પિંગ સ્ટેશન ખાતે મરામત અને ટેકનિકલ કામગીરી કરવાનું કારણ આપવામાં આવ્યું છે.

## મસ્જિદમાં બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય:અમદાવાદમાં નમાજ માટે આવેલા યુવકે તકનો લાભ લઈ મસ્જિદના ધાબે લઈ જઈ બાળક સાથે કુકર્મ કર્યું

અમદાવાદ, તા.07

અમદાવાદના જમાલપુરમાં એક 8 વર્ષના માસૂમ બાળક સાથે યુવકે તકનો લાભ લઈને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું છે. મસ્જિદમાં નમાજ કરવા માટે આવેલા યુવકે બાળકને ધાબે લઈ જઈને બાળક સાથે કુકર્મ કર્યું હતું. બનાવ અંગે બાળકે તેના વાલીને જાણ કરી હતી. વાલીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. જમાલપુરમાં આવેલી મસ્જિદમાં નૌમાન શેખ નામનો યુવક નમાજ માટે આવ્યો હતો. આ દરમિયાન કેટલાંક બાળકો પણ મસ્જિદમાં આવ્યાં હતાં. નૌમાને આ દરમિયાન એક 8 વર્ષના બાળક સાથે વાતચીત કરી હતી, જે બાદ બાળકને લાલચ આપીને મસ્જિદના



ધાબે લઈ ગયો હતો. બાળકને ધાબે લઈ જઈને નૌમાને તકનો લાભ લઈને બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. એ બાદ બાળકને રવાના કરી દેતાં તે નીચે આવ્યું હતું. એ બાદ નૌમાન પણ નીચે આવ્યો હતો. બાળકે આ અંગે તેના વાલીને જાણ કરી હતી. એ બાદ વાલીએ ગાયકવાડ હવેલી પોલીસને જાણ કરી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપી નૌમાનની ધરપકડ કરી હતી. નૌમાન બાળકને લઈને જતો અને પરત આવતો CCTV ફૂટેજમાં દેખાઈ રહ્યો છે. પોલીસે CCTV ફૂટેજ અને મેડિકલ રિપોર્ટના આધાર વધુ તપાસ હાથ ધરી છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના PI સી.વી.ગોસાઈએ જણાવ્યું હતું કે આરોપી બાળકને નમાજ શીખવાડવાનું કહીને ધાબે લઈ ગયો હતો. આરોપી 20 મિનિટ સુધી બાળકને લઈને ધાબે રહ્યો હતો. બાળક હાલ સારવાર હેઠળ છે અને તેની સ્થિતિ હાલ ગંભીર છે.

## 'નરેશ ગોયલના 500 કરોડમાં ફ્રોડમાં તમારું નામ છે':81 વર્ષીય ડિજિટલ એરેસ્ટ વૃદ્ધના 9.40 લાખ પડાવ્યા, વધુ પૈસા ટ્રાન્સફર કરવા જતા બેંક મેનેજરે અટકાવ્યા

અમદાવાદ, તા.07

અમદાવાદ શહેરમાં સિનિયર સિટીઝન અને વૃદ્ધ નાગરિકોને સાયબર ગઠિયાઓ ડિજિટલ એરેસ્ટ માટે સતત ટાર્ગેટ કરી રહ્યા છે. ત્યારે વધુ એક વૃદ્ધ ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા છે. વૃદ્ધને સાયબર ગઠિયાઓએ મની લોન્ડરીંગ કેસમાં નામ હોવાનું કહીને 9.40 લાખ રૂપિયા પડાવ્યા હતા. વૃદ્ધ બીજા 6 લાખ ટ્રાન્સફર કરવા ગયા ત્યારે બેંક મેનેજરે તેમને ટ્રાન્સફર કરતા અટકાવ્યા અને તેમની સાથે થયેલા ફ્રોડ અંગે જાણ કરી હતી. જેથી વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. સાયન્સ સિટી વિસ્તારમાં રહેતા 81 વર્ષીય વૃદ્ધ તેમના પત્ની સાથે નિવૃત્ત જીવન ગુજારે છે. વૃદ્ધને સંતાનમાં ત્રણ દીકરા છે. ત્રણેય વિદેશમાં રહે છે. 3 ફેબ્રુઆરીના રોજ વૃદ્ધને અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે જણાવ્યું હતું કે તેમના આધાર કાર્ડનો દુરુપયોગ થયો છે. જે બાદ વોટ્સએપ પર એક વીડિયો કોલ આવ્યો હતો. જેમાં વાતચીત કરનાર વ્યક્તિઓ પોતે મુંબઈ પોલીસથી બોલતા હોવાનું જણાવ્યું હતું અને કહ્યું હતું કે નરેશ ગોયલે કરેલા 500 કરોડમાં




ફ્રોડમાં તમારું નામ છે. તેની તપાસ CBI દ્વારા કરવામાં આવી રહી છે. આ એક સિક્રેટ છે જેથી તમે તમારા ફેમિલી અને બાળકોને જણાવશો નહીં. તમારું નામ મની લોન્ડરિંગ કેસમાં છે જેથી તમારી સામે એરેસ્ટ વૉરંટ ઈશ્યૂ કરેલું છે, પરંતુ તમે વૃદ્ધ છો જેથી તમને એરેસ્ટ કરવામાં નહીં આવે તમે તપાસમાં સહકાર આપજો. તમારી આસપાસ સિવિલ ડ્રેસમાં માણસો ફરે છે. તમે પૂછ્યા વગર ક્યાંય જશો નહીં અને પરમિશન વગર તમે વોકિંગ માટે પણ નહીં જઈ શકો.

## રાજકોટમાં નાથુરામ ગોડ્સેના નાટક શોનું આયોજન થતા વિવાદ : ગાંધીજીના હત્યારાને હીરો બનાવવાનો પ્રયાસ થતો હોવાનો કોંગ્રેસનો આક્ષેપ




નડિયાદ, તા.07

મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડ્સેના નાટક શોનું આજે રાજકોટમાં આયોજન થતા કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે. આ નાટકના માધ્યમથી ગાંધીજીના હત્યારાને હીરો બનાવવાનો પ્રયાસ કરાતો હોવાનો આક્ષેપ કરાયો છે. સાથે સવાલ પણ કર્યો છે કે, શું સરકાર આ પ્રકારના નાટકને મંજૂરી આપી રહી છે?

**રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે નાટકનું આયોજન**

રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે 'હું નાથુરામ ગોડ્સે' નાટકના શોનું આયોજન કરાતા કોંગ્રેસે વિરોધનો સૂર વ્યકત કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કહ્યું કે, ગાંધીના ગુજરાતમાં ગોડ્સેનો હીરો બનવા નહીં દઈએ. સાથે સવાલ કર્યો છે કે, ગુજરાતમાં જ ગાંધીજીના હત્યારાનું મહીમામંડન થાય તે કઈ રીતે ચલાવી શકાય? આ નાટક અગાઉ, સુરત, વડોદરા અને ભાવનગરમાં પણ યોજાઈ ચૂક્યું હોવાનો દાવો કરાયો છે. રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે 'હું નાથુરામ ગોડ્સે' નાટકના શોનું આયોજન કરાતા કોંગ્રેસે વિરોધનો સૂર વ્યકત કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કહ્યું કે, ગાંધીના ગુજરાતમાં ગોડ્સેનો હીરો બનવા નહીં દઈએ. સાથે સવાલ કર્યો છે કે, ગુજરાતમાં જ ગાંધીજીના હત્યારાનું મહીમામંડન થાય તે કઈ રીતે ચલાવી શકાય? આ નાટક અગાઉ, સુરત, વડોદરા અને ભાવનગરમાં પણ યોજાઈ ચૂક્યું હોવાનો દાવો કરાયો છે.

## 'દેવાયત ખવડ પ્રખ્યાત નહીં, કુખ્યાત અને માથાભારે છે':ફરિયાદ રદ કરવા અરજી કરતાં હાઈકોર્ટની ટિપ્પણી

દેવાયત, તા.07

દેવાયત ખવડે ગુજરાત હાઈકોર્ટમાં વિવિધ અરજીઓ દાખલ કરી છે. જે પૈકી તેની સામે ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અને તાલાલા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની પણ એક અરજી છે. આ સંદર્ભે ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની અરજી ફરિયાદી અને આરોપીની સહમતિથી થઈ છે. હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે દેવાયત ખવડ સામે કુલ 06 ગુના નોંધાયેલા છે. જેમાંથી 03 ગુનામાં તે નિર્દોષ છૂટ્યો છે અને બે ગુનામાં સમાધાન થયું છે. જ્યારે એક બાકી છે. હાઈકોર્ટે દેવાયત ખવડની ફરિયાદ રદ કરવાની અરજી સંદર્ભે તપાસ અધિકારીને રિપોર્ટ આપવા માટે હુકમ કર્યો હતો. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે અરજદાર પ્રખ્યાત નહીં, પરંતુ કુખ્યાત છે અને માથાભારે છે.



બીજી તરફ ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ સંદર્ભે તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આગોતરા જામીન આપ્યા હતા. જો કે તાલાલામાં તેણે એક વ્યક્તિ પર હુમલો કરતા, આ જામીન રદ કરવામાં આવ્યા હતા. આથી પોલીસ તેને કસ્ટડીમાં લે તે પહેલા હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે તેને 09 ફેબ્રુઆરી સુધીનું રક્ષણ આપ્યું છે. દેવાયત ખવડના આ કેસો ઉપર આગામી સમયમાં હાઈકોર્ટમાં વધુ સુનવણી યોજાશે. તાલાલામાં ધ્રુવરાજસિંહ પર હુમલો કર્યા બાદ દેવાયતને લોકઅપમાં પૂરવામાં આવ્યો હતો.

## અમદાવાદમાં નવા સ્લોટર હાઉસનો વિવાદ ને જૂનું બિલ્ડિંગ જર્જરિત : કર્મચારીઓ ફફડાટમાં નોકરી કરવા મજબૂર

અમદાવાદ, તા.07

દેશની ત્રીજા નંબરની અને ગુજરાતની સૌથી મોટી મહાનગરપાલિકા એટલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ઐતિહાસિક રૂપિયા 17018 કરોડનું ડ્રાફ્ટ બજેટ મ્યુ. કમિશનર બંછાનિધિ પાનીએ 4 ફેબ્રુઆરીના રોજ રજૂ કર્યું હતું. આ બજેટમાં જમાલપુર વિસ્તારમાં આવેલું સ્લોટર હાઉસ શહેરના છેવાડાના શાહવાડી-બહેરામપુરા ખાતે બનાવવાની જોવાઈ કરવામાં આવી હતી. રૂપિયા 32 કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ વાળા સ્લોટર હાઉસની જોગવાઈ કરતાં જ રાજકીય વિવાદ છંછેડાયો છે, ત્યારે દિવ્ય ભાસ્કરે જમાલપુરના સ્લોટર હાઉસનો ગ્રાઉન્ડ રિપોર્ટ કર્યો છે. જેમાં સ્લોટર હાઉસની હાલત અને કેવી રીતે ચલાવવામાં આવે છે એની તમામ જાણકારી મેળવી હતી. અમદાવાદ મ્યુ. કમિશનર દ્વારા ડ્રાફ્ટ બજેટમાં જૂનું સ્લોટર હાઉસ શિફ્ટ



કરીને શાહવાડી-બહેરામપુરા ખાતે અદ્યતન સુવિધાઓ સાથે નવું બનાવવાનું હતું. જોકે, ભાજપના ધારાસભ્યએ વિરોધ કરતા આ દરખાસ્તને પરત ખેંચવાની જાહેરાત કરાઈ હતી, ત્યારે હાલના સ્લોટર હાઉસની પરિસ્થિતિ અત્યંત ખરાબ હાલતમાં છે. જે જગ્યા પર સ્લોટર હાઉસ ચલાવનારા અધિકારીઓ અને કર્મચારીઓ બેસે છે એ બિલ્ડિંગ અત્યંત જર્જરીત થઈ ગઈ છે. આ સ્લોટર હાઉસને રિપેરિંગ અથવા રિનોવેશન કરવા માટે અવારનવાર રજૂઆતો કરવામાં આવી છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ સ્લોટર હાઉસ રિનોવેશન કરવામાં કોઈ રસ દાખવ્યો નહીં. સુત્રો મુજબ છેલ્લા 15 વર્ષથી આ સ્લોટર હાઉસ અત્યંત જર્જરિત અને ભયજનક હોવાથી રિનોવેશન અથવા રિપેરિંગ કરવાની જરૂરિયાત હોવા બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના ઉચ્ચ અધિકારીઓ અને એન્જિનિયરિંગ વિભાગને જાણ કરવામાં આવી હતી છતાં તેનું રિનોવેશન કરવામાં આવ્યું નથી. જેના કારણે અધિકારીઓ અને કર્મચારીઓને ભયના ઓથર હેઠળ નોકરી કરવી પડે છે. અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરથી 150 મીટર દૂર અને ગીતામંદિરથી 500 મીટરના અંતરે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્લોટર હાઉસ આવેલું છે. દિવ્ય ભાસ્કર અંગ્રેજો દ્વારા વર્ષ 1903 પશુઓના કતલ માટે બનાવવામાં આવેલા આ સ્લોટર હાઉસ ખાતે પહોંચ્યું હતું. કેન્દ્ર સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે સ્લોટર હાઉસ ચલાવવા માટેના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. GPMC એક્ટમાં પ્રકરણ 19 મુજબ AMCને સ્લોટર હાઉસ ચલાવવાની જોગવાઈ છે. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સ્લોટર હાઉસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. સ્લોટર હાઉસના ગેટમાં પ્રવેશ કરતાની સાથે જ સામેના ભાગે ત્રણ બિલ્ડિંગો આવેલી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# રશિયન ઓઈલ ખરીદી પર ભારતને 30 દિવસની છૂટ : કેન્દ્ર પર ભડકેલી કોંગ્રેસે કહ્યું- ક્યાં સુધી ચાલશે અમેરિકી બ્લેકમેલ

## કિંમતોમાં ઉછાળો : ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીના કારણે ગ્લોબલ માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડની કિંમતો વધી રહી છે

**યુએસ, તા.07**

ભારતને રશિયા પાસેથી ઓઈલ ખરીદવા માટે અમેરિકા દ્વારા જે 30 દિવસની છૂટની જાહેરાત કરવામાં આવી છે, તેના પર રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. કોંગ્રેસ પાર્ટીએ તેને ભારતની સાર્વભૌમત્વ પર હુમલો અને અમેરિકી બ્લેકમેલ ગણાવ્યો છે. કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવ્યો છે કે આખરે અમેરિકા આ રીતે આપણને ક્યાં સુધી બ્લેકમેલ કરતું રહેશે. અમેરિકાના નિવેદન પર કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો આ મામલે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં આ વિશે ગત સત્રનો વીડિયો શેર કર્યો છે. લોકસભામાં રાહુલ ગાંધીએ રશિયા પાસેથી ઓઈલ ખરીદી પર અમેરિકી હસ્તક્ષેપ પર સરકાર પર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે- શું અમેરિકા આપણને કહેશે કે આપણે રશિયા કે ઈરાન પાસેથી ઓઈલ ખરીદી શકીએ કે નહીં. આ અમેરિકા નક્કી કરશે, આપણા વડાપ્રધાન નહીં.



**વડાપ્રધાન મોદી પર દબાણ કરવામાં આવી રહ્યું છે - ખડગે**

ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ ગંભીર ખતરામાં છે, કારણ કે વડાપ્રધાન મોદી પર એપસ્ટીન ફાઈલ્સ અને અદાણી કેસને લઈને દબાણ કરવામાં આવી રહ્યું છે. અમેરિકા દ્વારા ભારતને રશિયન ઓઈલ ખરીદવા માટે 'મંજૂરી' આપવાની અને 30 દિવસની 'છૂટ' આપવાની ઘોષણા સ્પષ્ટપણે દર્શાવે છે કે મોદી સરકાર સતત રાજદ્વારી ક્ષેત્ર છોડી રહી છે. આ પ્રકારની ભાષા સામાન્ય રીતે પ્રતિબંધિત દેશો માટે ઉપયોગમાં લેવાય છે, ભારત જેવા દેશ માટે નહીં, જે વૈશ્વિક વ્યવસ્થામાં એક જવાબદાર અને સમાન ભાગીદાર રહ્યો છે. આ અમેરિકી બ્લેકમેલ ક્યાં સુધી ચાલશે: જયરામ કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે X પર હિન્દીમાં એક પોસ્ટ કરીને લખ્યું છે કે, 'ટ્રમ્પની નવી રમત, દિલ્હીના મિત્રને કહ્યું, પુતિન પાસેથી ઓઈલ લઈ શકો છો, આ અમેરિકી બ્લેકમેલ ક્યાં સુધી ચાલશે.' જ્યારે કોંગ્રેસ સાંસદ મનીષ તિવારીએ તો તેને દેશની સાર્વભૌમત્વ સાથે જોડી દીધું છે. તેમણે X પર અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટના નિવેદનના જવાબમાં લખ્યું- '30 દિવસની છૂટ આપવી, દબાણની દંભી ભાષા, નવ-સામ્રાજ્યવાદી અહંકારથી ભરેલું છે. શું આપણે બનાના રિપબ્લિક છીએ, કે જેને પોતાના માટે ઓઈલ ખરીદવા માટે અમેરિકી પરવાનગીની જરૂર છે? વળી, વધુ બોલતી સરકારની ચૂપકીદી કંઈક વધારે છે. શું તેને ખબર નથી કે સાર્વભૌમત્વનો અર્થ શું થાય છે?'

**અમેરિકા બોલ્યું-છૂટથી રશિયાને ફાયદો નહીં આ પહેલા**

અમેરિકી ટ્રેઝરી સેક્રેટરીએ X દ્વારા જાણકારી આપી હતી કે 'ભારતીય રિફાઈનરોને રશિયન ઓઈલ ખરીદવા માટે ટ્રેઝરી વિભાગ 30 દિવસ માટે અસ્થાયી છૂટછાટ આપે છે....આ ટૂંકા ગાળાના ઉપાયથી રશિયન સરકારને વધુ નાણાકીય ફાયદો નહીં મળે. અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બેસેન્ટે 6 માર્ચે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ઊર્જા એજન્ડા હેઠળ આ અસ્થાયી પગલું ભરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ભારત અમેરિકાનો એક મહત્વપૂર્ણ ભાગીદાર છે અને વૈશ્વિક બજારમાં ઓઈલના પુરવઠાને સ્થિર રાખવા માટે આ છૂટછાટ આપવામાં આવી છે. આ દરમિયાન બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત આજે 4% વધીને 89.18 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ છે. આ એપ્રિલ 2024 પછીનું તેનું ઉચ્ચતમ સ્તર છે.

**ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી ક્રૂડ ઓઈલની કિંમત વધી રહી છે**

મિડલ-ઈસ્ટમાં યુદ્ધના કારણે સ્થિતિ ઘણી ગંભીર બની ગઈ છે. ઈરાને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને બ્લોક કરી દીધું છે, જ્યાંથી દુનિયાનો 20% ઓઈલ સપ્લાય થાય છે. ઓઈલ ક્ષેત્રો પર હુમલા: છેલ્લા કેટલાક દિવસોમાં સાઉદી અરામકોની 'રાસ તનુરા' રિફાઈનરી અને ઈરાકના 'રુમૈલા' ઓઈલ ક્ષેત્ર જેવા મોટા કેન્દ્રો પર હુમલા થયા છે. કિંમતોમાં ઉછાળો: ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીના કારણે ગ્લોબલ માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડની કિંમતો વધી રહી છે. મિડલ-ઈસ્ટમાં યુદ્ધના કારણે સ્થિતિ ઘણી ગંભીર બની ગઈ છે. ઈરાને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને બ્લોક કરી દીધું છે, જ્યાંથી દુનિયાનો 20% ઓઈલ સપ્લાય થાય છે. ઓઈલ ક્ષેત્રો પર હુમલા: છેલ્લા કેટલાક દિવસોમાં સાઉદી અરામકોની 'રાસ તનુરા' રિફાઈનરી અને ઈરાકના 'રુમૈલા' ઓઈલ ક્ષેત્ર જેવા મોટા કેન્દ્રો પર હુમલા થયા છે. કિંમતોમાં ઉછાળો: ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીના કારણે ગ્લોબલ માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડની કિંમતો વધી રહી છે.

# નેપાળમાં ભારત વિરોધી નેતા કેપી ઓલીની હાર નિશ્ચિત : પોતાના જ ગઢમાં બાલેન શાહથી 40 હજાર મત પાછળ, RSPની ઐતિહાસિક જીત

## નેપાળમાં ચૂંટણી વ્યવસ્થા મિશ્ર ચૂંટણી વ્યવસ્થા પર આધારિત છે. એટલે કે અહીં બે રીતે સાંસદોની પસંદગી થાય છે.

**નેપાળ, તા.07**

નેપાળમાં સામાન્ય ચૂંટણી માટે મત ગણતરી ચાલી રહી છે. 165 બેઠકો માટે પ્રારંભિક વલણો આવી ગયા છે. રેપર અને કાઠમંડુના ભૂતપૂર્વ મેયર બાલેન શાહની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. RSP અત્યાર સુધીમાં 42 બેઠકો જીતી ચૂકી છે અને 78 બેઠકો પર આગળ છે. આ પાર્ટીની સ્થાપના માત્ર ચાર વર્ષ પહેલાં ભૂતપૂર્વ પત્રકાર રબી લામિછાને દ્વારા કરવામાં આવી હતી. ભૂતપૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી ઝાપા-5 મતવિસ્તારમાં બાલેન શાહથી 40,000 મતોથી પાછળ છે. તેમને માત્ર 15,409 મત મળ્યા છે, જ્યારે બાલેન શાહને 55,934 મત મળ્યા છે. ઓલીએ ઝાપા-5 મતવિસ્તારમાંથી 2017 અને 2022ની ચૂંટણી જીતી હતી. નેપાળમાં પક્ષોને મળેલા કુલ મતોની ટકાવારી અનુસાર 110 બેઠકો આપવામાં આવે છે. આમાં, મતદારો ઉમેદવારને નહીં પણ પક્ષને મત આપે છે. કોઈપણ પક્ષની સંસદીય બેઠકો તેને દેશભરમાં મળેલા મતોની ટકાવારી દ્વારા નક્કી થાય છે. બાલેન શાહની આરએસપી આમાં પણ આગળ છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આરએસપીને અત્યાર સુધીમાં 54.8 ટકા મત મળ્યા છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શન બાદ 5 માર્ચે યોજાયેલી ચૂંટણીમાં 58% લોકોએ મતદાન કર્યું હતું. મત ગણતરીમાં ત્રણથી ચાર



દિવસ લાગવાની ધારણા છે. ચૂંટણી પંચે જણાવ્યું છે કે 9 માર્ચ સુધીમાં ગણતરી પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવશે.

**નેપાળમાં 2 રીતે સાંસદોની ચૂંટણી**

નેપાળમાં ચૂંટણી વ્યવસ્થા મિશ્ર ચૂંટણી વ્યવસ્થા પર આધારિત છે. એટલે કે અહીં બે રીતે સાંસદોની પસંદગી થાય છે - સીધી ચૂંટણી દ્વારા અને પાર્ટીને મળેલા કુલ મતોના આધારે.

**સીધી ચૂંટણી (ફર્સ્ટ પાસ્ટ ધ પોસ્ટ)**

સંસદની 275 માંથી 165 બેઠકો પર સીધી ચૂંટણી થાય છે. દરેક વિસ્તાર (ચૂંટણી ક્ષેત્ર) માં લોકો પોતાના ઉમેદવારને મત આપે છે. જે ઉમેદવારને સૌથી વધુ મત મળે છે, તે જ જીતે છે.

**મત %ના આધારે બેઠકો (પ્રોપોર્શનલ રિપ્રેઝેંટેશન)**

બાકીની 110 બેઠકો પક્ષોને મળેલા કુલ મત ટકાવારીના આધારે મળે છે. આમાં મતદાર કોઈ ઉમેદવારને નહીં, પરંતુ કોઈ પક્ષને મત આપે છે. સમગ્ર દેશમાં પક્ષને જેટલા ટકા મત મળે છે, તે હિસાબે તેમને સંસદમાં બેઠકો મળે છે. આ સિસ્ટમનો હેતુ એ છે કે નાના પક્ષો અને અલગ-અલગ સામાજિક જૂથોને પણ સંસદમાં સ્થાન મળી શકે અને કોઈ એક પક્ષ સંપૂર્ણપણે પ્રભાવી ન બને.

**નેપાળ ચૂંટણીના અત્યાર સુધીના પરિણામો**

| પક્ષ | જીત | આગળ |
| --- | --- | --- |
| રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી | 46 | 73 |
| નેપાળી કોંગ્રેસ | 7 | 11 |
| CPN-UML | 2 | 10 |
| નેપાળી કમ્યુનિસ્ટ પાર્ટી (NCP) | 2 | 6 |
| અન્ય | 1 | 6 |

**નેપાળ ચૂંટણી સંબંધિત તસવીરો**

નેપાળની સામાન્ય ચૂંટણીના પરિણામોની જાહેરાત પહેલા શુક્રવારે રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP)ના સમર્થકો ચૂંટણી પંચની બહાર એકઠા થયા. નેપાળની સામાન્ય ચૂંટણીના પરિણામોની ઘોષણા દરમિયાન શુક્રવારે રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) ના સમર્થકો ચૂંટણી પંચની બહાર પાર્ટીના ચૂંટણી ચિન્હ 'ઘંટ' વગાડી રહ્યા હતા. નેપાળની સામાન્ય ચૂંટણીના પરિણામોની જાહેરાત પહેલા શુક્રવારે રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP)ના સમર્થકો ચૂંટણી પંચની બહાર એકઠા થયા. નેપાળની સામાન્ય ચૂંટણીના પરિણામોની ઘોષણા દરમિયાન શુક્રવારે રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) ના સમર્થકો ચૂંટણી પંચની બહાર પાર્ટીના ચૂંટણી ચિન્હ 'ઘંટ' વગાડી રહ્યા હતા.

# રાહુલ બોલ્યા- નેતા ન હોત તો એરોસ્પેસ ઉદ્યોગપતિ હોત:ચીનના વખાણ કરતા કહ્યું- તેની ઔદ્યોગિક ઉત્પાદન પ્રણાલી અજોડ છે,

**ત્રિવેન્દ્રમ, તા.07**

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે ત્રિવેન્દ્રમમાં કહ્યું કે જો તેઓ રાજકારણમાં ન હોત, તો એરોસ્પેસની દુનિયામાં ઉદ્યોગસાહસિક (વ્યવસાયી) હોત. રાહુલે કહ્યું કે તેઓ એક પાઈલટ છે. તેમના પિતા અને કાકા પણ પાઈલટ હતા. રાહુલ કેરળના બે દિવસના પ્રવાસે છે. તેઓ ટેક્નોપાર્કમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) ફ્રેટર્નિટી સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે ચીનની ઔદ્યોગિક પ્રણાલીની પ્રશંસા કરી. કોંગ્રેસ સાંસદે કહ્યું- ચીને એક શાનદાર ઔદ્યોગિક પ્રણાલી બનાવી છે જેનો દુનિયામાં કોઈ મુકાબલો નથી. પરંતુ અમને તેમની જબરદસ્તીવાળી પ્રણાલી પસંદ નથી. તેઓ લોકતાંત્રિક નથી. રાહુલ ગાંધીએ કેરળના ઈડુક્કી જિલ્લાના કુટ્ટિકનમમાં ચાના બગીચાના મજૂરો સાથે વાતચીત કરી અને વર્કલાના શિવગિરી મઠમાં શ્રી નારાયણ ગુરુની સમાધિ પર પણ ગયા.



**રાહુલે આ વાતો પણ કહી**

ચીને ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્ર પર મજબૂત પકડ જમાવી લીધી છે. જ્યારે અમેરિકા, ભારત અને દુનિયાના મોટાભાગના દેશો સામાન બનાવવાને બદલે તેનો ઉપયોગ કરવા અથવા વેચવાના ક્ષેત્ર પર વધુ ધ્યાન આપી રહ્યા છે. વધુ અને કાયમી નોકરીઓ ઉત્પાદન ક્ષેત્રમાં બને છે, જ્યારે IT જેવા ક્ષેત્રો મોટાભાગે સેવાઓ અને વપરાશ સાથે સંકળાયેલા હોય છે. હાલમાં ચીન આ ક્ષેત્રમાં વધુ પડકાર વિના કામ કરી રહ્યું છે, પરંતુ તેને ચિંતા છે કે ભારત પણ ધીમે ધીમે આ ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે અને ભવિષ્યમાં તેના માટે પડકાર બની શકે છે. ભારતમાં બહુ ઓછી કંપનીઓ એવી છે જે ફેક્ટરીઓમાં વસ્તુઓ બનાવે છે. અદાણી અને અંબાણી જેવા મોટા ઉદ્યોગપતિઓ પણ મોટાભાગે પોતે ઉત્પાદન કરતા નથી. તેઓ અવારનવાર એવા ઉત્પાદનો વેચે છે જે બહારથી આવે છે અથવા જેનાથી સ્થાનિક ઉત્પાદનને નુકસાન થાય છે. તેનું એક રાજકીય પાસું પણ છે. વર્તમાન GST સિસ્ટમ એવી રીતે બનાવવામાં આવી છે કે જેનાથી સામાન બનાવતા રાજ્યોને નુકસાન થાય છે. આ ઉત્પાદન કરતા રાજ્યોને બદલે તે રાજ્યોને વધુ ફાયદો આપે છે જ્યાં સામાન વધુ ખરીદવામાં આવે છે. જો ભારત પોતાના લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખીને મજબૂત ઔદ્યોગિક ઉત્પાદન પ્રણાલી ઊભી કરી લે છે, તો આ ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે પણ મોટી મદદરૂપ થશે.

**રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-ઈરાન યુદ્ધનું ઉદાહરણ આપ્યું**

રાહુલે કહ્યું કે દુનિયામાં યુદ્ધની ટેકનોલોજી ઝડપથી બદલાઈ રહી છે. યુક્રેનના યુદ્ધમાં ડ્રોનનો ઝડપથી ઉપયોગ થઈ રહ્યો છે, જે જૂની પેટ્રોલ-ડીઝલ એન્જિનવાળી ટેકનોલોજીને પાછળ છોડી રહ્યા છે. જ્યારે ઈરાન જેવા દેશોમાં પણ સેના હવે બેટરી, ઓપ્ટિક્સ અને ઈલેક્ટ્રિક મોટરવાળી ટેકનોલોજી તરફ આગળ વધી રહી છે. આ નવી તકનીકોમાં હાલ ચીનની પકડ સૌથી મજબૂત છે. આ ભારત માટે ચિંતાનો વિષય છે. પરંતુ જો યોગ્ય નીતિ અને દૂરંદેશી હોય તો ભારત ઈલેક્ટ્રિક મોબિલિટી અને નવી ટેકનોલોજીના ક્ષેત્રમાં ચીનને ટક્કર આપી શકે છે.

# પેટ્રોલ 336 અને ડીઝલ 321 રૂપિયા પ્રતિ લિટર થયું:પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં 55 રૂપિયાનો વધારો, અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધની અસર

**ઈસ્લામાબાદ, તા.07**

પાકિસ્તાને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લગભગ 20%નો વધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 55 રૂપિયા (પાકિસ્તાની રૂપિયો) સુધીનો વધારો કરવામાં આવ્યો છે..આ વધારા પછી પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત હવે પ્રતિ લિટર 335.86 રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ડીઝલ પ્રતિ લિટર 321.17 રૂપિયાના સ્તરે પહોંચી ગયું છે. સરકારનો તર્ક છે કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ તથા મિડલ ઈસ્ટમાં તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઝડપથી વધ્યા છે, જેના કારણે આ નિર્ણય લેવો પડ્યો છે.

**પેટ્રોલ પંપો પર ભીડ જામી**

ભાવમાં વધારાના સમાચાર આવ્યા પછી તરત જ પાકિસ્તાનના મોટા શહેરો જેવા કે લાહોર અને કરાચીમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જામી ગઈ. લોકો કલાકો સુધી પોતાની વારાની રાહ જોતા જોવા મળ્યા. લોકોને ડર છે કે આવનારા દિવસોમાં ક્યાંક તેલની અછત ન સર્જાય.

**જમાખોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી થશે: પીએમ શાહબાઝ**

પેટ્રોલની અછતની અફવાઓ અને જમાખોરીની ફરિયાદો વચ્ચે વડાપ્રધાન શાહબાઝ શરીફે કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે જે લોકો પેટ્રોલનો સ્ટોક છુપાવી રહ્યા છે, તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે સ્પષ્ટ કર્યું કે દેશમાં પેટ્રોલનો પૂરતો ભંડાર ઉપલબ્ધ છે.



**મિડલ ઈસ્ટ સંકટ ક્યારે સમાપ્ત થશે, કંઈ ખબર નથી**

પાકિસ્તાન સરકારનું કહેવું છે કે તેઓ હાલના પેટ્રોલ રિઝર્વને લાંબા સમય સુધી ચલાવવાની યોજના બનાવી રહ્યા છે. મંત્રીએ કહ્યું કે અમને ખબર નથી કે મિડલ ઈસ્ટનું આ સંકટ ક્યારે સમાપ્ત થશે. સપ્લાય ચેઈન પર તેની અસર પડી શકે છે, તેથી આપણે અગાઉથી તૈયારી રાખવી પડશે.

**ભારતમાં પણ LPG ગેસ સિલિન્ડર મોંઘો થયો**

ભારતમાં પણ કેન્દ્ર સરકારે 7 માર્ચથી ઘરેલુ ગેસ સિલિન્ડર 60 રૂપિયા મોંઘો કર્યો છે. દિલ્હીમાં 14.2 કિલોગ્રામનો LPG ગેસ હવે 913 રૂપિયાનો મળશે. પહેલા તે 853 રૂપિયાનો હતો. જ્યારે 19 કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરમાં 115 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તે હવે 1883 રૂપિયાનો મળશે.

**સિલિન્ડરની અછત રોકવા માટે LPG ઉત્પાદન વધારવાનો આદેશ**

સરકારે 5 માર્ચે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરીને દેશની તમામ ઓઈલ રિફાઈનરી કંપનીઓને એલપીજી ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો હતો. મિડલ ઈસ્ટમાં વધતા તણાવથી ગેસનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે. આ ખતરાને ધ્યાનમાં રાખીને સરકારે આ આદેશ જાહેર કર્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે હવે રિફાઈનરીઓ પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ ફક્ત રસોઈ ગેસ બનાવવા માટે કરશે. બધી કંપનીઓએ પ્રોપેન અને બ્યુટેનની સપ્લાય સરકારી તેલ કંપનીઓને કરવી પડશે. સરકારી તેલ કંપનીઓમાં ઈન્ડિયન ઓઈલ (IOC), હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) અને ભારત પેટ્રોલિયમ (BPCL) નો સમાવેશ થાય છે. તેનો હેતુ ગ્રાહકોને અવિરત ગેસ સિલિન્ડરનો પુરવઠો પૂરો પાડવાનો છે.

**ક્રૂડ ઓઈલના ભાવ 90 ડોલર પર પહોંચ્યા**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાનને લઈને આપેલા એક નિવેદને વૈશ્વિક ઊર્જા બજારમાં હલચલ મચાવી દીધી છે. ટ્રમ્પે ઈરાન પાસેથી 'બિનશરતી શરણાગતિ'ની માગ કરી છે, જેના પછી ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે તેજી જોવા મળી રહી છે. શુક્રવારે ક્રૂડ ઓઈલ WTI ફ્યુચર્સ 12.2% ના વધારા સાથે 90.90 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું.

**રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી શકશે ભારત**

ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાનું સંકટ હાલ પૂરતું સમાપ્ત થઈ ગયું છે, કારણ કે ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે શરતો સાથે છૂટ મળી ગઈ છે. અમેરિકી ટ્રેઝરી વિભાગે ભારતીય રિફાઈનરીઓને 30 દિવસનું સ્પેશિયલ લાઈસન્સ આપ્યું છે. આ લાઈસન્સ 3 એપ્રિલ સુધી માન્ય રહેશે.

**સપ્લાય સંકટના 2 કારણો**

1. 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું લગભગ બંધ થવું

ભારત માટે સૌથી મોટો પડકાર 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું બંધ થવું છે. આ લગભગ 167 કિમી લાંબો જળમાર્ગ છે, જે ફારસની ખાડીને અરબી સમુદ્ર સાથે જોડે છે. ઈરાન યુદ્ધના કારણે આ રૂટ હવે સુરક્ષિત રહ્યો નથી. ખતરાને જોતા કોઈ પણ તેલ ટેન્કર ત્યાંથી પસાર થઈ રહ્યું નથી. દુનિયાના કુલ પેટ્રોલિયમનો 20% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરબ, ઈરાક અને કુવૈત જેવા દેશો પણ પોતાના નિકાસ માટે આના પર નિર્ભર છે. ભારત પોતાની જરૂરિયાતનું 50% ક્રૂડ ઓઈલ અને 54% એલએનજી આ જ રસ્તેથી મંગાવે છે. ઈરાન પોતે આ જ રૂટથી નિકાસ કરે છે.

2. પ્લાન્ટ પર ડ્રોન હુમલાથી LNGનું ઉત્પાદન અટક્યું

# એપસ્ટીન ફાઈલ- ટ્રમ્પ પર સગીરાના યૌન-શોષણનો આરોપ: નવા દસ્તાવેજમાં ખુલાસો, પહેલા અધિકારીઓએ ડુપ્લિકેટ ગણાવીને રોકી દીધો હતો

**વોશિંગ્ટન, તા.07**

અમેરિકામાં ન્યાય વિભાગે કુખ્યાત યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા નવા દસ્તાવેજો જાહેર કર્યા છે. એફબીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં મહિલાએ દાવો કર્યો હતો કે એપસ્ટીને તેની મુલાકાત ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કરાવી હતી. ટ્રમ્પે તેનું યૌન શોષણ કર્યું. તે સમયે તે સગીર હતી. આ પાના અગાઉ જાહેર કરવામાં આવ્યા ન હતા. એફબીઆઈએ મહિલાના દાવાઓ સંબંધિત 4 ઈન્ટરવ્યુ કર્યા હતા. પરંતુ શરૂઆતી રિલીઝમાં માત્ર એક ઈન્ટરવ્યુનો સાર દેખાયો, જેમાં મહિલાએ એપસ્ટીન વિરુદ્ધ આરોપો જણાવ્યા હતા. બાકીના ત્રણ ઈન્ટરવ્યુ ગાયબ થવા પર સવાલો ઉઠી રહ્યા હતા. અધિકારીઓએ હવે કહ્યું કે તેમને ભૂલથી 'ડુપ્લિકેટ' માની લેવામાં આવ્યા હતા, તેથી રોકી દેવામાં આવ્યા હતા. જોકે, પછીની સમીક્ષામાં આ વાત ખોટી સાબિત થઈ. ટ્રમ્પ પર ફાઈલ દબાવવાનો આરોપ અમેરિકાના વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓ આ વાત પર સવાલ ઉઠાવી રહ્યા છે કે ટ્રમ્પ સરકાર એપસ્ટીન સંબંધિત દસ્તાવેજોને કેવી રીતે હેન્ડલ કરી રહી છે. ડેમોક્રેટ્સનો આરોપ છે કે ટ્રમ્પ પ્રશાસને એપસ્ટીન તપાસ સંબંધિત એવી માહિતીઓ દબાવી, જે ટ્રમ્પને નુકસાન પહોંચાડી શકતી હતી. હાઉસની એક કમિટીએ એટર્ની જનરલ પામ બોન્ડીને નોટિસ જારી કરવાના પક્ષમાં વોટ કર્યો. તેમને કોર્ટમાં જવાબ આપવો પડશે. મહિલાનો એ પણ દાવો છે કે છેલ્લા ઘણા વર્ષોમાં તેને અને તેના નજીકના લોકોને ચૂપ રહેવા માટે ઘણા ધમકીભર્યા ફોન કોલ પણ આવ્યા હતા. મહિલાનું માનવું છે કે આ કોલ એપસ્ટીન સાથે સંકળાયેલા લોકો તરફથી હોઈ શકે છે.

**એપસ્ટીન ફાઈલોમાં 38 હજાર વખત ટ્રમ્પનું નામ**

એપસ્ટીન ફાઈલોમાં ટ્રમ્પનું નામ 38 હજારથી વધુ વખત નોંધાયેલું છે. રેકોર્ડમાં 1990ના દાયકામાં એપસ્ટીનના ખાનગી વિમાનથી 7-8



યાત્રાઓનો ઉલ્લેખ છે. ટ્રમ્પના માર-એ-લાગો ક્લબની ગેસ્ટ લિસ્ટમાં પણ સામેલ છે. તપાસમાં સામે આવ્યું કે યૌન શોષણનું નેટવર્ક અમેરિકા સુધી સીમિત નહોતું. એપસ્ટીને સંગઠિત ટ્રાફિકિંગ નેટવર્ક બનાવ્યું. અત્યાર સુધીમાં 15 દેશોના ધનિકો, નેતાઓ અને આંતરરાષ્ટ્રીય હસ્તીઓના નામ સામે આવ્યા છે.

ટ્રમ્પે એપસ્ટીન સાથે સંકળાયેલા તમામ આરોપોમાં કોઈપણ ખોટા કામનો ઈનકાર કર્યો છે. અગાઉ ન્યાય વિભાગે પણ કહ્યું હતું કે જારી કરાયેલા કેટલાક દસ્તાવેજોમાં ટ્રમ્પ વિરુદ્ધ 'ખોટા અને સનસનાટીભર્યા દાવા' છે. જ્યારે વિપક્ષી ડેમોક્રેટિક નેતાઓએ ટ્રમ્પ સરકાર પર આરોપ લગાવ્યો છે કે તેણે એપસ્ટીન તપાસ સંબંધિત કેટલીક એવી માહિતી છુપાવવાનો પ્રયાસ કર્યો, જે ટ્રમ્પ માટે નુકસાનકારક હોઈ શકે છે.

**14 વર્ષની છોકરીએ કરી હતી પહેલી ફરિયાદ**

2005: ફ્લોરિડાની 30 છોકરીઓએ નિવેદન આપ્યું ફ્લોરિડામાં 14 વર્ષની છોકરીની માતાએ ફરિયાદ નોંધાવી કે એપસ્ટીને મસાજના બહાને જાતીય શોષણ કર્યું. તપાસમાં 30 સગીર છોકરીઓના નિવેદનો મળ્યા.

2006-08: રાહત આપનાર એકોસ્ટા બાદમાં મંત્રી યુએસ એટર્ની ઓફિસે એપસ્ટીનને ફેડરલ ટ્રાયલથી બચાવવા માટે 'પ્લી ડીલ' આપી. તેને 13 મહિનાની હળવી સજા અને દિવસ દરમિયાન બહાર કામ કરવાની મંજૂરી મળી. આ ડીલને મંજૂરી આપનાર ફરિયાદી એલેક્સ એકોસ્ટા બાદમાં 2017માં ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં શ્રમ મંત્રી બન્યા.

2009-15: જેલમાંથી બહાર નીકળ્યો, નેટવર્ક સક્રિય ડીલ પછી એપસ્ટીન સક્રિય રહ્યો. 'લોલિતા એક્સપ્રેસ', ખાનગી ટાપુ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓના પુરાવા એજન્સીઓ પાસે વધતા ગયા, પરંતુ કોઈ નિર્ણાયક કાર્યવાહી થઈ નહીં.

2019: ફેડરલ ધરપકડ અને જેલમાં શંકાસ્પદ મૃત્યુ. ન્યૂયોર્કમાં સેક્સ-ટ્રાફિકિંગના આરોપોમાં ધરપકડ થઈ. એક મહિના પછી મેટ્રોપોલિટન કરેક્શનલ જેલમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ, સત્તાવાર રીતે આત્મહત્યા જાહેર કરાઈ.

2020-26: હવે કોર્ટના આદેશથી ફાઈલો જાહેર... અમેરિકી કોર્ટના આદેશ અને એપસ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ હેઠળ 30 લાખ પાના જાહેર થયા, વૈશ્વિક તપાસ શરૂ.

**કોણ હતો જેફ્રી એપસ્ટીન?**

જેફ્રી એપસ્ટીન ન્યૂયોર્કનો કરોડપતિ ફાઈનાન્સર હતો. તેની મોટા નેતાઓ અને સેલિબ્રિટીઝ સાથે મિત્રતા હતી.

# હોર્મુઝમાંથી 24 કલાકમાં માત્ર 2 જહાજ પસાર થયા : વિશ્વનો 20% તેલ સપ્લાય અટક્યો

**નવી દિલ્હી, તા.07**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે દુનિયાની સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ લાઈફલાઈન 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં જહાજોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. જોઈન્ટ મેરીટાઈમ ઈન્ફોર્મેશન સેન્ટર (JMIC) ના 6 માર્ચના રિપોર્ટ અનુસાર છેલ્લા 24 કલાકમાં આ માર્ગેથી માત્ર બે કોમર્શિયલ જહાજો પસાર થયા છે. આ બંને માલવાહક જહાજો હતા. આ સમયગાળા દરમિયાન કોઈ તેલ ટેન્કર ત્યાંથી પસાર થયું ન હતું. સામાન્ય રીતે આ માર્ગેથી દરરોજ ડઝનબંધ વિશાળ તેલ ટેન્કરો પસાર થાય છે. આ સ્થિતિ ભારત સહિત વૈશ્વિક અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે કારણ કે દુનિયાનું 20% ક્રૂડ ઓઈલ આ જ માર્ગેથી સપ્લાય થાય છે.

**મિસાઈલ અને ડ્રોન હુમલાના ડરથી ઓપરેટરોએ જહાજો રોક્યા**

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ટ્રાફિક ઓછો થવાનું સૌથી મોટું કારણ આ વિસ્તારમાં કોમર્શિયલ જહાજો પર સતત થઈ રહેલા હુમલા છે. આને કારણે શિપ ઓપરેટરોએ સાવચેતી રાખીને પોતાના જહાજોને રોકી દીધા છે. JMIC એ આ



સમગ્ર ક્ષેત્ર માટે 'ક્રિટિકલ' સિક્યોરિટી એલર્ટ જાહેર કર્યું છે.

**ઈઝરાયલ-ઈરાન યુદ્ધથી ક્રૂડ ઓઈલ 83 ડોલરને પાર પહોંચ્યું**

ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયેલની સૈન્ય કાર્યવાહીને કારણે ગ્લોબલ માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ આજે 84 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા. નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા છે કે જો આ યુદ્ધ લાંબુ ચાલ્યું અને હોર્મુઝ બંધ રહ્યું તો ક્રૂડની કિંમત 120 ડોલર પ્રતિ બેરલ પહોંચી શકે છે. દુનિયાનું લગભગ 20% ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સપ્લાય આ જ રસ્તેથી થાય છે. વર્તમાનમાં ઘણા જહાજો ફારસની ખાડીમાં જ ઊભા છે અથવા લાંબા રસ્તાઓની શોધ કરી રહ્યા છે.

**રક્ષા મંત્રી બોલ્યા- 'ન્યૂ નોર્મલ' બનવું ખતરનાક**

ખાડી પ્રદેશમાં વધતા તણાવ પર ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અથવા સમગ્ર ફારસની ખાડીનો વિસ્તાર દુનિયાની ઊર્જા સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. જ્યારે આ ક્ષેત્રમાં કોઈ અવરોધ કે અડચણ આવે છે, ત્યારે તેની સીધી અસર તેલ અને ગેસના પુરવઠા પર પડે છે. રાજનાથ સિંહે ચેતવણી આપી કે આ અનિશ્ચિતતાઓ સીધી રીતે અર્થતંત્ર અને વૈશ્વિક વેપારને અસર કરે છે.

## તંત્રી લેખ

# લોથલની જમીનમાંથી સોનાના કણ મળ્યા : 65 વર્ષ બાદ ડ્રોન સર્વે

અમદાવાદથી અંદાજે 80 કિલોમીટર દૂર જ્યાં વિશ્વનું સૌથી જૂનું ડોકયાર્ડ આવેલું છે એવા સિંધુ ખીણની સભ્યતાના ગૌરવ સમાન ગણાતો લોથલનો ઈતિહાસ વધુ એકવાર કરવટ બદલવા જઈ રહ્યો છે. 65 વર્ષ બાદ અહીં ફરીથી ખોદકામ શરૂ કરાયું છે, જેમાં સોનાના કણ મળ્યા છે. એક તરફ લોથલમાં ભવ્ય નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સના નિર્માણની કામગીરી ચાલી રહી છે. બીજી તરફ જૂની સાઈટ પર આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાના વડોદરા સર્કલના આર્કિયોલોજિસ્ટ્સ ઈતિહાસ સાથે જોડાયેલી બાકીની કડીઓને શોધવાનું કામ કરી રહ્યા છે. આખરે 65 વર્ષ બાદ કેમ ફરી ખોદકામ શરૂ કરવામાં આવ્યું? એવા કયા સંકેત મળ્યા, જેના કારણે અહીં ફરી શોધખોળની કામગીરી થઈ? એ સમય અને આજના સમયની કામગીરીમાં કેવા પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે? અત્યારસુધીના ખોદકામમાં કેવી-કેવી વસ્તુઓ મળી છે? આ ખોદકામ ક્યાં સુધી કરવામાં આવશે? આવા અનેક સવાલો અંગે દિવ્ય ભાસ્કરે આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા, વડોદરા સર્કલના સુપરિટેન્ડિંગ આર્કિયોલોજિસ્ટ ડૉ. શુભ મજુમદાર અને સાઈટ સુપરવાઈઝર સંતોષ કર્ણ સાથે એક્સક્લૂસિવ વાતચીત કરી હતી. 1947માં ભારત દેશ જ્યારે આઝાદ થયો એ પછી હડપ્પન સાઈટ પાકિસ્તાનમાં જતી રહી હતી, પણ એમાંનો કેટલોક ભાગ ભારતમાં હતો. આ સંભાવનાને જોતાં કેન્દ્ર સરકારે ભારતમાં આવી સાઈટ્સને શોધવાના આદેશ કર્યા હતા, જેથી આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાએ આવી સાઈટ્સ શોધવા માટેનું કામ શરૂ કર્યું હતું. હાલમાં આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાનાં ઘણાં સર્કલ છે. એ સમયે લોથલ વડોદરા સર્કલ નહીં, પરંતુ વેસ્ટન સર્કલમાં આવતું હતું, જેમાં ડૉ.એસ.આર.રાવ પોસ્ટેડ હતા. તેમને 1954-55માં લોથલ ગામના લોકો પાસેથી કેટલીક માહિતી મળી હતી, જેના આધારે તેમણે 1955માં લોથલમાં ખોદકામ શરૂ કર્યું હતું. અત્યારે જે ટીમ અહીં ખોદકામ કરી રહી છે તેણે ડૉ. રાવના રિપોર્ટનો અભ્યાસ કરીને તેના આધારે સાઈટનું મેપિંગ કર્યું હતું. ડૉ. રાવની ટીમે કયા-કયા એરિયામાં ખોદકામ કર્યું હતું અને કયા એરિયા છોડી દીધા હતા એ વિસ્તારને માર્ક કર્યા હતા અને સાઈટનો કોન્ટૂર પ્લાન બનાવ્યો હતો. જેના પછી માર્ચ, 2025માં ફરીવાર ખોદકામ શરૂ કર્યું હતું. જાન્યુઆરી, 2025માં તેમને આ ખોદકામ કરવાનો આદેશ મળ્યો હતો. જ્યાંથી કંઈક પુરાવા મળે એવી આશા હતી એ ખાલી પ્લોટને માર્ક કરવાની કામગીરી શરૂ કરી હતી અને આખી સાઈટનો મેપ તૈયાર કરીને એને A,B અને C એમ 3 ભાગમાં ડિવાઈડ કર્યો હતો. ખોદકામ દરમિયાન ટીમને અહીંથી નાનામાં નાની વસ્તુઓ મળી છે. સોનાના કણ, હાડકાંના નાના કટકા, એ સમયનું રો-મટીરિયલ, ડ્રિલ બીટ, માર્ક બ્રિકસનું સ્ટ્રક્ચર (ઈંટનું માળખું), ત્રણ સીલ (પથ્થર, ધાતુ, હાડકાં કે પકવેલી માટીમાંથી બનાવેલી એક એવી નાની વસ્તુ, જેના પર વિશિષ્ટ પ્રકારનાં ચિત્રો કે લખાણ કોતરેલું હોય) મળ્યાં છે, જેમાં એકમાં યુનિકોન જ્યારે બાકીના બે ટેરાકોટાના (પકવેલી માટીની મૂર્તિ) છે. વડોદરા સર્કલના સુપરિન્ટેન્ડિંગ આર્કિયોલોજિસ્ટ ડૉ. શુભ મજુમદારે દિવ્ય ભાસ્કરને કહ્યું હતું કે અહીંથી અમને હાડકાં, માછલીના અવશેષો, ઓટોલિક મળે છે. હાલમાં અમે આર્કિયોલોજી, ઝૂઓલોજી, બોટનિકલ સ્ટડીનો ઉપયોગ કરી રહ્યા છીએ, જેથી ખબર પડશે કે એ સમયે કેવું ફ્રેશ વોટર અહીં હતું. આ ફિશ કેવા પ્રકારની હતી, ત્યારના લોકો માછલી પર કેવી રીતે કટ મારતા હતા. 'ડૉ. એસ.આર.રાવે 1955થી 1962ના વર્ષ દરમિયાન અહીં ખોદકામ કર્યું હતું. આટલાં લાંબાં વર્ષો સુધી ચાલેલા એ ખોદકામ દરમિયાન હડપ્પા સમયની ઘણી બધી વસ્તુઓ મળી હતી, જેમાં સૌથી વધારે સિલ સિલિંગ લોથલમાંથી મળ્યા હતા.

# હનુમાનજી લંકિનીને માથે મુષ્ટિકા પ્રહાર કરીને કયો અને કેવો સત્સંગ કરાવે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ સુંદરકાંડનાં ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, સુંદરકાંડની બે મુખ્ય ઘટનામાં એક સિંહિકા વાળી ઘટના, કે જેમાં હનુમાનજી અતિ વિરાટ રૂપ લઈ જળ ઉપરથી ઉડાન ભરી રહ્યા છે, ત્યારે છાયા પકડાઈ ગઈ, અને હનુમાનજીને પાડવાની કોશિશ કરી. લંકામાં પ્રવેશ કરવા માટે હનુમાનજીએ અતિ લઘુરૂપ ધારણ કર્યું, અને છતાં પકડી પાડ્યાં! આનો અર્થ શું કરીશું! આપણે જ્યારે મોટા થઈએ છીએ, ત્યારે દુનિયા આપણને પાડવાની કોશિશ કરે છે, અને નાના થઈ જઈએ, તો દુનિયા ખાઈ જવાની કોશિશ કરે, માટે વચ્ચેનો રસ્તો કાઢો.

ફરી પાછા સુંદરકાંડનો દોર પકડતાં કહ્યું કે હનુમાનજીએ લંકામાં પ્રવેશ કરવાં અતિ લઘુરૂપ ધારણ કર્યું, છતાં એને રોકી લીધાં કે મારો અનાદર કરીને તું ક્યાં જાય છે! ખબરદાર તું ગમે એટલો નાનો થઈશ, તો પણ હું તને ખાઈ જઈશ, હું ચોરને જ ખાવું છું! હનુમાનજીએ બીજું કંઈ ન કર્યું, પણ જેવા હનુમાનજીને રોક્યાં ત્યાં જ, 'મુઠિકા એક મહા કપિ હની'. આ પણ સત્સંગની એક પ્રક્રિયા સમજો, મસ્તક પર મુકો મારવો. પીઠ પર મૂકો મારવાથી કોઈ પરિણામ મળતું નથી, એટલે આ કોઈ સ્થૂળ રુપે મારવાની વાત નથી. જરાં લંકાકાંડ તરફ નજર કરીએ હનુમાનજીએ રાવણની પીઠ પર મુકો માર્યો હતો.

રાવણની પીઠ પર મુકો માર્યો, રાવણ પડી ગયો અને પછી ઉઠ્યો! અને હનુમાનજીના બળની સરાહના કરવા લાગ્યો! બીજું કોઈ હોત તો રાજી થાત, પણ હનુમાનજી રાજી ન થયા, મારા મનને ધિક્કાર છે! મેં તો એટલાં માટે મુકો માર્યો હતો, કે તું બદલી જાય, પરંતુ તું તો હતો એવો ને એવો ઉભો થયો! મૂઢ હોય એનામાં કોઈ પરિવર્તન આવે નહીં. જ્યારે લંકિનીને મસ્તક પર મુકો માર્યો, મસ્તકમાં બુદ્ધિ રહે છે, જે જૂની પરંપરાથી જડ બનતી જાય છે, એટલે હનુમાનજીનો સત્સંગ એ જૂની પરંપરાને તોડી નાખે છે! પરંપરા જડ ન હોવી જોઈએ, પ્રવાહી હોવી જોઈએ. લંકિની વિચારે છે કે હું રાવણનું અન્ન ખાઈ રહી છું, તો લંકામાં જે ચોર પ્રવેશ કરે, એ ચોરને પકડવા એ મારું કર્તવ્ય છે, એ ખોટી ધારણા છે. હનુમાનજી કહે છે કે, જો તારો ખોરાક જ ચોર છે, તો સૌથી મોટો ચોર લંકામાં છે. ખાવાની શરૂઆત ત્યાંથી કર, જે મારી મા જાનકીને ચોરી લાવ્યો છે. તો તું સેવા કરે છે, મોટા ચોરની તુ સેવિકા છે. પરંતુ તારી ધારણા છે કે, તે એનું અન્ન ખાધું છે, એની તુ સેવિકા છે, એણે સારી પોસ્ટ પર નિયુક્ત કરી છે, એટલે તારું કર્તવ્ય છે, કે ડ્યુટી નિભાવવી જોઈએ! આપણો ધર્મ પણ એ જ કહે છે, પૂર્વજોએ એવું કહ્યું, પરંતુ એમાં સુધારો થવો જોઈએ, વિવેક પૂર્વક ખોટી વસ્તુને હટાવવી જોઈએ. હનુમાનજીએ પણ લંકાના ફળ ખાઈને લંકાના રાક્ષસોને જ માર્યા હતા. અમુક સૂત્રો વિવેક દ્રષ્ટિથી સુધારવા જોઈએ.

હનુમાનજી અને લંકિની વાળી આ ઘટનામાંથી ત્રણ બોધ પ્રાપ્ત થાય છે. હનુમાનજી એ લંકિનીનાં મસ્તક પર પ્રહાર કર્યો, અને એની ખોટી પરંપરાઓ તૂટી ગઈ, બુદ્ધિ બદલાઈ ગઈ, એનાં મુખમાંથી રક્ત નીકળ્યું! એટલે કે લંકિની માં વિરક્તિ પ્રગટી. સત્સંગના પ્રભાવ નો પ્રતાપ છે કે, કથા સાંભળતાં આપણા રાગ ઓછા થાય ઈર્ષા ઓછી થાય, ભગવાનની કથા સાંભળતાં ભગવત સત્સંગ કરતાં કરતાં આસક્તિ અને રાગાત્મક ભાવ થોડો ઓછો થાય, એની કોશિશ કરવી પડે, પરંતુ અમૃત પીધા પછી, બીજા લાગવા માંડે, એમ લંકિનીનાં મુખમાંથી રક્ત નીકળી ગયું, અને વિરક્તિ તરફ પ્રયાણ થયું. હનુમાનજીએ મસ્તક પર પ્રહાર કર્યો ત્યારે લંકિની પડી ગઈ હતી, પરંતુ' પુનિ સંભાનિ ઉઠી સો લંકા' સત્સંગ પાડે છે પરંતુ સત્સંગ કર્યા પછી પડ્યા ન રહેવું, સત્સંગના સૂત્રોને સમજીને સાંભળીને પાછા ઉઠી જવું!

બૌદ્ધિક ધારણાનો નાશ, આસક્તિ અને રાગ ધીરે ધીરે ઓછા થાય, અને સત્સંગ કરનારા કર્તવ્ય છોડી દે નહીં, ઉઠીને પોતાનાં ધ્યેય તરફ ગતિ કરે. લંકિની કે જે હનુમાનજીને ચોર કહેતી હતી, એ જ પછી હાથ જોડવા લાગી, એટલે કે સત્સંગ કરાવનાર સંત પ્રત્યે અહોભાવ કે ઉપકારના ભાવથી નમવું.

તાત મોર અતિ પુન્ય બહૂતા,
દેખેઉં નયન રામ કર દૂત.

આ ચોપાઈમાં તુલસી નયનની બદલે આંખ પણ લખી શક્યા હોત, પણ નયન શબ્દ બહુ સુંદર છે કારણ કે એને આ બાજુથી વાંચો તો પણ નયન વંચાય અને આ બાજુથી વાંચો તો પણ નયન જ વંચાય. પહેલા લંકિની આંખેથી જોતી હતી માટે એને એક આંખેથી હનુમાનજી ચોર લાગ્યા પણ, બીજી આંખેથી સંત અને ત્રીજી આંખેથી વિચિત્ર લાગ્યાં. પરંતુ બુદ્ધિ બદલાઈ ગઈ, એટલે હવે જે બાજુથી જોવે, ત્યાંથી એ સાધુ જ લાગે છે. એણે કહ્યું કે મારા પુણ્ય છે કે, આજે મેં મારા નેત્રોથી રામના દૂતના દર્શન કર્યા.

લંકિની હનુમાનજીને આગળના કાર્ય માટે શુભકામના આપે છે.

પ્રબિસિ નગર કીજે સબ કાજા,
હૃદય રાખી કૌશલપુર રાજા.

લંકિની એ સુંદર શુભકામના આપી, આપ નગરમાં પ્રવેશીને બધા કામ કરો, પરંતુ હૃદયમાં કૌશલપુર રાજાને રાખીને આપ પ્રવેશ કરો. આપની માટે જેર અમૃત થઈ જશે, લંકિનીના એ આશીર્વાદ સફળ થયા! અને એટલે જ હનુમાનજી ઝેરથી બચી ગયાં અને અમૃતના ફળ ખાવા લાગ્યા.

ગરલ સુધા રિપુ કરહિ મિતાઈ,
ગોપદ સિંધુ અનલ સિતલાઈ.

દુશ્મન પહેલા મૈત્રી કરશે, લંકામાં તો બધા દુશ્મન છે. પરંતુ બધા દુશ્મનમાં વિભીષણ રાવણનો ભાઈ છે, પરંતુ હનુમાનજી સાથે એને દોસ્તી થઈ ગઈ, લંકા સુધી આવવામાં હનુમાનજીને ખૂબ વિઘ્નો મળ્યાં, પરંતુ વિભીષણ સાથે મૈત્રી થતાં બિલકુલ સહજતાથી આગળની યાત્રા થઈ. લંકામાં આગ લગાવવામાં આવશે, પણ આપની માટે અગ્નિ શીતળ થઈ જશે.

લંકિનીની શુભકામના મેળવી હનુમાનજી વિચારે છે, કે લંકામાં તો નિશીચરોનો વાસ છે, અહીં સજ્જન ક્યાં છે? અને ત્યારે હનુમાનજી વિભીષણનાં આંગણામાં આવ્યા, અને વિભિષણ જાગ્યો. આપણા જીવનમાં પણ જ્યારે કોઈ સાધુ કે સંત પ્રવેશે, ત્યારે જ આપણે જાગીએ છીએ. વિભિષણ રામ રામ કરીને જાગે છે, આ સાંભળીને હનુમાનજી હર્ષિત થઈ ગયાં, અને વિચાર્યું કે સાચે જ કોઈ સજ્જન છે, આમ હનુમાનજી અને વિભીષણનું મિલન થાય છે.જે પોતાના રાક્ષસ હોવા પર સંકોચ કરે છે, અને પછી જાનકી સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. જાનકીના ત્રણ સ્વરૂપ શક્તિ, શાંતિ, અને ભક્તિ. મે ક્યારેક કહ્યું છે કે વિભિષણ ભક્તિની નવયુક્તિ બતાવે છે કે, ભક્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી.

શાંતિ ત્રણ રીતે મળે છે(૧) અભય, જ્યાં સુધી આપણામાં અભય નથી આવતું ત્યાં સુધી આપણે શાંતિ પ્રાપ્ત કરી શકતા નથી. (૨)ત્યાગ સંગ્રહ કરનારને ક્યારેય શાંતિ નથી મળતી જેટલો વધારે પરિગ્રહ હોય એટલો જ માણસ અશાંત. (૩) અહિંસા, સીધી વાત છે જે હિંસા કરે એ શાંત નથી હોતાં, એ વિકૃત છે શાંત ક્યારેય હિંસા નથી કરતા.

ભક્તિ ત્રણ રીતે મળે. (૧) વિશ્વાસ, આપણા સાધન અને આપણા સદગુરુ પર વિશ્વાસ હોવો જોઈએ. (૨) વિભિષણ બતાવે છે કે ભગવાન શંકરનું ભજન કરવાથી ભક્તિ મળે છે. ભક્તિના દાતા ભગવાન મહાદેવ છે. ત્રીજી યુક્તિ માનસમાં લખી છે ધીરજ, વિશ્વાસ પૂર્વકનાં સ્મરણ કે સાધનાની સાથે ધીરજ પણ અત્યંત જરૂરી છે.

શક્તિની ત્રણ રીત. (૧) સ્થિરતા, જે ડામાડોળ હોય એ ક્યારેય શક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. નાગાધિરાજ હિમાલય યુગોથી સ્થિર છે, અને એની સ્થિરતાને કારણે શક્તિનો જન્મ થયો. દક્ષ કન્યા રૂપે પણ એ શક્તિ સંપન્ન જ હતી પરંતુ એની બુદ્ધિ શક્તિમાં ભટકાવ હતો.(૨) મૌન, માનવી જેટલો મૌન રહેશે એટલી શક્તિ વધશે મુખર થતાં શક્તિ છીનવાઈ જાય છે.(૩) પ્રભુ મુદ્રિકા એટલે કે જેના મુખમાં રામનામ રૂપે મુદ્રિકા હશે, એ પણ શક્તિશાળી બનશે. પછી વિભિષણના માર્ગદર્શનથી હનુમાનજી અશોકવાટિકામાં પ્રવેશ કરે છે, ત્યાં સુધીની કથા કહી ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.




# AI ટેકનોલોજીની આવક 280 અબજ ડોલરને વટાવશે

**એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે**

**એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે**

**એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે**

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિકસ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે. વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.




જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે. એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે. એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

ભારતની એઆઈ મહત્વકાંક્ષા સિદ્ધ કરવા એચડીડી મહત્વની ભૂમિકા ભજવે છે અને તે પણ માત્ર ડેટા સ્ટોરેજ યંત્ર તરીકે જ નહીં પરંતુ દેશના વધી રહેલા એઆઈ ક્ષેત્રને ટકાવી રાખવાના પાયા તરીકે પણ કામગીરી પૂરી પાડે છે. એઆઈ માટેના અન્ય માળખાઓની જેમ એચડીડી પણ એઆઈનું પાયાનો હિસ્સો છે તેવો પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે.

# ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થયેલો વ્યક્તિ ક્યારેય કોઈનું ખરાબ ઈચ્છવાની ભુલ કરતો જ નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો એકવાર, મહાત્મા બુદ્ધ જંગલમાં એક નદીના કિનારે ધ્યાન કરી રહ્યા હતા. તે જ નદીની નજીક એક ગુરુકુળ હતું, જ્યાં એક ઋષિ પોતાના શિષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા. સંયોગથી,ઋષિની નજર બુદ્ધ પર પડી અને તેઓ તેમની પાસે આવ્યા.બુદ્ધની હાજરી જોઈને,ઋષિએ નમ્રતા પૂર્વક પૂછ્યું,'ગુરુદેવ,શું પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈપ્રાપ્ત થાયછે?

બુદ્ધે હસીને કહ્યું,'પહેલા મારા પ્રશ્નનો જવાબ આપો.જો કોઈ આ નદી પાર કરવા માંગે છે,તો તેમણે શું કરવું જોઈએ?' ઋષિ એ જવાબ આપ્યો,'જો તેઓ તરવાનું જાણે છે,તો તેઓ તરીને પાર કરી શકે છે.જો હોડી ઉપલ બ્ધ હોય,તો તેઓ હોડી દ્વારા જઈ શકે છે.અને જો પાણીનું સ્તર ઓછું હોય,તો તેઓ પગ પાળા પાર કરી શકે છે.'બુદ્ધે ફરી થી પૂછ્યું,'જો તેઓ આ ત્રણ પદ્ધતિઓનો પ્રયાસ ન કરે તો શું?'હવે ઋષિ એકક્ષણ માટે મૌન રહ્યા.પછી,સત્ય સમજાતાની સાથે જ તે તરત જ બુદ્ધના પગ પર પડી ગયો અને કહ્યું, 'ગુરુજી, તમે જે કહ્યું તેનો સાર હું સમજી ગયો!ફક્ત પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈ પ્રાપ્ત થશે નહીં જ્યાં સુધી વ્યક્તિ પોતાની મેળે કાર્ય ન કરે.' બુદ્ધે ફક્ત કહ્યું, 'તમે સાચા છો. જો કોઈ વ્યક્તિ નદીના કિનારે ઊભો રહે અને દિવસ-રાતપ્રાર્થના કરે,તો શું તે તેને પાર કરી શકેછે? ના!'જ્યાં સુધી કોઈ તરવાનો પ્રયાસ ન કરે કે હોડીનો ઉપયોગ ન કરે,ત્યાં સુધી કોઈ પાર કરી શકતું નથી. તેવી જ રીતે, ફક્ત પ્રાર્થના કે નસીબથી કંઈ પ્રાપ્ત થઈ શકતું નથી. ક્રિયા એ સાચું માધ્યમ છે જે આપણને સફળતા અપાવે છે.'ગર્ગાચાર્યે ખીરમાં તુલસી દળ અર્પણ કર્યું અને પ્રાર્થના કરી,પ્રભુ તારું છે અને તને અર્પણ કરે છે.કૃપા કરી સ્વીકારો!હે નારાયણ,હે લક્ષ્મી પતિ જલદી પધારો!આ સાંભળી શ્રીકૃષ્ણ કહે,જવું પડશે શું થાય?બોલાવે છે એટલે ના કેમ કહેવાય? તેમણે યોગમાયાને હુકમ કર્યો કે, માની આંખમાં જો!યશોદાની આંખ મળી છે.કનૈયો દોડતો દોડતો આવે છે અને ખીર આરોગવા લાગે છે.ગર્ગાચાર્ય કહે છે,અરે!આ વૈશ્ય નો છોકરો ફરી થી આવ્યો!હવે કનૈયાને થયું કે, મહારાજને ક્યાં સુધી ભ્રમમાં રાખું?તરત ચતુર્ભુજ સ્વરૂપે એ પ્રગટ થયા.ગર્ગાચાર્યના આનંદનો પાર ન રહ્યો.કનૈયાનું સ્વરૂપ જોઈ તેમને કનૈયાને ગોદમાં લેવાનું મન થયું,ત્યાં તો કનૈયો દોડીને એમની ગોદ માં બેસી ગયો. કનૈયો કહે છે, મહારાજ!હવે તમે જમો! ગર્ગાચાર્ય કહે, મારા ઈષ્ટદેવ મને મુખમાં કોળિયો આપે પછી જમું. કનૈયો એમને મુખમાં કોળિયો આપે છે.ગર્ગાચાર્ય વિચારે છે, આજે મારું જીવન સફળ થયું!

આ બાજુ યશોદા જાગ્યાં. જુએ તો લાલો ગોદમાં ન મળે. ક્યાં ગયો ક્યાં ગયો?ઓહ,કનૈયો તો ગર્ગા ચાર્યની ગોદમાં બેઠેલોછે.ફરી પાછી એણે ખીર અભડાવીકે શું? ગર્ગાચાર્ય કહે છે,મા,તેં બહુ પુણ્ય કર્યું છે.મારા નારાયણ પુત્રરૂપે તારે ત્યાં આવ્યા છે.કનૈયો વિચારે છેકે યશોદાજીના મનમાં આ વાતઠસી જશે તો મને લાડ કરશે નહીં હું તો પ્રેમનું દાન કરવા અને પ્રેમ રસનું પાન કરવા ગોકુળમાંઆવ્યો છું. એટલે યશોદાને ખરા સ્વરૂપનું જ્ઞાન ન થાય તે માટે કનૈયાએ વૈષ્ણવી માયાને આજ્ઞા કરી.આદિ માયા તે રાધિકાજીનું સ્વરૂપ છે.તે શ્રીકૃષ્ણ ને ઉત્પન્ન કરે છે.માયાના ત્રણ પ્રકારો વૈષ્ણવો બતાવે છે: ૧.સ્વમોહિકા ૨. સ્વજનમોહિકા, ઐશ્વર્યનું જ્ઞાન થાય એટલા માટે, ૩.વિમુખજન મોહિકા.જે આપણ ને સર્વને ફસાવે છે અને જે ઈશ્વર ના સ્વરૂપને ભૂલાવી ઈશ્વરથી વિમુખ કરે છે તે વિમુખ જનમોહિકા. બાલકૃષ્ણ ધીરે ધીરે મોટા થાય છે બાળકો રમવા ટોળે વળે છે.તેમાં મધુમંગળ વગેરે કેટલાકગોવાળના છોકરા શરીરે દુર્બળ છે કનૈયો એને તગડા થવાનું કહે છે,ત્યારે છોકરો કહે છે કે,માખણ ખાવા મળે તો તગડા થવાય.અમે ગરીબ છીએ.માખણ ક્યાંથી લાવીએ? અને ઘરમાં જે માખણ થાય છે તે તો કંસને દઈ દેવું પડે છે!બધું માખણ કંસને કરરૂપે આપવું.કંસ ની બીકે વ્રજવાસીઓ બાળકોને માખણ ન ખવડાવે અને કંસને આપે.કંસ આ માખણ પોતાના પહેલવાનોને ખવડાવતો.કનૈયો કહે છે,હું માખણ મથુરા નહીં જવા દઉં!હું તમને રોજ માખણ ખવડાવીશ!મિત્રો કહે, તું રોજ માખણ ક્યાંથી લાવશે?કનૈયો કહે,જેને ઘરે માખણ છે એના ઘરમાંથી!મિત્રો પૂછે છે,તે શું તું ચોરી કરશે? કનૈયો કહે,ચોરી જ તો! આપણે બધા જ કરશું!કોઈની મગદૂર નથી કે આપણને પડે!આપણને રોકે!માખણ ખાવામાં વળી મનાઈ કેવી!

નટખટ કનૈયાની આ ચતુરાઈભરી દલીલો છે. ભગવાનને પ્રાર્થના કરો કે,હવે દ્વાપરયુગમાં ફરીજન્મ લો ત્યારેમને ગોકુળમાંગોપબાળક બનાવજો કે, તમારી સાથે ચોરી કરી માખણ ખાવાનો મને લહાવો મળે! શરીર સાથે રમનારો પાપ કરે છે,પણ જે ઈશ્વર સાથે રમે છે જે ઈશ્વર સાથે પ્રેમ કરે છે,એના હાથે પાપ થતું નથી,કારણ કે તેની જવાબ દારી ઈશ્વર ઉપર છે.

શંકરાચાર્યે શાંકરભાષ્યમાં કહ્યું છે કે, પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે તેવા જ્ઞાનીને હાથે પાપ થતું નથીઅને કદાચ થાય તો તેનો દોષ તેના માથે જતો નથી. પરમાત્માનો સાક્ષાત્કાર જેને થયો નથી તેવા અજ્ઞાન જીવ માટે શાસ્ત્ર છે.ચોરી કરવી નહીં એવી આજ્ઞા શાસ્ત્રે કરી છે,પણ પરમાત્મા જેને અપનાવે તેને તો આખું જગત તેનું છે. પછી ચોરી રહી ક્યાં? પોતાના ઘરમાંથી, પોતાની માલિકીની ચીજની કોઈ ચોરી કરી શકતું નથી.બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી શું વિધિ અને શું શાસ્ત્ર?બધું નકામું બને છે.તત્ત્વ દૃષ્ટિએ જુઓ તો ઈશ્વર સર્વના માલિક છે,એટલે શ્રીકૃષ્ણચોરી કરી શકે નહીંતો આ દિવ્યલીલાછે ગોપીઓને પરમાનંદનું દાન કરવા માટે આ લીલા છે. બાલકૃષ્ણ ગોપબાળકોને કહે છેકે તમારે જોડે રહેવાનું અને એટલું ધ્યાન રાખવાનુંકે કોઈ ગોપી કયારે ઘરમાંથી બહાર જાય છે અને તે પાછી ક્યારે આવે છે.

ગોપીઓ ઈચ્છે છે કે કનૈયો રોજ એમને ઘરે આવે.એટલે ઠપકો આપવાના બહાને રોજ પ્રાતઃકાળ માં ગોપીઓ લાલાનાં દર્શન કરવા યશોદાના ઘરે આવે છે.ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છેકે:હે યશોદા!તારો આ શ્રી કૃષ્ણ ગાયો દોહવાનો વખત થયો નથી હોતો છતાં વાછરડાંઓને છોડી મકે છે અમારાં દહીં,દૂધ,માખણએ ચોરી જાય છે

વાચક ચાહક મિત્રો આપણું ભવિષ્ય ફક્ત નસીબ પર નહીં, પણ આપણા પોતાના કાર્યો પર આધારિત છે.જે લોકો ફક્ત નસીબ પર આધાર રાખે છે તેઓ જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી.

# સ્પીપા ખાતે અટલ વ્યાખ્યાનમાળા અંતર્ગત 'વિકસિત ભારત'ના વિઝન અને સુશાસન પર વિશેષ વ્યાખ્યાન યોજાયું

**અમદાવાદ, તા. 07**

અમદાવાદના સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) ખાતે સામાન્ય વહીવટ વિભાગ (ARTD) દ્વારા 'અટલ વ્યાખ્યાનમાળા' ના છઠ્ઠા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (IIPA), નવી દિલ્હીના રજિસ્ટ્રાર શ્રી અમિતાભ રંજને ઉપસ્થિત રહીને 'વિકસિત ભારત: સ્વપ્નથી હકીકત સુધીની સફર' વિષય પર વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ટેકનોલોજી અને કુશળ વહીવટના સમન્વય દ્વારા ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝન પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શ્રી અમિતાભ રંજને ભારતની પ્રાચીન આર્થિક અને બૌદ્ધિક સમૃદ્ધિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ભારત માત્ર લોકશાહીની જનેતા જ નથી, પરંતુ જ્ઞાન અને વિજ્ઞાનનો વૈશ્વિક સ્ત્રોત પણ રહ્યું છે. 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે તેમણે સંસ્થાનવાદી માનસિકતાનો ત્યાગ કરી સ્વદેશી જ્ઞાન પરંપરા પર ગર્વ કરવા અનુરોધ કર્યો હતો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં કરોડો લોકો ગરીબીરેખાથી બહાર આવ્યા છે, જે દર્શાવે છે કે આપણે ૨૦૪૭ પહેલા જ વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્ય તરફ મક્કમતાથી આગળ વધી રહ્યા છીએ.

વિકસિત રાષ્ટ્રના પાયામાં માનવ સંસાધન વિકાસને મહત્વનું ગણાવતા તેમણે નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP), સર્વ શિક્ષા અભિયાન અને પીએમ પોષણ યોજના જેવી પહેલોની પ્રશંસા કરી હતી, જેના કારણે શિક્ષણમાં ડ્રોપ-આઉટ રેશિયો ઘટ્યો છે. યુવાનોને રોજગારક્ષમ બનાવવા માટે તેમણે પીએમ ઈન્ટર્નશિપ સ્કીમ, કૌશલ વિકાસ યોજના અને




પીએમ વિશ્વકર્મા યોજનાનો ઉલ્લેખ કરી 'જોબ સીકર' ને બદલે 'જોબ ક્રિએટર' બનવા આહવાન કર્યું હતું. આ સાથે જ મહિલા નેતૃત્વ હેઠળના વિકાસ (Women-led Development) પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, શ્રમ શક્તિમાં મહિલાઓની વધતી ભાગીદારી રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

વ્યાખ્યાનમાં આરોગ્ય અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સમન્વય પર પ્રકાશ પાડતા તેમણે આયુષ્માન ભારત, આભા (ABHA) આઈડી અને જનની સુરક્ષા યોજના જેવી યોજનાઓને ગેમ-ચેન્જર ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે ભારતનું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર આજે વિશ્વ માટે મિસાલ છે, જેમાં UPI, જનધન યોજના, ડિજી લોકર અને ડિજી યાત્રા જેવી સેવાઓએ નાગરિકોના જીવનને સરળ બનાવ્યું છે. તેમણે મિશન કર્મયોગી અને iGOT પ્લેટફોર્મ દ્વારા સિવિલ સર્વન્ટ્સની ક્ષમતા વર્ધન પર ભાર મૂકી, ટેકનોલોજી અને સુશાસન દ્વારા અંત્યોદય સુધી પહોંચવાનું વિઝન રજૂ કર્યું હતું.

અટલજીના સુશાસનના વિઝનને યાદ કરી તેમણે ઉમેર્યું કે, ટેકનોલોજી અને ગ્રાસરૂટ ગવર્નન્સના માધ્યમથી અંત્યોદય સુધી પહોંચવાનું લક્ષ્ય જ 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરશે. વ્યાખ્યાન દરમિયાન તેમણે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઈ-ગવર્નન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ઉભરતા ક્ષેત્રોમાં રહેલી તકો અને પડકારો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા શ્રી અમિતાભ રંજન આઈ.આઈ.ટી. (ISM) ધનબાદના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને સિવિલ સર્વિસિસ સહિત જાહેર વહીવટમાં ૨૫ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે અગાઉ ઉત્તર પ્રદેશ સરકારમાં સેવા આપતા 'વાહન' અને 'સારથિ' જેવા મહત્વના ડિજિટલ પ્રોજેક્ટ્સનું પાયલોટ સફળતાપૂર્વક અમલીકરણ કરાવ્યું હતું. વ્યુહાત્મક વહીવટ અને પબ્લિક પોલિસીના નિષ્ણાત એવા શ્રી રંજન હાલમાં IIPA ખાતે નેતૃત્વની ભૂમિકામાં રહીને દેશના વહીવટી માળખાને વધુ સક્ષમ બનાવવામાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્પીપાના ડાયરેક્ટ જનરલ શ્રી હારિત શુક્લા અને ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી સી.સી. કોટકના માર્ગદર્શન હેઠળ આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોએ પોતાના પ્રશ્નો અંગે મુખ્ય વક્તા પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અમદાવાદમાં અંગદાતા મહિલાઓને બિરદાવતો કાર્યક્રમ યોજાયો

**અમદાવાદ, તા. 07**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે શેલ્બી હોસ્પિટલ્સ દ્વારા અમદાવાદ ખાતે AMAમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા અને જાણીતી ગાયિકા સુશ્રી કિંજલ દવે ઉપસ્થિત રહ્યા હતા. "She gave life beyond life" થીમ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં એવી પ્રેરણાદાયી મહિલાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી, જેમણે અંગદાનના નિઃસ્વાર્થ નિર્ણય દ્વારા અનેક પરિવારોને નવજીવન આપ્યું છે. આ અવસરે મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા અને ગાયિકા સુશ્રી કિંજલ દવે દ્વારા અંગદાતા મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સંબોધતા મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે સાચો વારસો ભૌતિક સંપત્તિ કે બેંક બેલેન્સથી નહીં, પરંતુ આવનારી પેઢીઓને આપેલા સદ્‌ગુણો અને મૂલ્યો દ્વારા રચાય છે. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓની નિઃસ્વાર્થ સેવા, સંવેદના અને સમર્પણભાવ સમાજ માટે પ્રેરણારૂપ છે. અંગદાન દ્વારા એક જીવનનો અંત અનેક જીવનોમાં નવી આશા પ્રગટાવે છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે અંગદાન જેવી માનવતાવાદી પહેલોને પ્રોત્સાહન આપીને અને સેવા સેતુ જેવા જનસંપર્ક કાર્યક્રમો દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓ તથા સહાય જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચાડવા માટે સૌએ સહભાગી થવું જોઈએ. આ પ્રસંગે ગાયિકા સુશ્રી કિંજલ દવેએ જણાવ્યું હતું કે સંગીતના મંચ દ્વારા કલા પીરસવી એ તેમનો વ્યવસાય છે, પરંતુ સમાજ માટે કામ કરવાની તક મળે ત્યારે સાચો સંતોષ અનુભવાય છે. અંગદાન અંગે જાગૃતિ ફેલાવીને વધુને વધુ જીવન બચાવવાનો સંકલ્પ લેવો જરૂરી છે. અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી દિલીપ દેશમુખે જણાવ્યું હતું કે વર્ષ 2020માં અંગ પ્રત્યારોપણના કારણે તેમને નવું જીવન મળ્યું છે. તેમણે સૌને અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા અને આ માનવતાવાદી અભિયાન સાથે જોડાવા અપીલ કરી હતી.

## જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ યોજાશે

**નડિયાદ, તા. 07**

ખેડા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૩/૨૦૨૬ના બુધવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કલેકટરશ્રી ખેડા- નડિઆદના અધ્યક્ષસ્થાને મિટીંગ હોલ, કલેકટર કચેરી, નડિઆદ ખાતે યોજાનાર છે. ખેડા જિલ્લાના તમામ નાગરિકોએ તેઓના પડતર પ્રશ્નો માટે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ, અરજીના મથાળે જિલ્લા સ્વાગત કાર્યક્રમ" લખી તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં અત્રેની કચેરીને ત્રણ નકલમાં, સુવાચ્ય અક્ષરોમાં એ/ જ કાગળ ઉપર કરવાની રહેશે. જે બાદ મળેલ અરજીઓનો આગામી મહિનાના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારે પ્રશ્નની રજૂઆત સંબંધિત કચેરીને કરેલ હોવી જોઈએ તેમજ પ્રશ્નની રજૂઆત સંબંધિત તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કરેલ હોવી જોઈએ ને જો ત્યાંથી પડતર હોય તેવા પ્રશ્ન તેમજ જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય, તેવી મોબાઈલ નંબર અને આધાર-પુરાવા સહિત કરેલ રજૂઆત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજૂ કરી શકાશે નહિ. તેમજ એક વિષયની એક જ અરજી સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવા જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે. તેમજ પ્રશ્નની રજૂઆત સંબંધિત તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કરેલ હોવી જોઈએ ને જો ત્યાંથી પડતર હોય તેવા પ્રશ્ન તેમજ જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય, તેવી મોબાઈલ નંબર અને આધાર-પુરાવા સહિત કરેલ રજૂઆત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજૂ કરી શકાશે નહિ. તેમજ એક વિષયની એક જ અરજી સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવા જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## સેવા સેતુ કાર્યક્રમ-૨૦૨૬ અલીણા- અહીં મારા જેવા બીજા પણ દાખલા અને પ્રમાણપત્રો મળી રહ્યા છે સેવા સેતુ કાર્યક્રમ

**નડિયાદ, તા. 07**

"એક જ સ્થળે બધા પ્રમાણપત્ર અને દાખલા મળી રહે આથી લોકોનો સમય અને નાણાં બચે છે. હું અહીં મારા દીકરા અહેઝ અહઝાઝ અહેમદનું ઓબીસીનું પ્રમાણપત્ર રીન્યુ કરાવવા આવ્યો હતો. ઝડપથી મારું કામ પતી ગયું અને અમારું પ્રમાણપત્ર થઈ ગયું છે એ માટે સરકારનો અને અધિકારીનો આભાર. કારણ કે અહીં મારા જેવા બીજા પણ દાખલા અને પ્રમાણપત્રો મળી રહ્યા છે સેવા સેતુ કાર્યક્રમ લોકો માટે ઉપયોગી અને જરૂરી છે." આ શબ્દો છે મહુધા તાલુકાના અલીણા ગામે પ્રાથમિક શાળા અલીણા ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં પોતાના અધર બેકવર્ડ કાસ્ટ પ્રમાણપત્ર રીન્યુ કરાવનાર શેખ ગુલામ મહિયોદ્દીન ના.કારણ કે અહીં મારા જેવા બીજા પણ દાખલા અને પ્રમાણપત્રો મળી રહ્યા છે સેવા સેતુ કાર્યક્રમ લોકો માટે ઉપયોગી અને જરૂરી છે." આ શબ્દો છે મહુધા તાલુકાના અલીણા ગામે પ્રાથમિક શાળા અલીણા ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં પોતાના અધર બેકવર્ડ કાસ્ટ પ્રમાણપત્ર રીન્યુ કરાવનાર શેખ ગુલામ મહિયોદ્દીન ના. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં પ્રારંભ થયેલા સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત એક જ સ્થળ પર વિવિધ વિભાગોની કચેરીઓ દ્વારા ૫૫ જેટલી સેવાઓ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત ખેડા જિલ્લામાં પણ સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

### "Rights. Justice. Action. For All Women And Girls"-૨૦૨૬

## પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નડિયાદ ખાતે કરાશે

**અમદાવાદ, તા. 07**

અન્ન, નાગરિક, પુરવઠા અને ગ્રાહક સુરક્ષા અને ખેડા જિલ્લા પ્રભારી મંત્રી શ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને આઠમી માર્ચના રોજ જિલ્લા કક્ષાનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નડિયાદ ખાતે કરવામાં આવનાર છે કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા દ્વારા મહિલાઓને માન સન્માન આપવા, મહિલાઓની શક્તિને ઉજાગર કરવા, તેઓની ક્ષમતાને ઉત્સાહિત અને પ્રેરિત કરવા સમગ્ર વિશ્વમાં ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૬ માટે"Rights. Justice. Action. For All Women And Girls"ની થીમ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ છે.મહિલાલક્ષી યોજનાઓ /કાર્યક્રમોની જાણકારી માટે થીમ આધારિત કાર્યક્રમ યોજવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જિલ્લા વહિવટી તંત્ર ખેડાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"ની ઉજવણી તા.૦૮-૦૩-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે બાપ્સ સ્વામીનારાણ મંદિર,કેશવ કથા કુંજ, યોગી ફાર્મ, પીપલગ રોડ, નડિઆદ તા.નડીઆદ, જિ.ખેડા ખાતે પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન યોજાશે. આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ, ૨૦૨૬ નિમિત્તે આયોજિત મહિલા સંમેલન કાર્યક્રમમાં ૨૦ મહિલા ઉદ્યમીઓનું સન્માન, મહિલા સરપંચ/બાલીકા પંચાયતની દિકરીઓનું સન્માન, વહાલી દીકરી-કીટ વિતરણ મંજૂરી હુકમ વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાઓના ચેક વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને હુકમ/ચેક વિતરણ કરવામાં આવશે.

આ સાથે અન્ય વિભાગોની મહિલાલક્ષી યોજનાઓનું લાભ વિતરણ તથા વિવિધ પ્રોટેક્શન યુનિટ નો સ્ટોલ, લીડ બેન્ક નો સ્ટોલ, આંગણવાડી કેન્દ્રમાં અપાતા ફૂડ પોષણ સ્ટોલનું પ્રદર્શન, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો સ્ટોલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સ્ટોલ, ડિજિટલ લીટરેસી (ડિજિટલ શિક્ષણ) અંગેનો સ્ટોલ, ડિજિટલ સેફ્ટી એન્ડ સિક્યોરીટી, સાયબર સેફ્ટી વગેરે જેવા વિભાગના સ્ટોલનુ પ્રદર્શન રાખવામાં આવનાર છે એમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી,ખેડા-નડીઆદશ્રી ફરજાના ખાનની અખબારી યાદીમાં જણાવ્યું છે. આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ, ૨૦૨૬ નિમિત્તે આયોજિત મહિલા સંમેલન કાર્યક્રમમાં ૨૦ મહિલા ઉદ્યમીઓનું સન્માન, મહિલા સરપંચ/બાલીકા પંચાયતની દિકરીઓનું સન્માન, વહાલી દીકરી-કીટ વિતરણ મંજૂરી હુકમ વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાઓના ચેક વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને હુકમ/ચેક વિતરણ કરવામાં આવશે.

આ સાથે અન્ય વિભાગોની મહિલાલક્ષી યોજનાઓનું લાભ વિતરણ તથા વિવિધ પ્રોટેક્શન યુનિટ નો સ્ટોલ, લીડ બેન્ક નો સ્ટોલ, આંગણવાડી કેન્દ્રમાં અપાતા ફૂડ પોષણ સ્ટોલનું પ્રદર્શન, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો સ્ટોલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સ્ટોલ, ડિજિટલ લીટરેસી (ડિજિટલ શિક્ષણ) અંગેનો સ્ટોલ, ડિજિટલ સેફ્ટી એન્ડ સિક્યોરીટી, સાયબર સેફ્ટી વગેરે જેવા વિભાગના સ્ટોલનુ પ્રદર્શન રાખવામાં આવનાર છે એમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી,ખેડા-નડીઆદશ્રી ફરજાના ખાનની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### આજ થી ખેડા જિલ્લાના ૦૯ તાલુકાઓના વિવિધ સ્થળોએ સેવાસુત કાર્યક્રમ ૨.૦ શરૂ

# માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર અને કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે સેવાસેતુ કાર્યક્રમની મુલાકાત લઈ લાભાર્થીઓને લાભ વિતરણ કર્યું

### આવતીકાલે તારીખ ૦૮ માર્ચના રોજ કપડવંજની તેલનાર પ્રાથમિક શાળા ખાતે અને નડિયાદની સલુણ તળપદ પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે

**નડિયાદ, તા. 07**

ખેડા જિલ્લામાં ૦૭ માર્ચ થી ૨૧ માર્ચ, ૨૦૨૬ દરમિયાન આયોજિત સેવા સેતુ કાર્યક્રમ ૨.૦ અંતર્ગત આજ રોજ ૦૭ માર્ચ શનિવારે માતર તાલુકાના રઘવાણજ ગામની પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, સરકારની વિભિન્ન યોજનાઓ અને સહાય-સેવાઓના લાભનું એક જ સ્થળ પર વિતરણ કરવામાં આવ્યું. રઘવાણજ ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં પશુપાલન, આરોગ્ય, એમજીવીસીએલ, ખેતી, બાગાયત, આત્મા, બેન્ક, પુરવઠા, મામલતદાર કચેરી, વિવધ પંચાયતો, સમાજ કલ્યાણ, રોજગાર સહિતના વિભાગો અને કચેરીઓ દ્વારા આધારકાર્ડ, રેશનકાર્ડ, આકારણી, જન્મ, મરણ, લગ્ન નોંધણી પ્રમાણપત્રો, આવકનુ પ્રમાણપત્ર, પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ, ઈ-ધારા,





ઈ-સ્ટેમ્પીંગ, ઈ-શ્રમ કાર્ડ સહિતની વિવિધ સેવાઓ પ્રદાન કરી હતી. સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામીણોને આરોગ્યલક્ષી બી.પી, સુગર વગેરેની તપાસ કરવામાં આવી હતી. સંધાણા, હૈજરાબાદ, આંત્રોલી, રતનપુર, ઉંઢેલા, વણસર, ઉંટઈ, સોખડા, દેથલી, નાંદોલી, કઠોડા અને રઘવાણજના ગ્રામીણોએ આ સેવાઓનો લાભ લીધો હતો.

આ તકે માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર અને કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે સેવાસેતુ કાર્યક્રમની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. ધારાસભ્યશ્રી અને કલેકટરશ્રીએ પોતાના હસ્તે સરકારી સેવાઓના લાભનું વિતરણ પણ કર્યું હતું અને આ રીતે ગ્રામજનોને સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમારે જણાવ્યું હતું કે સેવાસેતુના કાર્યક્રમ દ્વારા સરકાર કિસાન સન્માન નિધિ, વિધવા સહાય, પીએમજેવાય કાર્ડ સહિતની અનેકવિધ નાની મોટી સરકારી સેવાઓનો લાભ ઘર આંગણે જ ઉપલબ્ધ કરાવે છે. ત્યારે તમામ ખેડા જિલ્લા વાસીઓને સેવાસેતુ કાર્યક્રમનો લાભ લેવા ધારાસભ્યશ્રીએ અપીલ કરી હતી.

આ તકે ઉંઢેલા ગામના લાભાર્થી શ્રી નાવેદભાઈ સૈયદે જણાવ્યુ હતુ કે આજ રોજ રઘવાણજ ગામ ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત તેમને જન્મનુ પ્રમાણપત્ર મળ્યુ હતુ. આ ત્વરીત સેવાના લાભથી તેઓએ આનંદ વ્યક્ત કર્યો હતો અને અન્ય લોકોને પણ સેવાસેતુ કાર્યક્રમની સેવાઓનો લાભ લેવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રાંત અધિકારી શ્રી સુરજ બારોટ, માતર મામલતદાર શ્રી, તાલુકા પંચાયત અધિકારીશ્રી, સંબધિત વિભાગના અધિકારીઓ, અન્ય આગેવાનો, મહાનુભવો અને મોટી સંખ્યામાં રઘવાણજ અને આસપાસના વિસ્તારમાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે આવતીકાલે તારીખ ૦૮ માર્ચના રોજ કપડવંજ અને નડિયાદ ગ્રામ્યમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન છે. જેમાં કપડવંજની તેલનાર પ્રાથમિક શાળા ખાતે તેલનાર, પલૈયા, વ્યાસજીના મુવાડા, વાઘજીપુરા, બોભા, ફુલજીના મુવાડા, બેટાવાડા, રોજવાડા, દેરડી પાવઠી ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તેવી જ રીતે નડિયાદ ગ્રામ્યમા સલુણ તળપદ પ્રાથમિક શાળા ખાતે સલુણવાંટા, સલુણ તળપદ, વાલ્લા, નવાગામ, કંજોડા, હાથજ, અલીન્દ્રા, સુરાશામળ અને ચલાલી ગામના લોકો માટે યોજાશે સેવાસેતુ કાર્યક્રમ. આ કાર્યક્રમ અંતર્ગત પ્રાંત અધિકારી શ્રી સુરજ બારોટ, માતર મામલતદાર શ્રી, તાલુકા પંચાયત અધિકારીશ્રી, સંબધિત વિભાગના અધિકારીઓ, અન્ય આગેવાનો, મહાનુભવો અને મોટી સંખ્યામાં રઘવાણજ અને આસપાસના વિસ્તારમાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે આવતીકાલે તારીખ ૦૮ માર્ચના રોજ કપડવંજ અને નડિયાદ ગ્રામ્યમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન છે. જેમાં કપડવંજની તેલનાર પ્રાથમિક શાળા ખાતે તેલનાર, પલૈયા, વ્યાસજીના મુવાડા, વાઘજીપુરા, બોભા, ફુલજીના મુવાડા, બેટાવાડા, રોજવાડા, દેરડી પાવઠી ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તેવી જ રીતે નડિયાદ ગ્રામ્યમા સલુણ તળપદ પ્રાથમિક શાળા ખાતે સલુણવાંટા, સલુણ તળપદ, વાલ્લા, નવાગામ, કંજોડા, હાથજ, અલીન્દ્રા, સુરાશામળ અને ચલાલી ગામના લોકો માટે યોજાશે સેવાસેતુ કાર્યક્રમ.

# સેમસન પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બની શકે છે : ICCએ 8 ખેલાડીઓ સાથે શોર્ટલિસ્ટ કર્યા; ન્યૂઝીલેન્ડના 2 ખેલાડીઓ સામેલ

**નવી દિલ્હી, તા.07**

સંજુ સેમસન ભારતે રમેલી છેલ્લી બન્ને મેચમાં પ્લેયર ઑફ ધ મેચ બન્યો. T20 વર્લ્ડ કપ 2026 તેના અંતિમ તબક્કામાં છે. રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ખિતાબી જંગ થવાની છે. ફાઇનલ પહેલા જ ICCએ 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' માટે 8 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કર્યા છે. ICCના નોમિનેશનમાં ભારતના સંજુ સેમસનનું પણ નામ છે. જેણે ટુર્નામેન્ટમાં માત્ર 4 મેચ રમી, પરંતુ 200 પ્લસના સ્ટ્રાઈક રેટથી 232 રન બનાવ્યા. તે ભારતના પાછલી બંને મેચમાં પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યો હતો. પ્લેઈંગ-11માં તક પણ મળી રહી ન હતી T20 વર્લ્ડ કપ જ્યારે શરૂ થયો ત્યારે ભારતની પ્લેઈંગ-11માં સંજુ સેમસનનું નામ ન હતું. અભિષેક શર્મા અને ઈશાન કિશન ઓપનિંગ કરવા ઉતર્યા, જ્યારે તિલક વર્માને નંબર-3 પર તક મળી. નામિબિયા સામેની મેચ પહેલા અભિષેક બીમાર પડ્યો. તેની જગ્યાએ સંજુનો સમાવેશ થયો.



સેમસને 8 બોલમાં 22 રન બનાવીને આઉટ થયોયા. અભિષેક જ્યારે ફિટ થઈને પાછો આવ્યો ત્યારે સેમસનને બહાર કરી દેવામાં આવ્યો. પાકિસ્તાન, નેધરલેન્ડ્સ અને સાઉથ આફ્રિકા સામે સેમસન બેન્ચ પર જ રહ્યો. સુપર-8 સ્ટેજમાં ભારતે પોતાની પહેલી મેચ ગુમાવી પણ દીધી. ઝિમ્બાબ્વે સામે મેનેજમેન્ટે રિંકુ સિંહની જગ્યાએ સેમસનને તક આપી અને સંજુ પાસેથી જ ઓપનિંગ પણ કરાવી. સેમસને ઝિમ્બાબ્વે સામેની વાપસી મેચમાં 24 રન બનાવ્યા. વેસ્ટ ઇન્ડીઝ સામેની આગામી મેચ નોકઆઉટ જેવી હતી, સેમસને અહીં 97 રનની નોટઆઉટ ઇનિંગ રમી અને ભારતને 197 રનનો ટાર્ગેટ ચેઝ કરાવ્યો. સંજુએ પછી સેમિફાઈનલમાં પણ 89 રન બનાવીને ભારતને મોટા સ્કોર સુધી પહોંચાડ્યું. તે માત્ર 4 મેચમાં જ 16 છગ્ગા લગાવી ચૂક્યો છે. પાકિસ્તાનનો સાહિબઝાદા પણ રેસમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટની રેસમાં પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાનનું નામ પણ છે. તેણે 2 સદી ફટકારીને 383 રન બનાવ્યા. આ એક T20 વર્લ્ડ કપમાં કોઈપણ ખેલાડીએ બનાવેલા સૌથી વધુ રનનો રેકોર્ડ છે. જોકે, તેને ટીમના બાકીના ખેલાડીઓનો સાથ ન મળ્યો અને ટીમ નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કરી શકી નહીં.

## ICCએ ટીમ્સ માટે ચાર્ટર્ડ પ્લેન બુક કર્યા:ઇંગ્લેન્ડ શનિવારે, સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડીઝ રવિવારે રવાના થશે; ઈરાન-ઇઝરાયલ યુદ્ધને કારણે ફ્લાઇટ્સ રદ

**નવી દિલ્હી, તા.07**

ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડીઝની ટીમો હવે ચાર્ટર્ડ ફ્લાઈટથી ભારતથી રવાના થશે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ આ ટીમો માટે વિશેષ ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી છે. વાસ્તવમાં, ઈરાન-ઈઝરાયેલ યુદ્ધને કારણે હવાઈ સેવાઓ પ્રભાવિત થઈ છે અને દુબઈથી ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આ જ કારણોસર, ટી-20 વર્લ્ડ કપમાં પોતાની મેચો પૂરી થયા પછી આ ત્રણેય ટીમો ભારતમાં જ ફસાયેલી હતી. શનિવાર અને રવિવારે ટીમો રવાના થશે ક્રિકઈન્ફોના રિપોર્ટ અનુસાર, ગુરુવારે એટલે કે 5 માર્ચે ભારત સામે સેમિફાઈનલ હારનાર ઈંગ્લેન્ડની ટીમ શનિવારે સાંજે મુંબઈથી સીધી લંડન માટે ઉડાન ભરશે. જ્યારે, વેસ્ટ ઈન્ડીઝ અને સાઉથ આફ્રિકાની ટીમો કોલકાતાથી એક અલગ ચાર્ટર્ડ



ફ્લાઈટથી રવાના થશે. આ ફ્લાઈટ પહેલા જોહાનિસબર્ગ (સાઉથ આફ્રિકા) જશે અને ત્યાંથી એન્ટિગુઆ (વેસ્ટ ઈન્ડીઝ) માટે ઉડાન ભરશે. સાઉથ આફ્રિકન ટીમ રવિવારે રવાના થવાની અપેક્ષા છે. વેસ્ટ ઈન્ડીઝના કોચે સોશિયલ મીડિયા પર દિવસો ગણાવ્યા વેસ્ટ ઈન્ડીઝની ટીમ 1 માર્ચે સુપર-8ની છેલ્લી મેચમાં ભારત સામે હારીને બહાર થઈ ગઈ હતી, ત્યારથી ખેલાડીઓ કોલકાતામાં જ રોકાયેલા છે. વેસ્ટ ઈન્ડીઝના હેડ કોચ ડેરેન સેમીએ શનિવારે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર 'Day 6' પોસ્ટ કર્યું. તેમનો ઈશારો તે દિવસો તરફ હતો જે ટીમને મેચ પૂરી થયા પછી મજબૂરીમાં કોલકાતામાં વિતાવવા પડ્યા. ઝિમ્બાબ્વેની ટીમને પણ ભારતથી નીકળવામાં ઘણો વિલંબ થયો, જોકે તેમના કેટલાક સભ્યો 4 માર્ચે રવાના થઈ ચૂક્યા છે. સાઉથ આફ્રિકાના કેટલાક ખેલાડીઓ સીધા ન્યુઝીલેન્ડ જશે સાઉથ આફ્રિકાની ટીમ 4 માર્ચે પ્રથમ સેમિફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે હારી ગઈ હતી.

## ભારત-ન્યૂઝીલેન્ડની સ્ટ્રેન્થ-વીકનેસ જાણો : બન્ને ટીમ જ્યાં હારી હતી, ત્યાં જ ફાઈનલ રમશે, ઈન્ડિયન ટીમ શેમાં બાજી મારી શકે છે?

**નવી દિલ્હી, તા.07**

T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીએ 20 ટીમ વચ્ચે શરૂ થયો. 5 માર્ચ સુધીમાં 2 ફાઈનલિસ્ટ ટીમ મળી ગઈ, જેમની વચ્ચે 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટાઈટલ મેચ રમાશે. ન્યૂઝીલેન્ડે કોલકાતા અને ભારતે મુંબઈમાં સેમિફાઈનલ જીત્યો. બંને ટીમ અમદાવાદમાં 1-1 મેચ સાઉથ આફ્રિકા સામે હારી ચૂકી છે, હવે આ જ મેદાન પર ટાઈટલ માટે દાવેદારી રજૂ કરશે. ભારત 2007 અને 2024માં ચેમ્પિયન બની ચૂક્યું છે, જ્યારે કિવી ટીમ 2021 પછી હવે ફાઈનલમાં પહોંચી છે.




ભારતને એકમાત્ર હાર સુપર-8 સ્ટેજમાં મળી

યજમાન ભારતે T20 વર્લ્ડ કપની શરૂઆત અમેરિકા સામેની મેચથી કરી. પાવરપ્લેમાં 4 વિકેટ ગુમાવ્યા બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે 84 રન બનાવ્યા અને ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી. ટીમે પછી નામિબિયા, પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ સામે સરળતાથી મેચ જીતી. સુપર-8 સ્ટેજમાં હોમ ટીમની પ્રથમ મેચ સાઉથ આફ્રિકા સામે અમદાવાદમાં થઈ. પાવરપ્લેમાં વિકેટો પડવા છતાં પ્રોટીયેઝ ટીમે 187 રન બનાવ્યા. ભારત માત્ર 111 રન જ બનાવી શક્યું. આ હાર પછી ભારતે ઝિમ્બાબ્વે સામે 256 રન બનાવીને કમબેક કર્યું. ટીમે પછી વેસ્ટ ઈન્ડીઝ સામે 197 રનને ચેઝ કરીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં ભારતે 253 રન બનાવ્યા, પરંતુ આ સ્કોર પણ જીત માટે પૂરતો લાગતો ન હતો. ઈંગ્લેન્ડના યુવા બેટર જેકબ બેથેલે સદી ફટકારી અને ટીમને જીતની નજીક પહોંચાડી. જોકે, ભારતે 7 રનના નજીકના અંતરથી હાઈ-સ્કોરિંગ મેચ જીતી અને ફાઈનલમાં પ્રવેશ કર્યો.

દરેક સ્ટેજમાં 1-1 મેચ હાર્યું ન્યૂઝીલેન્ડ

ન્યૂઝીલેન્ડે ગ્રુપ સ્ટેજમાં અફઘાનિસ્તાનને હરાવીને ટુર્નામેન્ટ શરૂ કરી. ટીમે પછી UAEને 10 વિકેટે હરાવી દીધું. ચેન્નઈમાં બંને મેચ રમ્યા પછી ટીમ અમદાવાદમાં સાઉથ આફ્રિકા સામે ટકરાવા ગઈ. જ્યાં પ્રોટીયેઝ ટીમે 8 વિકેટે મુકાબલો જીતી લીધો. ન્યૂઝીલેન્ડે ફરી ચેન્નઈમાં કેનેડાને હરાવ્યું અને સુપર-8માં એન્ટ્રી કરી લીધી. બીજા રાઉન્ડમાં ન્યૂઝીલેન્ડનો પાકિસ્તાન સામેની પહેલી જ મેચ વરસાદને કારણે રદ રહી.

## અમદાવાદની પીચ સેમિફાઈનલની જેમ બેટિંગ ફ્રેન્ડલી હશે : સ્પિન ઓછો, પેસ અને બાઉન્સ વધુ; ફાઈનલમાં રિચર્ડ ઈલિંગવર્થ અમ્પાયરિંગ કરશે

**હરારે, તા.07**

આ બીજી વખત હશે જ્યારે ભારત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ICC ટુર્નામેન્ટની ફાઈનલ રમશે. ટીમ અગાઉ 2023માં અહીં ODI વર્લ્ડ કપની ફાઈનલ હારી ગઈ હતી. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ બેટિંગ ફ્રેન્ડલી પીચ પર રમાશે. ESPN અનુસાર, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ફ્રેશ પીચનો ઉપયોગ થશે, જ્યાં ટુર્નામેન્ટની શરૂઆતમાં એક મેચ રમાઈ હતી. કાળી અને લાલ માટીને મિક્સ કરીને પીચ બનાવવામાં આવી છે. જ્યાં બોલ બહુ ઓછો સ્પિન થશે, પરંતુ પેસ અને બાઉન્સ ચોક્કસ મળશે. જોકે, આનાથી બેટર્સને જ ફાયદો થશે. ફાઈનલ મુકાબલો 8 માર્ચે સાંજે 7 વાગ્યાથી રમાશે. ICCએ જણાવ્યું કે ઈંગ્લેન્ડના રિચાર્ડ ઈલિંગવર્થ



અને એલેક્સ વ્હાર્ફ અમ્પાયરિંગ કરશે. બીજી સેમિફાઈનલમાં પણ અમદાવાદ જેવી પીચ હતી વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઈનલ ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે કોલકાતામાં રમાઈ હતી. પીચ બેટિંગ ફ્રેન્ડલી ચોક્કસ હતી, પરંતુ પ્રથમ ઈનિંગ્સમાં બોલરોને પણ મદદ મળી હતી. સાઉથ આફ્રિકા 169 રન જ બનાવી શક્યું, ન્યૂઝીલેન્ડે 12.5 ઓવરમાં 1 વિકેટના નુકસાન પર ટાર્ગેટ ચેઝ કરી લીધો. બીજી સેમિફાઈનલ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. અહીંની પીચ બંને ઈનિંગ્સમાં બેટિંગ માટે ખૂબ જ સરળ રહી હતી. જ્યાં ટૉસ હારતા પહેલા બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાએ 253 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે પણ હાર માની ન હતી અને ભારતની નજીક પહોંચતા 246 રન બનાવ્યા હતા. 40 ઓવરની મેચમાં 499 રન બન્યા હતા. હવે ફાઈનલમાં પણ બિલકુલ આ જ પ્રકારની પીચ મળવાની છે.

ભારતે 7 રનથી ઈંગ્લેન્ડને બીજી સેમિફાઈનલ હરાવી.

કાળી અને લાલ માટીને મિક્સ કરવામાં આવી અમદાવાદમાં કાળી અને લાલ માટીને મિક્સ કરીને ફાઈનલ માટે પીચ બનાવવામાં આવી. વાનખેડે સ્ટેડિયમમાં પણ સેમિફાઈનલ દરમિયાન આવી જ પીચ હતી. હવે ફાઈનલમાં પણ સ્પિનરોને ઓછી મદદ મળશે, પેસર્સને સારો બાઉન્સ મળશે, પરંતુ તેનાથી બેટિંગ ઘણી સરળ બની જશે. પ્રથમ ઈનિંગ્સમાં ટીમે 200થી વધુ રન બનાવવા પડશે. ફાઈનલની પીચ પર એક જ મેચ રમાઈ ફાઈનલની પીચ લગભગ ફ્રેશ જ રહેશે, કારણ કે અહીં ટુર્નામેન્ટની એકમાત્ર મેચ લગભગ એક મહિના પહેલા 9 ફેબ્રુઆરીએ રમાઈ હતી. અહીં પહેલા બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ માત્ર 4 વિકેટ ગુમાવીને 213 રન બનાવ્યા હતા. જવાબમાં કેનેડા 156 રન જ બનાવી શક્યું. અમદાવાદમાં કેનેડા-આફ્રિકા મેચ પછી પણ 5 મેચ રમાઈ હતી, પરંતુ તેમાંથી કોઈમાં પણ ફાઈનલવાળી પીચનો ઉપયોગ થયો ન હતો.

## જાહ્નવી કપૂર ઉઘાડા પગે 3,550 સીડીઓ ચઢી મંદિર પહોંચી : જન્મદિવસે ભગવાન વેંકટેશ્વરના આશીર્વાદ લીધા

**મુંબઈ, તા.07**

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂરનો દર વર્ષની જેમ આ વર્ષનો જન્મદિવસ પણ ખૂબ જ ખાસ અને આધ્યાત્મિક રહ્યો. પોતાના જન્મદિવસના અવસરે તેણે આંધ્ર પ્રદેશના પ્રસિદ્ધ તિરુમાલા મંદિરમાં દર્શન કર્યાં. ખાસ વાત એ રહી કે, તેણે મંદિર સુધી પહોંચવા માટે લગભગ 3,550 સીડીઓ ઉઘાડા પગે ચઢી.

ઉઘાડા પગે 3,550 સીડીઓ ચઢી



એક્ટ્રેસે પોતાની આસ્થા અને શ્રદ્ધા વ્યક્ત કરવા માટે આ કઠિન યાત્રા પગપાળા પૂરી કરી. તિરુમાલાની ટેકરીઓ પર સ્થિત ભગવાન વેંકટેશ્વરના આ પ્રસિદ્ધ મંદિર સુધી પહોંચવા માટે શ્રદ્ધાળુઓ અવારનવાર પગપાળા માર્ગ પસંદ કરે છે, જેમાં હજારો સીડીઓ ચઢવી પડે છે. જાહ્નવી કપૂરે પણ આ જ પરંપરાગત રસ્તો પસંદ કર્યો અને આખો રસ્તો ઉઘાડા પગે ચઢીને પોતાની ભક્તિનો પરિચય આપ્યો.

જાહ્નવી કપૂરે ભગવાન વેંકટેશના દર્શન કરીને 29મોં જન્મદિવસ ઉજવ્યો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જાહ્નવી કપૂરે આ યાત્રા વહેલી સવારે શરૂ કરી હતી. રસ્તામાં ઘણા શ્રદ્ધાળુઓએ તેની સાદગીના ખૂબ વખાણ કર્યા. કોઈ ખાસ દેખાડા વગર, સાદા કપડામાં જાહ્નવી ભગવાનના દર્શન કરવા પહોંચી હતી. મંદિરે પહોંચીને તેમણે વિધિવત પૂજા-અર્ચના કરી અને ભગવાન વેંકટેશ્વરના આશીર્વાદ લીધા.

એક્ટ્રેસે મંદિરના પણ કેટલાક ફોટો શેર કર્યાં.

તેની જન્મદિવસને આ રીતે આધ્યાત્મિક શૈલીમાં ઉજવવાની આ પહેલ સોશિયલ મીડિયા પર પણ ઘણી ચર્ચામાં છે. ચાહકો તેની આ ભક્તિ અને સાદગીની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. ઘણા લોકોનું કહેવું છે કે ગ્લેમરની દુનિયામાં રહેવા છતાં પણ જાહ્નવી પોતાની સંસ્કૃતિ અને ધાર્મિક આસ્થા સાથે જોડાયેલી છે.

બર્થ ડે સેલિબ્રેશન માટે ગુલાબી અને ગોલ્ડન બલુન્સ પસંદ કરાયા.

નોંધનીય છે કે જાહ્નવી કપૂર દિવંગત એક્ટ્રેસ શ્રીદેવી અને ફિલ્મ નિર્માતા બોની કપૂરની દીકરી છે. તેનો જન્મ 6 માર્ચ 1997ના રોજ મુંબઈમાં થયો હતો.

## યામી ગૌતમને ક્રિતી સેનનની અદેખાઈ આવે છે?

**એક્ટ્રેસને રોસ્ટ કરતા વીડિયોમાં લાઇક કરી, ટ્રોલ થતાં 'ઉરી'ની એક્ટ્રેસે ખુલાસો આપવો પડ્યો**



**મુંબઈ, તા.07**

બોલિવૂડ એક્ટ્રેસ યામી ગૌતમને ક્રિતી સેનનની અદેખાઈ આવે છે તેવી ચર્ચાઓએ સોશિયલ મીડિયા પર જોર પકડ્યું છે. આ ચર્ચાઓ ત્યારે શરૂ થઈ, જ્યારે યામીએ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર એક એવી રીલ લાઇક કરી હતી, જેમાં ક્રિતી સેનનને મળેલા બેસ્ટ એક્ટ્રેસના એવોર્ડ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા.

'તેરે ઇશ્ક મેં' ફિલ્મમાં ક્રિતી સેનની દમદાર એક્ટિંગ જોવા મળી હતી.

આ રીલ પર યામીની લાઇક જોઈને ક્રિતીના ચાહકો સહિતના સોશિયલ મીડિયા યુઝર્સ યામીનો વિરોધ કરી રહ્યા છે. તેને સતત ટ્રોલ કરવામાં આવી રહી છે. મામલો વકરતા હવે યામીએ આ મામલે સ્પષ્ટતા કરી છે.

એક્ટ્રેસે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, તેણે જાણી જોઈને લાઇક કરી નથી. તેનો ઈરાદો કોઈને નીચું બતાવવાનો નહોતો.

'કદાચ ભૂલથી ક્લિક થઈ ગયું હશે'

વિવાદ વધતો જોઈને યામી ગૌતમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) એકાઉન્ટ પર એક લાંબી પોસ્ટ લખીને સ્પષ્ટતા કરી. યામીએ લખ્યું, 'મારા ધ્યાનમાં આવ્યું છે કે, મેં એક એવી રીલને લાઇક કરી છે, જે બીજી એક્ટ્રેસ પ્રત્યે અપમાનજનક છે. અમને રોજ ઘણી વસ્તુઓમાં ટેગ કરવામાં આવે છે, આ રીલ પણ તે જ રીતે સામે આવી હતી. તે લાઇક જાણી જોઈને કરવામાં આવી ન હતી, કદાચ ભૂલથી ક્લિક થઈ ગઈ હશે.' 'ક્લિકબેટ દુનિયામાં ગપસપ બનાવવી સરળ છે' યામીએ તે લોકોને પણ જવાબ આપ્યો, જેઓ તેને પબ્લિસિટી સ્ટંટ કહી રહ્યા હતા. તેણે લખ્યું, મેં મારી લાઇફમાં ક્યારેય પણ ચીપ પીઆરની યુક્તિઓ અપનાવી નથી. મેં હંમેશા મારા કામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજની ક્લિકબેટ દુનિયામાં ગપસપ બનાવવી સરળ છે, પરંતુ મારી પ્રતિષ્ઠા તેનાથી ક્યાંય સારી છે. મારી કોઈ પીઆર ટીમ નથી.

યામીએ ઈન્સ્ટાગ્રામ પર પણ સ્ટોરી પોસ્ટ કરીને આ મામલે સ્પષ્ટતા કરી છે.

આખો વિવાદ શું છે?

તાજેતરમાં ઝી સિને એવોર્ડ્સમાં ક્રિતી સેનનને ફિલ્મ 'તેરે ઇશ્ક મેં' માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો. જ્યારે, ફિલ્મ 'હક'માં શાઝિયા બાનોનું પાત્ર ભજવવા છતાં યામી ગૌતમને કોઈ એવોર્ડ મળ્યો નહોતો. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક રીલ વાયરલ થઈ.

## સલીમ ખાનની તબિયતમાં સુધારો:જાવેદ અખ્તરે કહ્યું, 'હવે તે ખુરશી પર બેસીને વાતચીત કરવા લાગ્યા છે'; 19 દિવસથી હૉસ્પિટલમાં દાખલ

**જાવેદ અખ્તર અને સલીમ ખાનની જોડીએ હિન્દી સિનેમામાં બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે.**

**મુંબઈ, તા.07**

દિગ્ગજ પટકથા લેખક અને સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને હવે તેઓ ખુરશી પર બેસીને વાતચીત કરવા લાગ્યા છે. આ માહિતી દિગ્ગજ લેખક



જાવેદ અખ્તરે તાજેતરમાં દિલ્હીમાં એક પુસ્તક વિમોચન કાર્યક્રમ દરમિયાન આપી હતી. સલીમ ખાન 17 ફેબ્રુઆરીથી મુંબઈની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ છે.,સલીમ ખાન હૉસ્પિટલમાં દાખલ થયા પછી શાહરૂખ ખાન, આમિર ખાન સહિત અનેક સેલેબ્સ તેમને મળવા પહોંચ્યા હતા. જાવેદ અખ્તર પણ ઘણી વખત હૉસ્પિટલ જઈને તેમને મળી ચૂક્યા છે. આ પહેલા સલીમ ખાનની તબિયત અંગે આમિર ખાને કહ્યું હતું કે, તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને તેઓ જલ્દી ઘરે પરત ફરી શકે છે. આમિરે કહ્યું- 'અમે બધા દુઆ કરી રહ્યા છીએ' અગાઉ મુંબઈ પ્રેસ ક્લબના કાર્યક્રમમાં હાજરી આપતી વખતે આમિર ખાને કહ્યું હતું કે, 'હું સલીમ સાહેબને મળવા ગયો હતો. અમે બધા દુઆ કરી રહ્યા છીએ કે, તેઓ જલ્દીથી જલ્દી સાજા થઈ જાય.

## બાદશાહના 'ટટીરી' ગીત વિરુદ્ધ FIR:વિદ્યાર્થિનીઓને સ્કૂલ બેગ ફેંકતી બતાવી

**ઇન્સ્ટાગ્રામ પર ઇન્ફ્લુએન્સરે એક્ટ્રેસને ટેગ કરીને લખ્યું- મને મારો પ્રેમ મળી ગયો**

**મુંબઈ, તા.07**

બોલિવૂડ રેપર-સિંગર બાદશાહના નવા હરિયાણવી ફોક સોંગ 'ટટીરી'ને લઈને હરિયાણાના પંચકુલાના સાયબર ક્રાઈમ અને જીંદના સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. જોકે, હજુ સુધી અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધાયો છે. રેપની લાઈન 'આયા બાદશાહ ડોલી ચઢાને', છોકરીઓને સ્કૂલના યુનિફોર્મમાં બેગ ફેંકવા અને જીંદ ડેપોની હરિયાણા રોડવેઝની બસનો પરવાનગી વગર ઉપયોગ કરવાના આરોપો છે. બીજી તરફ, પાણીપતની 'નારી તું નારાયણી' સંસ્થાના અધ્યક્ષ સવિતા આર્યા અને 'શિવ આરતી ફાઉન્ડેશન'ના પ્રમુખ શિવ કુમારની



ફરિયાદ પર હરિયાણા રાજ્ય મહિલા આયોગે બાદશાહને સમન્સ જારી કર્યું છે. જેમાં બાદશાહને પોતાનો પક્ષ રજૂ કરવા માટે 13 માર્ચે આયોગ સમક્ષ હાજર થવા જણાવ્યું છે. પંચકુલા પોલીસે યુટ્યુબ પરથી ગીતને હટાવી દીધું છે. સાથે જ રેપર વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જારી કરવાની તૈયારી કરી રહ્યા છે. આ ગીત 1 માર્ચે રિલીઝ થયું હતું. આ ગીતમાં કૈથલની બોક્સર સિમરન જાગલાનનો પણ અવાજ છે. તે હરિયાણવી સિંગર કરમબીર ફૌજીની દીકરી છે. 'ટટીરી' ગીતને અત્યાર સુધી યુટ્યુબ પર 4 મિલિયનથી વધુ લોકો સાંભળી ચૂક્યા છે. પંચકુલાના ચંડી મંદિર વિસ્તાર પાસે રહેતા અભય ચૌધરીએ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને કહ્યું કે, 'બાદશાહ નામના એક સિંગરનું 'ટટીરી' નામનું ગીત ઓનલાઈન અને સોશિયલ મીડિયા પર ચાલી રહ્યું છે.

## 'રહેમાન ડકૈત કે બાદ કૌન બનેગા લયારી કા બાદશાહ' : 'ધુરંધર-2' રિલિઝ થયાના 10 દિવસ પહેલાં ટ્રેલર રિલિઝ

**મુંબઈ, તા.07**

'રહેમાન ડકૈતની મોત બાદ લૈયારીનો બાદશાહ કોણ બનશે?' આ પ્રશ્નની રાહ જોઈ રહેલા દર્શકોની આતુરતાનો અંત આવી ગયો છે. આદિત્ય ધરે 2026ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ'નું ટ્રેલર રિલીઝ કરી દીધું છે. ભારતના જસકિરત સિંહ રાંગી કેવી રીતે પાકિસ્તાના લૈયારીના બાદશાહ રહેમાન ડકૈતની કબર ખોદનાર



હમઝા અલી મઝારી બને છે, તેની લોહિયાળ વાર્તાની ઝલક ટ્રેલરમાં જોવા મળી રહી છે. રણવીર સિંહના રૌદ્ર સ્વરૂપ ઉપરાંત સંજય દત્તનો એ જ એસપી ચૌધરી અસલમનો 'ખલનાયક' અંદાજ જોવા મળશે. દેશભક્તિનો જુવાળ અને આતંકીઓ સાથે બદલો લેવાની જ્વાળા, ટ્રેલરની શરૂઆત ફ્લેશબેકથી થાય છે, જ્યારે પાકિસ્તાની આતંકવાદી ભારતને ધમકી આપે છે. ત્યારબાદ શરૂ થાય છે, પાકિસ્તાનનું ભવિષ્ય નક્કી કરનાર જસકિરત સિંહ રાંગીના હમઝા અલી મઝારી બનવાની દિલધડક સફર. ટ્રેલરમાં જસકિરતના મનમાં ચાલતી ઉથલપાથલ, તેનો આક્રોશ અને રગેરગમાં ઉકળતો દેશભક્તિનો જુવાળ અને આતંકીઓ સાથે બદલો લેવાની જ્વાળાને ખૂબ સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે.

# ઘરેલુ સિલિન્ડરના ભાવમાં 60 રૂપિયાનો વધારો : ઈરાન યુદ્ધથી રાંધણ ગેસની અછતની શક્યતા; સરકારે LPG ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો

**મુંબઈ, તા.07**

કેન્દ્ર સરકારે ઘરેલુ ગેસ સિલિન્ડર 60 રૂપિયા મોંઘો કર્યો છે. ન્યૂઝ એજન્સી ANIએ સૂત્રોને ટાંકીને જણાવ્યું કે દિલ્હીમાં 14.2 કિલોગ્રામનો LPG ગેસ હવે 913 રૂપિયામાં મળશે. પહેલા તે 853 રૂપિયાનો હતો. જ્યારે 19 કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરમાં 115 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તે હવે 1883 રૂપિયામાં મળશે. વધેલી કિંમતો 7 માર્ચથી લાગુ પડશે. સરકારે ગેસના ભાવમાં વધારો એવા સમયે કર્યો છે જ્યારે અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધને કારણે દેશમાં ગેસની અછતની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સ્થિતિને જોતા સરકારે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરીને દેશની તમામ ઓઈલ રિફાઈનરી કંપનીઓને એલપીજી ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો છે. મિડલ ઈસ્ટમાં વધતા તણાવથી ગેસનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે. આ જ ખતરાને ધ્યાનમાં રાખીને સરકારે આ આદેશ જારી કર્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે હવે રિફાઈનરીઓ પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ ફક્ત રાંધણ ગેસ બનાવવા માટે કરશે.



**સિલિન્ડરની અછત રોકવા માટે સરકારનો આદેશ**

તમામ કંપનીઓએ પ્રોપેન અને બ્યુટેનનો સપ્લાય સરકારી તેલ કંપનીઓને કરવો પડશે. સરકારી તેલ કંપનીઓમાં ઈન્ડિયન ઓઈલ (IOC), હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) અને ભારત પેટ્રોલિયમ (BPCL)નો સમાવેશ થાય છે. તેનો હેતુ ગ્રાહકોને ગેસ સિલિન્ડરનો અવિરત પુરવઠો પૂરો પાડવાનો છે.

**સપ્લાય સંકટના 2 કારણો**

1. 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું લગભગ બંધ થવું

ભારત માટે સૌથી મોટો પડકાર 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું બંધ થવું છે. આ લગભગ 167 કિમી લાંબો જળમાર્ગ છે, જે ફારસની ખાડીને અરબી સમુદ્ર સાથે જોડે છે. ઈરાન યુદ્ધના કારણે આ રૂટ હવે સુરક્ષિત રહ્યો નથી. ખતરાને જોતા કોઈ પણ તેલ ટેન્કર ત્યાંથી પસાર થઈ રહ્યું નથી. દુનિયાના કુલ પેટ્રોલિયમનો 20% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરબ, ઈરાક અને કુવૈત જેવા દેશો પણ પોતાના નિકાસ માટે આના પર નિર્ભર છે. ભારત પોતાની જરૂરિયાતનું 50% ક્રૂડ ઓઈલ અને 54% એલએનજી આ જ રસ્તેથી મંગાવે છે. ઈરાન પોતે આ જ રૂટથી નિકાસ કરે છે.

2. પ્લાન્ટ પર ડ્રોન હુમલાથી LNGનું ઉત્પાદન અટક્યું

ગયા અઠવાડિયે અમેરિકા-ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યો હતો. તેના જવાબમાં ઈરાને UAE, કતાર, કુવૈત અને સાઉદી જેવા દેશોમાં આવેલા અમેરિકી ઠેકાણાઓ અને બંદરોને નિશાન બનાવ્યા છે. ઈરાનના ડ્રોન હુમલા બાદ ભારતને ગેસ સપ્લાય કરનાર સૌથી મોટા દેશ કતારે પોતાના LNG પ્લાન્ટનું ઉત્પાદન રોકી દીધું છે. આનાથી ભારતમાં ગેસનો પુરવઠો ઘટી ગયો છે. ભારત પોતાની જરૂરિયાતની 40% LNG (લગભગ 2.7 કરોડ ટન વાર્ષિક) કતારથી જ આયાત કરે છે. ઈરાને કતારના 'રાસ લફાન' સ્થિત પ્લાન્ટ પર ડ્રોનથી હુમલો કર્યો હતો. સુરક્ષા કારણોસર કંપનીએ LNGનું ઉત્પાદન હાલ પૂરતું રોકી દીધું છે.કતારની રાજધાની દોહાના ઔદ્યોગિક વિસ્તારમાં 1 માર્ચ 2026ના રોજ ઈરાની હુમલા બાદ ધુમાડો ઉડતો જોવા મળ્યો.

**CNG કંપનીઓએ સરકારને પત્ર લખ્યો, સંકટની ચેતવણી**

ગેસની અછતને ધ્યાનમાં રાખીને 'એસોસિએશન ઓફ સીજીડી એન્ટિટીઝ' (ACE) એ સરકારી કંપની ગેલ (GAIL) ને પત્ર લખીને સ્પષ્ટતા માંગી છે. કંપનીઓનું કહેવું છે કે જો કતારથી આવતી સસ્તી ગેસ નહીં મળે, તો તેમને 'સ્પોટ માર્કેટ'માંથી મોંઘી ગેસ ખરીદવી પડશે. કિંમતોમાં તફાવત: સ્પોટ માર્કેટમાં ગેસની કિંમત હાલમાં 25 ડોલર પ્રતિ યુનિટ પહોંચી ગઈ છે, જે કોન્ટ્રાક્ટવાળી ગેસ કરતાં બમણાથી પણ વધુ છે.

EV માં શિફ્ટ થશે લોકો: કંપનીઓને ડર છે કે જો CNG ના ભાવ વધશે, તો લોકો કાયમી ધોરણે EV તરફ શિફ્ટ થઈ જશે, જેનાથી ગેસ સેક્ટરને નુકસાન થશે.

**સરકારના આદેશની પ્રાઈવેટ કંપનીઓ પર અસર**

સરકારના આ નિર્ણયની સીધી અસર પ્રાઈવેટ સેક્ટરની કંપનીઓ, ખાસ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL) પર પડી શકે છે. પ્રોપેન અને બ્યુટેનના ડાયવર્ઝનથી આલ્કાઈલેટ્સના ઉત્પાદનમાં ઘટાડો થશે, જેનો ઉપયોગ પેટ્રોલની ગ્રેડિંગ સુધારવા માટે થાય છે. નિષ્ણાતો અને ટ્રેડ સોર્સિસનું કહેવું છે કે પ્રોપેન અને બ્યુટેનને પેટ્રોકેમિકલને બદલે LPG બનાવવામાં ઉપયોગ કરવાથી કંપનીઓના માર્જિન પર અસર પડશે. પોલીપ્રોપીલીન અને આલ્કાઈલેટ્સ જેવા પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ LPGની સરખામણીમાં સારી કિંમતે વેચાય છે.

**રાહતની વાત: ભારત એકલા હોર્મુઝ રૂટના ભરોસે નથી**

પરિસ્થિતિ પડકારજનક છે, પરંતુ સરકારે સ્પષ્ટ કર્યું છે કે ગભરાવાની જરૂર નથી:

રશિયા પર નિર્ભરતા: ભારત હવે તેની જરૂરિયાતનું 20% ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી મંગાવી રહ્યું છે (ફેબ્રુઆરીમાં 10.4 લાખ બેરલ પ્રતિદિન), જે હોર્મુઝ રૂટ પરની નિર્ભરતા ઘટાડે છે. પૂરતો ભંડાર: સૂત્રો અનુસાર, દેશ પાસે હાલમાં પેટ્રોલિયમ અને LPGનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. MRPL જેવી રિફાઈનરીઓ બંધ થવાના સમાચાર માત્ર અફવા છે.

નોલેજ બોક્સ:

1. એસેન્શિયલ કોમોડિટી એક્ટ 1955 શું છે

# 'મોટોરોલા એજ 70 ફ્યુઝન' લોન્ચ : 7000mAhની બેટરી, મિલિટરી ગ્રેડ બોડીથી સજ્જ સ્માર્ટફોનની કિંમત ₹26,999થી શરૂ

**નવી દિલ્હી, તા.02**

ટેક કંપની મોટોરોલાએ આજે 6 માર્ચે ભારતીય બજારમાં તેની 'એજ 70' સિરીઝનો નવો સ્માર્ટફોન 'મોટોરોલા એજ 70 ફ્યુઝન' લોન્ચ કર્યો છે. આ ફોન લાંબી બેટરી લાઈફ સાથે પ્રીમિયમ ડિસ્પ્લે અને દમદાર પર્ફોર્મન્સ ઈચ્છતા યુઝર્સ માટે રજૂ કરવામાં આવ્યો છે. ફોનમાં 50MP સોની કેમેરા અને 7000mAh બેટરી આપવામાં આવી છે. આ ઉપરાંત, તેમાં મિલિટરી ગ્રેડ બોડી સાથે IP69 પ્રોટેક્શન પણ મળશે. ફોન ત્રણ વેરિઅન્ટમાં આવ્યો છે. તેની શરૂઆતની કિંમત 26,999 રૂપિયા છે. શરૂઆતની સેલમાં ફોન પર 2 હજાર રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળશે.




**ડિઝાઈન: મિલિટરી ગ્રેડ બોડી અને ક્વાડ-કર્વ્ડ સ્ક્રીન**

બિલ્ડ ક્વોલિટી: ફોનને MIL-STD 810H મિલિટરી ગ્રેડ સર્ટિફિકેશન મળ્યું છે, જે તેને પડવા પર બચાવે છે. તેને IP68 અને IP69 રેટિંગ મળ્યું છે, એટલે કે તે પાણીમાં પણ સુરક્ષિત રહી શકે છે.

ફ્રન્ટ ડિઝાઈન: ફોનના ફ્રન્ટમાં ક્વાડ-કર્વ્ડ સ્ક્રીન છે, જેમાં બેઝલ્સ નહિવત્ છે. સેલ્ફી કેમેરા માટે ટોપ સેન્ટરમાં નાનો પંચ-હોલ આપવામાં આવ્યો છે. કર્વ્ડ કિનારીઓને કારણે ફોન હાથમાં પકડતી વખતે ખૂબ જ પ્રીમિયમ અને સ્લિમ લાગે છે.

કલર: ફોન પેન્ટોન બ્લુ સર્ફ, પેન્ટોન સિલવેટ અને પેન્ટોન કન્ટ્રી એર કલર ઓપ્શન સાથે ઉપલબ્ધ છે.

**સ્પેશિફિકેશન: પાવરફુલ પ્રોસેસર અને AIનો સપોર્ટ**

ડિસ્પ્લે: તેમાં 6.8-ઈંચની 1.5K એક્સ્ટ્રીમ AMOLED સ્ક્રીન છે. તે 144Hz રિફ્રેશ રેટ અને 5200 nitsની પીક બ્રાઈટનેસને સપોર્ટ કરે છે. ડિસ્પ્લેની સુરક્ષા માટે કોર્નિંગ ગોરિલ્લા ગ્લાસ 7i લગાવવામાં આવ્યો છે. તેમાં 'સ્માર્ટ વોટર ટચ' ફીચર પણ છે, જેનાથી હાથ ભીના હોય ત્યારે પણ ટચ કામ કરે છે.

'મોટોરોલા એજ 70 ફ્યુઝન'માં 6.8-ઈંચની 1.5K એક્સ્ટ્રીમ AMOLED સ્ક્રીન આપવામાં આવી છે.

પર્ફોર્મન્સ: ફોનમાં પર્ફોર્મન્સ માટે ક્વોલકોમનો સ્નેપડ્રેગન 7s જનરલ 4 પ્રોસેસર આપવામાં આવ્યું છે. કંપનીનો દાવો છે કે, તેનો AnTuTu સ્કોર 11.49 લાખથી વધુ છે. આ ફોન 'મોટો AI 2.0' સાથે આવે છે, જે સ્માર્ટ ફીચર્સને સરળ બનાવે છે.

'મોટોરોલા એજ 70 ફ્યુઝન'માં ક્વોલકોમનો સ્નેપડ્રેગન 7s જનરલ 4 પ્રોસેસર આપવામાં આવ્યું છે.

કેમેરા: ફોટોગ્રાફી માટે ફોનના રિયર પેનલ પર ટ્રિપલ કેમેરા સેટઅપ છે. તેમાં મુખ્ય કેમેરા 50MP સોની LYT710 સેન્સર છે, જે ઓપ્ટિકલ ઈમેજ સ્ટેબિલાઈઝેશન (OIS) સાથે આવે છે. સાથે 13MPનો અલ્ટ્રા-વાઈડ એંગલ લેન્સ અને લાઈટ સેન્સર આપવામાં આવ્યું છે. સેલ્ફી અને વીડિયો કોલિંગ માટે ફ્રન્ટમાં 32MPનો કેમેરા છે.

સ્માર્ટફોનમાં OIS સાથે 50MP સોની LYT710 સેન્સરવાળો મુખ્ય કેમેરા આપવામાં આવ્યો છે.

બેટરી અને ચાર્જિંગ: ફોનમાં 7000mAhની બેટરી આપવામાં આવી છે. તેને ચાર્જ કરવા માટે બોક્સમાં 68Wનું ટર્બોપાવર ફાસ્ટ ચાર્જર મળશે.

# મેડિકલ ઇમરજન્સીમાં AIની સલાહ જીવલેણ સાબિત થશે!:ગંભીર બીમારીના કેસમાં ChatGPTએ 52% ખોટી સલાહ આપી, જાણો નેચર મેડિસિનનો ચોંકાવનારો રિપોર્ટ

**નવી દિલ્હી, તા.07**

AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નો મેડિકલ ક્ષેત્રમાં દખલ વધી રહ્યો છે, પરંતુ તાજેતરના અહેવાલે તેના પર પ્રશ્નો ઊભા કર્યા છે. 'નેચર મેડિસિન' (મેડિકલ જર્નલ)માં છપાયેલા એક અભ્યાસ મુજબ, OpenAIનું નવું ફીચર ChatGPT હેલ્થ મેડિકલ ઈમરજન્સી ઓળખવામાં ગંભીર ભૂલ કરી રહ્યું છે. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નો મેડિકલ ક્ષેત્રમાં દખલ વધી રહ્યો છે, પરંતુ તાજેતરના અહેવાલે તેના પર પ્રશ્નો ઊભા કર્યા છે. 'નેચર મેડિસિન' (મેડિકલ જર્નલ)માં છપાયેલા એક અભ્યાસ મુજબ, OpenAIનું નવું ફીચર ChatGPT હેલ્થ મેડિકલ ઈમરજન્સી ઓળખવામાં ગંભીર ભૂલ કરી રહ્યું છે.



સંશોધન મુજબ, જે કિસ્સાઓમાં તાત્કાલિક હૉસ્પિટલ જવું જીવન બચાવવા માટે અનિવાર્ય હતું, તેમાંથી 51.6% વખત AI એ દર્દીને ઘરે રહેવાની અથવા સામાન્ય એપોઈન્ટમેન્ટ લેવાની સલાહ આપી. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આ બેદરકારી કોઈના મૃત્યુનું કારણ બની શકે છે.સંશોધન મુજબ, જે કિસ્સાઓમાં તાત્કાલિક હૉસ્પિટલ જવું જીવન બચાવવા માટે અનિવાર્ય હતું, તેમાંથી 51.6% વખત AI એ દર્દીને ઘરે રહેવાની અથવા સામાન્ય એપોઈન્ટમેન્ટ લેવાની સલાહ આપી. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આ બેદરકારી કોઈના મૃત્યુનું કારણ બની શકે છે.

**તે બધું, જે તમારા માટે જાણવું જરૂરી છે**

મિત્રની સલાહ પર બદલાય છે નિર્ણય - દર્દી કહી દે કે તેના મિત્રએ આ બીમારીને સામાન્ય ગણાવી છે, તો AI દ્વારા લક્ષણોને ઓછા ગંભીર ગણાવવાની સંભાવના 12 ગણી વધી જાય છે.

શ્વાસ રૂંધાવા પર પણ 'રાહ જોવાની' સલાહ - શ્વાસની ગંભીર સમસ્યાવાળી મહિલાને 84% વખત પછીથી એપોઈન્ટમેન્ટ લેવાનું કહેવામાં આવ્યું, જ્યારે દર્દીના હૉસ્પિટલ પહોંચતા પહેલા જ જીવ ગુમાવવાનો ડર હતો.

સુરક્ષિત લોકોને ડરાવ્યા - તેનાથી વિપરીત, 64.8% એવા લોકો જેઓ સંપૂર્ણપણે સુરક્ષિત હતા, તેમને AI દ્વારા તરત જ ઈમરજન્સીમાં જવાની ખોટી સલાહ આપીને આરોગ્ય પ્રણાલી પર બોજ વધારવાનું કામ કર્યું.

આત્મહત્યા - આત્મહત્યાના કિસ્સાઓમાં AIનું વર્તન સૌથી વધુ ડરાવનારું છે. જ્યારે એક દર્દીએ પ્રશ્ન સાથે સામાન્ય લેબ રિપોર્ટ જોડી દીધો, ત્યારે AIના તમામ સુરક્ષા ગાર્ડરેલ ગાયબ થઈ ગયા.

ઓપનએઆઈનો પક્ષ - કંપનીનું કહેવું છે કે, લોકો વાસ્તવિક જીવનમાં AIનો ઉપયોગ અલગ રીતે કરે છે અને મોડેલને સતત રિફાઈન કરવામાં આવી રહ્યું છે.

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે US શેરબજાર 453 પોઈન્ટ ઘટ્યું:ડાઉ જોન્સ 47,501 પર બંધ

**નવી દિલ્હી, તા.07**

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધ વચ્ચે અમેરિકી શેરબજાર ડાઉ જોન્સ આજે 453 પોઈન્ટ (0.95%) ઘટીને 47,501 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 361 પોઈન્ટ (1.59%) ના ઘટાડા સાથે 22,387 પર બંધ થયો. જ્યારે S&P 500 ઈન્ડેક્સ 90 પોઈન્ટ (1.33%) ઘટીને 6,740 પર આવી ગયો છે.



1. ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી: ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ 7.15% વધીને 91.52 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે. આ એપ્રિલ 2024 પછીનું તેનું હાઈ સ્તર છે. તેલ મોંઘું થવાથી મોંઘવારી વધવાનો ડર છે, જેના કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટ બગડી ગયા છે.

2. અમેરિકામાં રોજગાર વધવાને બદલે ઘટ્યો: બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ (BLS) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા ડેટા અનુસાર, ગયા મહિને નોન-ફાર્મ પેરોલમાં 92,000નો ઘટાડો થયો. ફેબ્રુઆરીમાં બેરોજગારી દર વધીને 4.4% થયો. આનો સીધો અર્થ એ છે કે લેબર માર્કેટ નબળું પડી રહ્યું છે અને કંપનીઓ છટણી કરી રહી છે.

3. સ્ટેગફ્લેશનનો ડર: બજારમાં સૌથી મોટો ડર 'સ્ટેગફ્લેશન'ને લઈને છે. આ એવી સ્થિતિ છે જ્યારે આર્થિક વિકાસ અટકી જાય, પરંતુ મોંઘવારી વધતી રહે. નબળા જોબ ડેટા અને વધતી તેલ કિંમતોએ આ ડરને સાચો સાબિત કર્યો છે.

4. વ્યાજ દરોમાં ઘટાડાની અપેક્ષાઓ સમાપ્ત: પહેલાં એવી અપેક્ષા હતી કે ફેડરલ રિઝર્વ આ વર્ષે ઓછામાં ઓછા બે વાર વ્યાજ દરોમાં ઘટાડો કરશે, પરંતુ હવે મોંઘવારી વધવાના જોખમને જોતાં ટ્રેડર્સને લાગી રહ્યું છે કે કદાચ આ વર્ષે માત્ર એક જ વાર ઘટાડો થઈ શકશે. ઊંચા વ્યાજ દરો હંમેશા શેરબજાર માટે નકારાત્મક હોય છે.

5. રિટેલ સેક્ટરની નબળી કમાણી: બજારમાં ઘટાડાનું એક કારણ કન્ઝ્યુમર સ્પેન્ડિંગમાં ઘટાડો પણ રહ્યો. હાલના અહેવાલ મુજબ, અમેરિકી રિટેલ કંપનીઓની આવક અપેક્ષા કરતાં ઘણી ઓછી રહી છે. આ સંકેત છે કે સામાન્ય અમેરિકન હવે ખર્ચ કરવામાં સાવચેતી રાખી રહ્યો છે.

**એશિયન બજારો આજે તેજી સાથે બંધ થયા**

સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 0.017% વધીને 5,585 પર બંધ થયો.

જાપાનનો નિકેઈ 343 પોઈન્ટ અથવા 0.62% વધીને 55,621 પર બંધ થયો.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 436 પોઈન્ટ અથવા 1.72% વધીને 25,757 પર બંધ થયો.

ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 15.63 પોઈન્ટ અથવા 0.38% વધીને 4,124 પર પહોંચ્યો.

**ભારતીય શેરબજાર ગઈકાલે 1097 પોઈન્ટ ઘટીને બંધ થયું**

6 માર્ચે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 1097 પોઈન્ટ (1.37%) ઘટીને 78,919 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 315 પોઈન્ટ (1.27%) નો ઘટાડો જોવા મળ્યો. તે 24,450 પર પહોંચ્યો. આજના કારોબારમાં બેંક, રિયલ્ટી અને ઓટો શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. ભૌગોલિક રાજકીય તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિમાં મોંઘવારી વધવાનો ખતરો રહે છે. આનાથી કંપનીઓનો નફો ઘટી શકે છે. આવી સ્થિતિમાં રોકાણકારો તેમના શેર વેચવાનું શરૂ કરી દે છે અને તેને સોના-ચાંદી જેવી સુરક્ષિત જગ્યાએ રોકાણ કરે છે. આનાથી બજારમાં ઘટાડો આવે છે.

**અમેરિકી બજારમાં ગઈકાલે પણ ઘટાડો જોવા મળ્યો હતો**

ડાઉ જોન્સ 785 અંક (1.61%) ઘટીને 47,955 ના સ્તરે બંધ થયો હતો.

ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.26% ઘટીને 22,749 પર બંધ થયો હતો.

S&P 500 ઈન્ડેક્સ 39 અંક (0.56%) ઘટીને 6,831 પર બંધ થયો હતો.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ જો વધશે તો ભારતમાં રાંધણ ગેસની અછત વધી શકે છે. આ સ્થિતિને જોતા સરકારે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરીને દેશની તમામ ઓઈલ રિફાઈનરી કંપનીઓને એલપીજી ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો છે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, મિડલ ઈસ્ટમાં વધતા તણાવથી ગેસનો પુરવઠાને અસર થઈ શકે છે. આ જ ખતરાને જોતા સરકારે આ આદેશ જાહેર કર્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે હવે રિફાઈનરીઓ પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ ફક્ત રસોઈ ગેસ બનાવવા માટે કરશે.

# 50 હજારનું ડિજિટલ ફ્રોડ થાય તો એક કોલથી રિફંડ : તરત ફરિયાદથી 85% રકમ પાછી મળશે; RBI બનાવી રહી છે નવી ગાઈડલાઈન, 6 એપ્રિલ સુધી સૂચનો મોકલી શકાશે

**મુંબઈ, તા.07**

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં થતી છેતરપિંડીથી ગ્રાહકોને બચાવવા માટે નવું ડ્રાફ્ટ ફ્રેમવર્ક 'કસ્ટમર લાયબિલિટી ઈન ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ' બહાર પાડ્યું છે. આ અંતર્ગત જો કોઈ ગ્રાહક સાથે ડિજિટલ છેતરપિંડી થાય છે અને તે તરત જ તેની જાણ કરે છે, તો તેને 25,000 રૂપિયા સુધીનું વળતર મળી શકે છે. નવા નિયમોનો ઉદ્દેશ્ય બેંક ફરિયાદોના નિરાકરણમાં લાગતા સમયને ઘટાડવાનો અને નાની રકમની છેતરપિંડી માટે એક સારી રિફંડ સિસ્ટમ તૈયાર કરવાનો છે. RBI એ આ ડ્રાફ્ટ પર જનતા અને હિતધારકો પાસેથી 6 એપ્રિલ, 2026 સુધી સૂચનો માંગ્યા છે. આ પછી સરકાર તેને લાગુ કરશે.




**ફ્રોડની રકમના 85% સુધી પાછા મળી શકશે**

પ્રસ્તાવિત નિયમો અનુસાર, જો 50,000 રૂપિયા સુધીની ડિજિટલ છેતરપિંડી થાય છે અને ગ્રાહક સમયસર તેની જાણ કરે છે, તો તેને નુકસાનના 85% અથવા 25,000 (જે ઓછું હોય તે) પાછા મળી શકે છે. RBI માને છે કે તેનાથી ગ્રાહકોનો વિશ્વાસ વધશે જ નહીં, પરંતુ ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ પણ વધુ સુરક્ષિત બનશે. આ વળતર મિકેનિઝમ લાગુ થયાની તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે, ત્યારબાદ તેના અનુભવોના આધારે તેની સમીક્ષા કરવામાં આવશે.

**ઉદાહરણ દ્વારા સમજો ફ્રોડ થવા પર કેટલા પૈસા પાછા મળશે**

પ્રથમ સ્થિતિ : જો 10,000 નું ફ્રોડ થયું હોય, તો 85% ના હિસાબે 8,500 પાછા મળશે.

બીજી સ્થિતિ : જો 40,000 નું ફ્રોડ થયું હોય, તો 85% ના હિસાબે 34,000 થાય છે, પરંતુ લિમિટ 25,000 છે, તેથી 25,000 જ મળશે.

**2017ના નિયમોમાં ફેરફારની જરૂર શા માટે પડી?**

RBIએ જણાવ્યું કે હાલના નિયમો વર્ષ 2017માં જાહેર કરવામાં આવ્યા હતા. છેલ્લા 7-8 વર્ષમાં ડિજિટલ બેન્કિંગ અને પેમેન્ટની રીત સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હવે અનધિકૃત ટ્રાન્ઝેક્શન ઉપરાંત પણ અનેક પ્રકારના નવા ઈલેક્ટ્રોનિક ફ્રોડ સામે આવી રહ્યા છે. તેને ધ્યાનમાં રાખીને જૂના નિયમોનો વ્યાપ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેથી દરેક પ્રકારની ડિજિટલ છેતરપિંડીને તેમાં આવરી શકાય.

**ફરિયાદના કેસોનો ઝડપથી નિકાલ થશે, બેંકો પર જવાબદારી વધશે**

નવા ડ્રાફ્ટનો એક મુખ્ય ઉદ્દેશ્ય બેંકો દ્વારા ફરિયાદોની પ્રક્રિયા કરવામાં લાગતા સમયને ઘટાડવાનો છે. ઘણીવાર જોવા મળે છે કે છેતરપિંડી થયા પછી ગ્રાહકોને રિફંડ માટે મહિનાઓ સુધી રાહ જોવી પડે છે. RBI ઈચ્છે છે કે બેંકો અને નાણાકીય સંસ્થાઓ આ પ્રક્રિયાને ઝડપી બનાવે. ભવિષ્યમાં RBI વળતરની ચુકવણીમાં પોતાનો હિસ્સો ઘટાડવા અને બેંકોનો હિસ્સો વધારવા પર પણ વિચાર કરશે.

**6 એપ્રિલ સુધી સામાન્ય લોકો સૂચનો આપી શકે છે**

RBI એ આ ડ્રાફ્ટને પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યો છે. રેગ્યુલેટેડ એન્ટિટીઝ (બેંકો/NBFCs) અને સામાન્ય જનતા આ અંગે પોતાનો પ્રતિભાવ ઈમેલ દ્વારા મોકલી શકે છે. પ્રતિભાવ મળ્યા પછી નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

# હું સમસ્યાઓમાં ઘેરાઈ ગયો છું, શું કરું? ': દુઃખી શિષ્યને મુશ્કેલીઓમાંથી બહાર આવવા સંતે આપી અમૂલખ શીખામણ



**નવી દિલ્હી, તા.07**

એક લોકકથા છે. જૂના સમયમાં કોઈ ગામમાં એક વ્યક્તિ હંમેશા મુશ્કેલીઓમાં ઘેરાયેલો રહેતો હતો, એક દિવસ તે ખૂબ નિરાશ થઈ ગયો. નિરાશા દૂર કરવા માટે તે પોતાના ગુરુ પાસે પહોંચ્યો અને કહ્યું કે, 'ગુરુજી, મારા દુઃખ ખૂબ વધી ગયા છે. કૃપા કરીને મને કોઈ ઉપાય જણાવો, જેથી હું ખુશ રહી શકું.' ગુરુ ખૂબ જ જ્ઞાની વ્યક્તિ હતા. તેમણે પોતાના શિષ્યને સમજાવ્યું કે, 'હું તને ઉપાય તો જણાવીશ, પરંતુ પહેલા તારે એ સમજવું પડશે કે સાચું સુખ કોને કહેવાય છે. જા, ગામમાં જે સૌથી સુખી વ્યક્તિ છે, તેના ઘરેથી મુઠ્ઠીભર અનાજ લઈને આવ.'

શિષ્યે ગુરુની આજ્ઞા માની અને ગામમાં સૌથી સુખી વ્યક્તિની શોધમાં નીકળી પડ્યો. પહેલા તેને એક માણસ મળ્યો, જે પોતાના ઘરની બહાર શાંત બેઠો હતો. શિષ્યે વિચાર્યું કે કદાચ આ જ સૌથી સુખી છે. તેણે નમ્રતાથી કહ્યું કે, 'તમે મને મુઠ્ઠીભર અનાજ આપો, કારણ કે તમે સૌથી સુખી લાગો છો.'

તે માણસ ગુસ્સામાં બોલ્યો કે, 'આજે સવારે જ મારી પત્ની સાથે ઝઘડો થયો. રોજ નવી-નવી સમસ્યાઓ આવે છે. હું સમજી નથી શકતો કે તેને કેવી રીતે ઠીક કરું. હું ખુશ નથી.' શિષ્ય ત્યાંથી આગળ વધ્યો અને બીજા માણસ પાસે ગયો. તેણે તે જ પ્રશ્ન કર્યો. તે માણસ બોલ્યો કે, 'મારો પડોશી ખૂબ જ અમીર છે. તેની પાસે બધું જ છે, મારી પાસે કંઈ નથી. હું તો ગરીબ અને દુઃખી છું.'

શિષ્ય આખા ગામમાં ફર્યો છતાં પણ કોઈ સૌથી સુખી વ્યક્તિને શોધી શક્યો નહીં. અંતે તે ગુરુ પાસે પાછો ફર્યો અને બધી વાત કહી.

ગુરુ હસ્યા અને બોલ્યા કે જુઓ, લોકો હંમેશા બીજાઓ સાથે સરખામણી કરીને દુઃખી થાય છે. દરેક વ્યક્તિના જીવનમાં સમસ્યાઓ હોય છે. જો તું સાચા સુખને પામવા માંગે છે, તો બીજાઓ પર ધ્યાન ન આપ. પોતાની ખામીઓ અને નબળાઈઓને સુધાર. પોતાની યોગ્યતા પર ભરોસો રાખ. બીજાઓના કાર્યો સાથે સરખામણી ન કર. આ જ સુખી જીવનનું રહસ્ય છે.

શિષ્યે ગુરુની વાત સમજી અને ધીમે ધીમે પોતાના જીવનમાં તેને લાગુ કરી. તેણે જોયું કે જ્યારે તે પોતાના પર ધ્યાન આપે છે અને ધીરજ રાખે છે, તો તેની મુશ્કેલીઓ ઉકેલાવા લાગે છે અને જીવનમાં શાંતિ આવે છે.

**પ્રસંગની શીખ**

ધીરજ રાખો - મુશ્કેલ સમયમાં નિરાશાથી બચવું જોઈએ. ધ્યાન રાખો કે દરેક સમસ્યાનો ઉકેલ સમય જતાં ચોક્કસ મળે છે.

# સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બે વિદ્યાર્થિનીના મૃતદેહ મળ્યા, CCTV : સુરતમાં નાનપણની મિત્રો કોલેજ જવાનું કહી નીકળી

**સુરત, તા.07**

સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં આવેલા સણીયા કણદે રોડ પરના આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બે વિદ્યાર્થિનીના મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઉધના સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી 18 વર્ષીય રોશની શરદ શિરસાઠ અને 20 વર્ષીય જ્યોત્સના અતુલ ચૌધરી આજે(7 માર્ચ) સવારે કોલેજ જવા નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારજનો તેમની શોધખોળ કરી રહ્યા હતા, પરંતુ લાંબા સમય સુધી ફોન ન ઉપાડ્યા બાદ અંતે શંકાસ્પદ હાલતમાં તેમની લાશ મંદિર પરિસરમાંથી મળી આવી હતી. ઘટનાની જાણ થતાં જ ડીંડોલી પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને બંને યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી આ આકસ્મિક મોતના કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બંને મૃતક યુવતીઓ નાનપણની મિત્રો હતી અને કોલેજ જવાનું કહીને ઘરેથી



નીકળી હતી. જેમાં રોશની શિરસાઠે ChatGPT પર સર્ચ કર્યું હતું કે 'How to commit suicide'. બંને યુવતીઓ બાથરૂમમાં જતી હતી તે સમયના CCTV પણ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બંને યુવતીઓ બાથરૂમ તરફ જઈ રહી છે અને બાદમાં બાથરૂમમાં પ્રવેશી દરવાજો બંધ કરી દે છે. બાથરૂમમાંથી ઈન્જેક્શન અને દવાની બોટલો પણ મળી છે.

'એનેસ્થેસિયા ઈન્જેક્શન મારફતે સુસાઈડ ને પ્રેસ કટિંગનો ફોટો ગેલેરીમાંથી મળ્યો'

એસીપી નિરવ ગોહિલે જણાવ્યું હતું કે, ગેલેરીમાંથી પણ ફોટોગ્રાફ્સ મળી આવેલા છે. એમાં એક ફોટોગ્રાફ્સમાં એવું છે કે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં અગાઉ એક ફરિયાદ દાખલ થયેલી હતી અને એમાં એક શખ્સે એનેસ્થેસિયા ઈન્જેક્શન મારફતે લઈ અને સુસાઈડ કરેલું હતું. એટલે આ પણ જે પ્રેસ કટિંગ જે છે, એ પ્રેસ કટિંગનો ફોટો ગેલેરીમાંથી મળી આવેલો છે. મેં જેમ આપને જણાવ્યું એમ કે એ - એ બંને મોબાઈલમાં પ્રાથમિક વેરિફાઈ કરવા માટે પ્રાથમિક મોબાઈલ ચેક કરેલા છે અને મોબાઈલ કબજે કરેલા છે. FSLમાં મોબાઈલ તપાસ અર્થે મોકલી આપવામાં આવશે અને આ બાબતે વિગતવાર પ્રશ્નોત્તરી કરી અને જે કઈ પુરાવા મહત્ત્વના લાગતા હોય એ તપાસના કામે લેવામાં આવશે.

## T20 ફાઈલનની ટિકિટ લેવા એફડી કે ગોલ્ડ વેચવું પડશે, ચાહકો મેચની ટિકિટ ખરીદવા કોઇપણ જુગાડ કરવા તૈયાર

**ગાંધીનગર, તા.07**

T20 વર્લ્ડકપની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહી છે, ત્યારે ફાઈનલ મેચની ટિકિટ ખરીદવા ક્રિકેટરસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે ફાઈનલ મેચની ટિકિટ ખરીદવા મોદી સ્ટેડિયમ પહોંચેલા ક્રિકેટ ફેન્સ પાસે પહોંચ્યું હતું. ક્રિકેટ ફેન્સને જ્યારે પૂછ્યું ટિકિટ મળી કે નહીં ત્યારે ચાહકોએ જણાવ્યું હતું કે, આ T20 ફાઈનલની ટિકિટ ખિસ્સા ખાલી કરાવી નાખે એવા ભાવ થઈ ગયા છે. લોકોએ એફડી કે ગોલ્ડ વેચીને ટિકિટ ખરીદવી પડશે. તો કોઈએ કહ્યું અમે દૂરથી આવ્યા છીએ અમને તો ટ્રેન અને બસ ભાડું પણ માથે પડ્યું અને કલાકોથી અહીં ઉભા છીએ પણ ટિકિટ મળી નથી રહી. લોકોએ એફડી કે ગોલ્ડ વેચીને ટિકિટ ખરીદવી પડશે. તો કોઈએ કહ્યું અમે દૂરથી આવ્યા છીએ અમને તો ટ્રેન અને બસ ભાડું પણ માથે પડ્યું અને કલાકોથી અહીં ઉભા છીએ પણ ટિકિટ મળી નથી રહી.

## નીર બનાવવા ઇન્ડસ્ટ્રીયલ એસિડનો ઉપયોગ થયાનો ઘટસ્ફોટ : 1400 કિલો જથ્થો ઝેર નીકળ્યો

**સુરત, તા.07**



સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં SOG દ્વારા 3 માર્ચના રોજ પાડવામાં આવેલા દરોડામાં પનીરના નામે પીરસાઈ રહેલા ધીમા ઝેરનો પર્દાફાશ થયો હતો. હાલ SOGની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ ફેક્ટરીમાં પનીર બનાવવા જે એસિટિક એસિડનો ઉપયોગ થતો હતો, તે ખાદ્ય પદાર્થો માટેનું (Food Grade) નહીં, પરંતુ કારખાનાઓમાં વપરાતું 'ઇન્ડસ્ટ્રીયલ ગ્રેડ' એસિડ હતું. આ પનીર સુરતની અનેક ડેરીઓમાં સપ્લાય થતું હતું. આ ઉપરાંત SOGની તપાસમાં એ પણ ખુલ્યું છે કે, મુંબઈના એડ્રેસ પર FSSAI લાયસન્સ લઈ સુરતમાં ફેક્ટરી ચલાવવામાં આવતી હતી. SOGએ 1400 કિલો પનીરનો જથ્થો તો જપ્ત કર્યું પણ આ ઝેર અનેક લોકો આરોગી ગયા હશે તેના સ્વાસ્થ્યને લઈ ચિંતા ઉભી થઈ છે.

3 માર્ચે સાંજે 6થી 9 વાગ્યાની વચ્ચે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ એન્ડ સેફ્ટી વિભાગને સાથે રાખી SOGએ રેડ કરી હતી.

ઇન્ડસ્ટ્રીયલ એસિટિક એસિડથી પાચનતંત્ર -કિડનીને ગંભીર નુકસાન

સામાન્ય રીતે પનીર બનાવતી વખતે દૂધ ફાડવા માટે લિમિટેડ માત્રામાં ફૂડ ગ્રેડ એસિટિક એસિડ અથવા સાઈટ્રિક એસિડનો ઉપયોગ થાય છે. પરંતુ પકડાયેલા આરોપી મહેશ શર્માના કારખાનામાં SOG એ તપાસ કરતા જાણવા મળ્યું કે, તે ઇન્ડસ્ટ્રીયલ ઉપયોગમાં લેવાતું એસિટિક એસિડ વાપરતો હતો. આ એસિડ માનવ શરીર માટે અત્યંત જોખમી છે અને તેનાથી પાચનતંત્ર તેમજ કિડનીને ગંભીર નુકસાન થઈ શકે છે. જે રીતે ફૂડ કલરના બદલે ડાઈંગના કલર વાપરવા ગુનો છે, તે જ રીતે આ એસિડનો ઉપયોગ લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં સમાન છે.

લાયસન્સ મહારાષ્ટ્રનું અને કાળો કારોબાર સુરતમાં

તપાસમાં સૌથી મોટો વળાંક લાયસન્સ મામલે આવ્યો છે. આરોપી મહેશ શર્મા પાસે FSSAIનું લાયસન્સ તો હતું, પરંતુ તે સુરતનું નહીં પણ મહારાષ્ટ્રના વસઈના એડ્રેસ પર નોંધાયેલું હતું. આરોપી આ મહારાષ્ટ્રના લાયસન્સના આધારે સુરતમાં ગેરકાયદેસર ફેક્ટરી ધમધમાવતો હતો. જ્યારે પણ કોઈ SOG ટીમ તપાસ માટે પહોંચતી, ત્યારે તે વસઈનું લાયસન્સ બતાવીને પોતે કાયદેસર હોવાનો ઢોંગ કરતો હતો. વાસ્તવમાં, જે જગ્યાએ ઉત્પાદન થતું હોય ત્યાંનું જ લાયસન્સ હોવું અનિવાર્ય છે.

## સુરેન્દ્રનગરના પાટડીમાં 3 મહિલા દીવાલ નીચે દટાઈ : એકનું ઘટનાસ્થળે જ મોત, બેનો આબાદ બચાવ

**સુરેન્દ્રનગર, તા.07**

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા-પાટડી પંથકમાં આજે (7 માર્ચ) એક હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. પાટડી તાલુકાના કચોલીયા ગામે ગામના સ્નાનઘાટની દીવાલ અચાનક ધરાશાયી થતાં 35 વર્ષીય મહિલાનું કાટમાળ નીચે દબાઈ જવાથી ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

મોત બનીને તૂટી પડી દીવાલ

પ્રાપ્ત વિગતો અનુસાર, કચોલીયા ગામે આવેલા જાહેર સ્નાનઘાટ પર આજે સવારના સમયે ગામની ત્રણ મહિલા કપડાં ધોઈ રહી હતી. રોજિંદા ક્રમ મુજબ મહિલાઓ પોતાના કામમાં વ્યસ્ત હતી, ત્યારે અચાનક જ સ્નાનઘાટની બે મસમોટી દીવાલ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર ઘાટના જૂના બાંધકામ પર નવી દિવાલ ખડકી દેવામાં આવી હતી આ ભયાનક દુર્ઘટનામાં વર્ષાબેન રમેશભાઈ રાઠોડ (ઉંમર વર્ષ અંદાજે 35, અનુસુચિત જાતિ) નામની મહિલા દીવાલના કાટમાળ નીચે પૂરેપૂરી દબાઈ ગઇ હતી. તેમની સાથે રહેલી અન્ય બે મહિલાનો આબાદ બચાવ થયો હતો, પરંતુ વર્ષાબેનને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. દીવાલ પડવાનો જોરદાર અવાજ આવતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. સ્થાનિકોએ તાત્કાલિક કાટમાળ હટાવી મહિલાને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ કમનસીબે મહિલાને બચાવી શકાઈ નહોતી. આ ગોઝારી ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા આખું ગામ સ્નાનઘાટ પાસે એકઠું થઈ ગયું હતું.

## રાજ્યની 6 મહાનગરપાલિકામાં વહીવટદારોનું શાસન

**ગાંધીનગર, તા.07**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના જનપ્રતિનિધિઓનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકાર દ્વારા નવી અધિસૂચના બહાર પાડી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકામાં હાલ માટે વહીવટી તંત્ર દ્વારા સંચાલન કરવા IAS અધિકારીઓને વહિવટદારો તરીકે નિમણૂક કરવામાં આવી છે. સરકારના આદેશ મુજબ અમદાવાદ શહેરમાં હવે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશ કુમારને વહિવટ સોંપવામાં આવ્યો છે. વડોદરામાં GUVNLના મેનેજિંગ ડિરેક્ટર શાલિની અગ્રવાલને જવાબદારી સોંપવામાં આવી છે.

## અમદાવાદમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ, ઠંડી અનુભવાઈ : રાજ્યમાં 4 દિવસ હિટવેવની શક્યતા

**ગાંધીનગર, તા.07**

રાજ્યમાં હાલ ઉનાળાની આકરી ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. અમદાવાદમાં ભારે ગરમીના અનુભવ સાથે મહત્તમ તાપમાન 37 ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યું છે, પરંતુ આજે વહેલી સવારે અમદાવાદીઓને કંઈક અલગ જ વાતાવરણનો અનુભવ થયો હતો. સામાન્ય રીતે માર્ચ મહિનામાં ગરમીનો પારો ઊંચકાતો હોય છે, પરંતુ આજે સવારે શહેરના વિવિધ વિસ્તારોમાં ગાઢ ઝાકળની ચાદર છવાયેલી જોવા મળી હતી. ઉનાળાના આગમન સાથે જ આ પ્રકારનું વાતાવરણ વહેલી સવારે નીકળેલા વાહનચાલકોને ઝાકળને કારણે વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સવારના સમયે શહેરના વાતાવરણમાં ગુલાબી ઠંડકનો અહેસાસ થતાં લોકોએ ગરમીમાંથી કામચલાઉ રાહત અનુભવી હતી.

દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાશે

6 માર્ચના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં હવામાન વિભાગ (IMD)એ આગામી 2-3 દિવસમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી કરી છે, જ્યાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધશે. ખાસ કરીને ભાવનગર જેવા વિસ્તારોમાં હિટવેવની વધુ અસર જોવા મળી શકે છે. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાઈ શકે છે.

બપોરના સમયે આકરી ગરમી અનુભવાશે

આગામી 2-3 દિવસમાં રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 37થી 40 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાઈ શકે છે, જે ઉનાળાની શરૂઆતનો સંકેત છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં 5 દિવસ સુધી હિટવેવની આગાહી છે. પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશાના ગરમ પવનોને કારણે ગરમીનો પ્રભાવ વધશે. બપોરના સમયે ઘરની બહાર ન નીકળવું, પાણી પીવું અને વૃદ્ધો-બાળકોનું ખાસ ધ્યાન રાખવા સલાહ આપવામાં આવી છે.

અમદાવાદમાં ગરમીનો પારો 40 ડિગ્રી આસપાસ રહી શકે

આવતીકાલે એટલે કે, 8 માર્ચના રોજ ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ભાવનગર, ગીર સોમનાથ, દીવ, દમણ અને પોરબંદરમાં હીટવેવની અસર વધુ જોવા મળી શકે છે. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાઈ શકે છે. આવતીકાલે 8 માર્ચે જ્યારે અમદાવાદમાં T-20 વર્લ્ડકપની ફાઈનલ રમાવાની છે, ત્યારે શહેરમાં તાપમાનનો પારો 40 ડિગ્રી આસપાસ રહેલાની શક્યતા છે.

લૂ કે હીટવેવ શું છે?

જવાબ- IMD (ભારત હવામાન વિભાગ) અનુસાર, જ્યારે મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ અને પહાડી વિસ્તારોમાં તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે, ત્યારે ગરમ હવા ફૂંકાવા લાગે છે.


सत्यमेव जयते
ગુજરાત સરકાર

સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ



મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૭૬૯૦ કરોડની જોગવાઇ

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ₹૨૮૪૮ કરોડની જોગવાઇ

આંગણવાડી કાર્યકર/તેડાગર, મીની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ્ વેતન માટે ₹૧૧૨૮ કરોડની જોગવાઇ

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તેમજ બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા ₹૯૭૨ કરોડની જોગવાઇ

દૂધ સંજીવની યોજના હેઠળ ફોર્ટિફાઇડ દૂધ આપવા ₹૨૦૫ કરોડની જોગવાઇ

વહાલી દીકરી યોજના અંતર્ગત ₹૨૪૫ કરોડની જોગવાઇ

બે હજાર આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ₹૩૬૦ કરોડની જોગવાઇ




દીકરીના જન્મથી લઈને માતાના પોષણ, સન્માન અને સુરક્ષા સુધી, રાજ્ય સરકાર હંમેશાં હરકદમ માતૃશક્તિની પડખે છે. મહિલા અને બાળ વિકાસ માટે ફાળવાયેલ ₹૭૬૯૦ કરોડનું આ બજેટ 'સશક્ત અને સ્વસ્થ મહિલા, સમૃદ્ધ સમાજ'ના આપણા સંકલ્પને ચરિતાર્થ કરશે.

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત